પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૦૨-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૫૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

## ગુજરાતનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કરતા નાણામંત્રી કનુભાઈ દેસાઈ

# ઓલિમ્પીક રેડી સીટી માટે રૂ. ૧૨૭૮ કરોડની ફાળવણી

## વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ' તરીકે ઉજવાશે

- નવી પાંચ જીઆઈડીસીઓ સાકાર કરાશે, કલોલ સાણંદ, સાવલી, બારડોલી, હિરાસરને સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવાશે, ૨૦૦૦ નવી આંગણવાડીઓ બનાવવામાં આવશે.
- ૭૫ લાખથી વધુ કુટુંબોને વિના મુલ્ય રાશન, ગુજરાતની માથાદીઠ આવક ત્રણ લાખ મા યોજનામાં ૨ કરોડ ૭૨ લાખથી વધુ લોકોનો સમાવેશ કર્યો



નવી દિલ્હી, તા. ૧૮

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા સત્રના ત્રીજા દિવસે ૧૮ ફેબ્રુઆરી નાણામંત્રી કનુ દેસાઈ વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું બજેટ રજૂ કરી રહ્યા છે.બજેટ રજૂ કરતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે કોમનવેલ્થને લઈ અમદાવાદને 'ઓલિમ્પિક રેડી સિટી' બનાવવા ૧૨૭૮ કરોડની ફાળવણી કરાઈ છે. ગાંધીનગરમાં ૧૦૦ કરોડની દેશની સૌથી મોટી નમો સેન્ટ્રલ લાઈબ્રેરી બનશે, કડાણા ડેમમાં ફ્લોટિંગ સોલર લગાવાશેસમાજના પછાત અને નબળા વર્ગના તેમજ આદિજાતિ લોકોના વિકાસ માટે સરકાર હંમેશા સંવેદનશીલ છે. વિવિધ નિગમો દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં ૧ લાખ ૩૫ હજારથી વધુ લાભાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન તેમજ આર્થિક સહાય આપવામાં આવી છે. નિગમોની આ કામગીરીને વેગ આપવા માટે કુલ ?૮૯૯ કરોડની જોગવાઈ કરું છું.એક કલ્યાણકારી રાજ્ય તરીકે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પાકું ઘર આપી 'ઘર સૌના માટે'નો સંકલ્પ સાચા અર્થમાં સાકાર કરવામાં આવી રહ્યો છે. જે હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ અને શહેરી), ડૉ.આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓ હેઠળ આ વર્ષે આશરે ૩ લાખ ૧૫ હજારથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે. જેના માટે ૪૨૭૨ કરોડની જોગવાઇ સૂચવું છું.વિધાનસભા ગૃહમાં પશ્નોત્તરી કાળની શરૂઆતથી જ ગરમાગરમી જોવા મળી હતી. અધ્યક્ષે પ્રશ્નોત્તરી પેહલાં જ જીગ્નેશ મેવાણીને ચેતવ્યા છે કે કોઈ પણ જાતનું પોસ્ટર લઈને ઊભા થતા નહી. બજેટના વિરોધમાં મેવાણી બ્લેક કલરનો શર્ટ પહેરીને આવ્યા છે.પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નીતિઓ જાહેર કરી છે. જેમાં ગુજરાત સ્પેસટેક પોલિસી, ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કોમ્પોનન્?ટ મેન્યુફેક્ચરીગ પોલિસી, એકશન પ્લાન ફોર ઈમ્પલીમેન્ટેશન ઓફ છૈં, ઇન્?ટીગ્રેટેડ રીન્યુએબલ એનર્જી પોલિસી અને ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પોલિસીનો સમાવેશ થાય છે.વડાપ્રધાને ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩થી શરૂ કરાયેલ વાઈબ્રન્ટ સમિટથી રાજ્યની આર્થિક પ્રગતિને એક નવી જ ઉડાન મળી છે. જેને આગળ વધારતાં રાજ્ય સરકારે વાઈબ્રન્?ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો (VGRC) શરૂ કરેલ છે. જેનો મુખ્ય ધ્યેય રોજગારીનું સર્જન કરવું અને દરેક નાગરિકની માથાદીઠ આવક વધારવાનો છે.અમારી સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં કરેલા અસરકારક કામગીરીના ફળ સ્વરૂપે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન(PM JANMAN) હેઠળ સમગ્ર દેશમાં ગુજરાતને 'બેસ્ટ પર્ફોર્મિંગ રાજ્ય' તરીકેનો એવોર્ડ મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા વર્ષ ૨૦૨૫માં એનાયત કરવામાં આવ્યો છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.'વિકાસમાં કોઈ પાછળ ન રહે અને વિકાસથી કોઈ વંચિત ન રહે'ની ભાવના સાથે આદિવાસી સમાજના ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આ અવસરે વડાપ્રધાને જનજાતિ સમુદાયના વિકાસ માટે જનજાતિય કલ્યાણ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ?૨ લાખ કરોડના અઢળક વિકાસ કાર્યોના આયોજનની જાહેરાત કરી છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ' સાથે વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત વહીવટી સુધારણા પંચ

અનુસંધાન પાના ૭ પર

## બજેટમાં તમામ સેકટરનો સમાવેશ : નાણામંત્રી

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ બજેટ રજૂ કરતાં પહેલા કહ્યું કે બજેટમાં તમામ સેક્ટર નો સમાવેશ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે રોજગાર, નારી શક્તિ, ટેક્સટાઈલ, પ્રવાસન સ્થળનો પણ સમાવેશ કર્યો છે.તેમણે કહ્યું કે વિકસિત ભારતના લક્ષ્યને આગળ વધારીશું તથા નારી શક્તિ, રોજગારી, યુવાનો પર ભાર મુકાશે. તેમણે એમ પણ કહ્યું કે ટેકનોલોજી, સેમીકન્ડક્ટર પર ભાર મુકાશે. ઉલ્લેખનિય છે કે તેઓ પણ વર્ષ ૨૦૨૬ - ૨૭ માટે સરકાર બજેટ રજૂ કરશેબજેટ પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે નાણામંત્રી કનુ ભાઈ દેસાઈ ૨૬ - ૨૭ વર્ષ નું બજેટ રજૂ કરશે. જે રીતે દેશ આગળ વધી રહ્યો છે અને વિકસિત ભારત તરફ આગળ વધવાનું છે, ગુજરાત લીડ લે અને જન જનને સુખાકારી મળે તેને ધ્યાનમાં રાખીને છેવાડાના માણસનું ધ્યાન રાખી કનુ ભાઈ બજેટ રજૂ કરશે.

# દિલ્હી અકસ્માત કેસમાં સગીર છોકરાના પિતાએ માફી માંગી

### આરોપીના પિતાએ કહ્યું દીકરાએ નાદાનીમાં ગંભીર ભૂલ કરી

નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હીમાં ૩ ફેબ્રુઆરીએ થયેલા કાર અકસ્માત કેસમાં આરોપીના પિતાનું નિવેદન સામે આવ્યું છે. નાબાલિગ આરોપીના પિતાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ શહેરની બહાર હતા. તેમના દીકરાએ નાદાનીમાં કારની ચાવીઓ લઈ લીધી હશે. જો હું દિલ્હીમાં હોત તો કદાચ આ ઘટના ન બની હોત.

પિતાએ આગળ જણાવ્યું કે, આ ઘટનાથી તેઓ ખૂબ શરમ અનુભવી રહ્યા છે. તેમણે પીડિતની માતાને મેસેજ પણ મોકલ્યો છે. હવે સત્યને બદલી શકાતું નથી પરંતુ તેઓ તે માતાના દર્દને સમજે છે. હું મારી આખી જિંદગી તેમની માફી માંગવા તૈયાર છું.દિલ્હીમાં ૩ ફેબ્રુઆરીએ એક સ્કોર્પિયોની ટક્કરથી ૨૩ વર્ષના સાહિલ ધનેશરાનું મૃત્યુ થયું હતું. કાર ચલાવનાર સગીર છે.

સાહિલની માતા ઈન્ના માકને અકસ્માત પહેલાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. તેમનો દાવો છે કે આ વીડિયો કારની અંદરથી રેકોર્ડ કરવામાં આવ્યો હતો.આ વીડિયો ડ્રાઈવિંગ સીટની બાજુમાં બેઠેલી સગીર આરોપીની બહેન રીલ બનાવવાના હેતુથી રેકોર્ડ કરી રહી હતી. વીડિયોમાં દેખાયું કે સગીર આરોપી ડિવાઈડર વગરના રસ્તા પર ડાબી બાજુ ગાડી ચલાવી રહ્યો હતો. સામેથી એક બસ આવી રહી હતી.કાર બસ સાથે અથડાતા માંડ માંડ બચી જાય છે અને પછી અચાનક સાહિલની બાઈક સાથે સીધી ટક્કર થાય છે. વીડિયોમાં એ પણ દેખાયું કે સાહિલ પોતાની બાઈકથી બસને ઓવરટેક કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. સાહિલની માતાએ દાવો કર્યો છે કે વીડિયોનો તે ભાગ કાપી નાખવામાં આવ્યો છે, જેમાં અકસ્માત થતો દેખાયો હતો.

આ અકસ્માત દ્વારકાના લાલ બહાદુર શાસ્ત્રી કોલેજ પાસે ૩ ફેબ્રુઆરીની સવારે ૧૧:૫૭ વાગ્યે થયો હતો. બાઈક સાથે ટક્કર થયા બાદ સ્કોર્પિયોએ એક ટેક્સીને પણ ટક્કર મારી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને જોયું કે એક સ્કોર્પિયો, એક સ્વિફ્ટ ડિઝાયર ટેક્સી અને સાહિલની બાઈક ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. સાહિલનો મૃતદેહ રસ્તા કિનારે પડ્યો હતો.

# હોળી પૂર્વે કર્મચારીઓના ડીએમાં વધારો થવાની પ્રબળ સંભાવના

### લાખો પગારદારો અને પેન્શનરોને સરકારના નિર્ણયથી આર્થિક લાભ થશે

નવી દિલ્હી, તા. ૧૮

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકો માટે આ વર્ષની હોળી આર્થિક લાભ લઈને આવી શકે છે. એવા મજબૂત સંકેતો મળી રહ્યા છે કે સરકાર હોળી પૂર્વે જ મોંઘવારી ભથ્થા(DA)માં વધારો કરવાની જાહેરાત કરી શકે છે. જો આ નિર્ણય લેવાશે, તો લાખો લોકોના પગાર અને પેન્શનની રકમમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. સામાન્ય રીતે સરકાર માર્ચ મહિનામાં જ વર્ષના પ્રથમ છ માસિક ગાળાના ઢછની જાહેરાત કરતી હોય છે, જેના કારણે હાલ સૌની નજર કેન્દ્રના આ આગામી પગલા પર છે.

સરકારી નિયમો મુજબ, મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વખત ફેરફાર કરવામાં આવે છે. પ્રથમ વધારો જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળા માટે હોય છે, જેની જાહેરાત માર્ચમાં કરવામાં આવે છે. જ્યારે બીજો વધારો જુલાઈથી ડિસેમ્બર માટે હોય છે, જેની જાહેરાત દશેરા કે દિવાળીની આસપાસ થાય છે. ગયા વર્ષે સરકારે ઢછમાં ૩%નો વધારો કર્યો હતો, જેનાથી કુલ મોંઘવારી ભથ્થું ૫૮% પર પહોંચ્યું હતું. આ વખતે પણ કર્મચારીઓને ૨%થી ૩%ના વધારાની આશા છે, જે ઢછને ૬૦%ના આંકડા સુધી પહોંચાડી શકે છે.બીજી તરફ, ૮મા પગાર પંચની રચના માટે સરકારે મંજૂરી આપી દીધી છે અને તેની સત્તાવાર વેબસાઈટ પણ લાઈવ થઈ ગઈ છે. પંચે કર્મચારીઓ અને યુનિયનો પાસેથી સૂચનો માંગ્યા છે, જેના માટે ૧૬ માર્ચ, ૨૦૨૬ સુધીની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. જોકે, આ નવા પગાર પંચની ભલામણો સંપૂર્ણપણે લાગુ થવામાં હજુ સમય લાગી શકે છે, પરંતુ તેના અમલીકરણની પ્રક્રિયા ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી જ ગણવામાં આવશે તેવી ચર્ચા છે. ત્યાં સુધી કર્મચારીઓને ૭મા પગાર પંચ મુજબ જ લાભ મળતા રહેશે.

અનુસંધાન પાના ૭ પર

# મહિલાના કપડા ઉતારવાનો પ્રયાસ રેપના પ્રયાસ જેટલો ગંભીર : સુપ્રિમ

### સુપ્રિમ કોર્ટની વિશેષ બેન્ચે હાઈકોર્ટનો નિર્ણય રદ કર્યો

નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે યોન સંબંધિત ગુનાઓના મામલામાં એક ઐતિહાસિક અને દાખલોબંધક નિર્ણય આપ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે કોઈ મહિલાને ખોટા ઈરાદાથી પકડવું અને તેની સલવારનો નાડો ખોલવો માત્ર 'છેડછાડ' અથવા રેપની તૈયારી નહીં, પરંતુ સીધી રીતે 'રેપનો પ્રયાસ' (Attempt to Rape) ગણવાય છે. અદાલતે કહ્યું છે કે આવી હરકતોને ઓછી કડક ગુનાઓ તરીકે મંજૂર કરવી ન્યાયના ભાવના વિરૂધ્ધ છે. આથી સુપ્રીમ કોર્ટે ઈલાહાબાદ હાઈ કોર્ટના માર્ચ ૨૦૨૫ માં આપવામાં આવેલા નિર્ણયને રદ કરી દીધા છે, જેમાં હાઈ કોર્ટે તેને માત્ર મહિલાની લજ્જા ભંગ કરવાનો મામલો માન્યો હતો.



હાઈ કોર્ટના વિવાદાસ્પદ ચુકાદા બાદ આ મામલે વ્યાપક ચર્ચા ઊભી થઈ હતી. એનજીઓ 'વી દ વુમન'ની સ્થાપક અને વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તા દ્વારા લખાયેલા પત્રને આધારે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે સ્વપ્રેરિત નોંધ લીધી હતી.આ મામલે સુપ્રીમ કોર્ટની વિશેષ બેન્ચ, જેમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમલ્યા બાગચી અને જસ્ટિસ એન.વી. અંજારિયાનો સમાવેશ થતો

અનુસંધાન પાના ૭ પર

# રાજસ્થાન, એમપી, સહિત ૯ રાજ્યોમાં વરસાદનું એલર્ટ

### ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં આજથી હિમવર્ષાની આગાહી

નવી દિલ્હી, તા. ૧૮

ઉત્તર અને મધ્ય ભારતમાં આગામી ૩૬ કલાકમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થશે. જેના કારણે મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ સહિત ૯ રાજ્યોમાં વરસાદ, વાવાઝોડું અને કરા પડવાની ચેતવણી છે.

મધ્યપ્રદેશમાં ૨ સાયક્લોનિક સર્ક્યુલેશન અને એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાનમાં ફેરફાર આવ્યો છે. આ કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. રાજ્યના ૨૨ જિલ્લામાં વાવાઝોડા-વરસાદની ચેતવણી છે.ઉત્તર પ્રદેશ અને દિલ્હીના ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. રાજસ્થાનના ૫ જિલ્લામાં પણ મંગળવારે વરસાદ થયો હતો. આજે સવારથી જયપુરમાં વરસાદ-કરા પડવાનું ચાલુ છે. ૧૩ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ છે.હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં બુધવારથી હિમવર્ષા-વરસાદની ચેતવણી જાહેર કરી છે. ઉત્તરાખંડના ૫ જિલ્લા ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢમાં હિમવર્ષા શક્ય છે.આ તરફ ઉત્તર પ્રદેશ, એમપી, છત્તીસગઢ, રાજસ્થાન, પંજાબ,

અનુસંધાન પાના ૭ પર

# એઆઈ સમિટમાં ભાગ લેવા બ્રાઝીલના પ્રમુખ ભારત આવશે

### રાષ્ટ્રપતિ લુલા સાથે ૨૬૦ કંપનીઓનું પ્રતિનિધિમંડળ પણ આવશે

નવી દિલ્હી, તા. ૧૮

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વા આજે ભારતના રાજકીય પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ૧૮ થી ૨૨ ફેબ્રુઆરી સુધી ભારતમાં રહેશે. આ પ્રવાસ PM મોદીના આમંત્રણ પર થઈ રહ્યો છે.

આ વખતે રાષ્ટ્રપતિ લુલા પોતાની સાથે ૨૬૦ કંપનીઓના માલિકો અને અધિકારીઓનું પ્રતિનિધિમંડળ લઈને આવી રહ્યા છે. તેમની સાથે લગભગ ૧૪ મંત્રીઓ પણ ભારત આવી રહ્યા છે.

ભારત પહોંચ્યા પછી, રાષ્ટ્રપતિ લુલા ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીમાં યોજાઈ રહેલા બીજા AI ઈમ્પેક્ટ સમિટમાં ભાગ લેશે. તેમણે ભારત રવાના થતી વખતે કહ્યું કે તેઓ આ સમિટમાં ભાગ લેશે અને ભારત સાથે નવા સહયોગની તકો પર ચર્ચા કરશે.તેમણે એમ પણ જણાવ્યું કે ૨૦૨૫માં ભારત અને બ્રાઝિલ વચ્ચેનો વેપાર ૧૫ અબજ અમેરિકી ડોલરથી વધુ રહ્યો છે. ભારત પ્રવાસ પછી તેઓ દક્ષિણ કોરિયા પણ જશે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ સાથે મુલાકાત કરશે.

રાષ્ટ્રપતિ લુલાની ૨૧ ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી સાથે મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક થશે. આ બેઠકમાં બંને દેશો પોતાના સંબંધોની સમીક્ષા કરશે અને આગળની રણનીતિ નક્કી કરશે. પીએમ મોદી તેમના સન્માનમાં એક લંચનું આયોજન પણ કરશે.

વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ લુલાની વાતચીતમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ સહયોગ, ઊર્જા ખાસ કરીને નવીનીકરણીય ઊર્જા, કૃષિ, આરોગ્ય અને દવાઓ, મહત્વપૂર્ણ ખનિજો અને રેર અર્થ મિનરલ્સ, વિજ્ઞાન અને ટેકનોલોજી, નવીનતા, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, અવકાશ અને લોકો વચ્ચે કનેક્ટિવિટી જેવા મુદ્દાઓ સામેલ રહેશે.

અનુસંધાન પાના ૭ પર

# લેટિન અમેરિકા સમુદ્રમાં ડ્રગ્સ તસ્કરોની બોટ પર અમેરિકાના હુમલામાં ૧૧નાં મોત

### સમુદ્રમાં ડ્રગ્સની હેરફેર કરતી શંકાસ્પદ ત્રણ બોટ પર અમેરિકી સૈન્ય ત્રાટક્યું

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકન સેનાએ ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ જંગ છેડી દીધો છે. લેટિન અમેરિકન જળક્ષેત્રમાં ડ્રગ્સની હેરાફેરી કરતી ત્રણ શંકાસ્પદ નૌકાઓ પર અમેરિકી સૈન્યએ જોરદાર હુમલો કર્યો છે.

જેમાં ૧૧ લોકોના મોત નિપજ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ડ્રગ્સ કાર્ટેલ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં આ અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો માનવામાં આવી રહ્યો છે.




અમેરિકાની સેનાએ મંગળવારે લેટિન અમેરિકાના દરિયાઈ વિસ્તારોમાં ડ્રગ્સની હેરાફેરી કરતી ત્રણ નૌકાઓને નિશાન બનાવી હતી. આ હુમલામાં કુલ ૧૧ લોકો માર્યા ગયા છે.

ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર મહિનાથી અમેરિકાએ ડ્રગ્સ તસ્કરોને 'નાર્કો ટેરરિસ્ટ' ગણાવી તેમની વિરુદ્ધ હવાઈ અને દરિયાઈ હુમલાઓ શરૂ કર્યા છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં અંદાજે ૧૪૫ લોકોના મોત થયા છે.

મેરિકન સધર્ન કમાન્ડના જણાવ્યા અનુસાર, પૂર્વ પ્રશાંત મહાસાગરમાં બે નૌકાઓ અને કેરેબિયન સમુદ્રમાં એક નૌકાને તોડી પાડવામાં આવી હતી. પ્રશાંત મહાસાગરમાં જે બે નૌકાઓ પર હુમલો થયો તેમાં ૪-૪ લોકો સવાર હતા.

જ્યારે કેરેબિયન સમુદ્રમાં ત્રીજી નૌકા પર સવાર ૩ લોકોના મોત થયા હતા. સેનાએ અત્યાર સુધીમાં ડ્રગ્સની તસ્કરીના માર્ગો પર અંદાજે ૪૨ હુમલાઓ કર્યા હોવાનો દાવો કર્યો છે.

## જીએસટી દર ઘટાડાની અસરનો અંત : મોટા ભાગની ચીજ-વસ્તુના ભાવો વધ્યા

નવી દિલ્હી, તા. ૧૮

દિપાવલી પૂર્વે સરકારે જીએસટીમાં જે રાહત આપીને લોકો માટે ધુમધડાકા સાથે તહેવારો ઉજવવાની અને બજારોને નવી રોનક આપી હતી તેમાં હવે હનીમુનનો અંત આવી ગયો હોય તેવા સંકેત છે અને આંતરરાષ્ટ્રીય બજારોમાં રૂપિયો સતત ઘસાતા તથા કંપનીઓના ઉત્પાદન ખર્ચ વધતા વધુ એક વખત હવે દેશમાં ડિર્ટજન્ટથી હેર ઓઈલ તથા ચોકલેટથી લઈ નુડલ્સ સહિતમાં ભાવ વધારો શરૂ થઈ ગયો છે.

મોટા ભાગના કન્ઝયુમર કંપનીઓએ તેમના ઉત્પાદનમાં પાંચ ટકાનો જે ભાવ વધારો કર્યો છે

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશના વડાપ્રધાન તારિકને ભારત આવવા મોદીનું આમંત્રણ

### તારિક હેમાન મંત્રીમંડળમાં ૧ હિંદુ -૧ બોદ્ધ સહિત ૪૯ મંત્રીઓનો સમાવેશ

ઢાકા, તા. ૧૮

બાંગ્લાદેશમાં BNP અધ્યક્ષ તારિક રહેમાન નવા વડાપ્રધાન બન્યા છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને સંસદ ભવનમાં તારિકને વડાપ્રધાન પદના શપથ લેવડાવ્યા. તારિક રહેમાન પહેલીવાર વડાપ્રધાન બન્યા છે.આ પહેલા આજે બપોરે BNPના સાંસદોએ તેમને સંસદીય દળના નેતા તરીકે ચૂંટ્યા હતા. તેઓ પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયા અને પૂર્વ રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાનના પુત્ર છે. ૧૭ વર્ષ સુધી લંડનમાં રહ્યા પછી તેઓ બે મહિના પહેલા જ બાંગ્લાદેશ પાછા ફર્યા હતા.રહેમાન ઉપરાંત ૨૫ કેબિનેટ મંત્રી અને ૨૪ રાજ્ય મંત્રીઓને પણ પદના શપથ લેવડાવવામાં આવ્યા છે. જેમાં એક હિંદુ મંત્રી નિતાઈ રોય ચૌધરી અને એક બૌદ્ધ મંત્રી દિપેન દેવાન ચકમાનો પણ સમાવેશ થાય છે. ૨૫ કેબિનેટ મંત્રીઓમાંથી ૧૭ નવા ચહેરા છે. તમામ ૨૪ રાજ્ય મંત્રીઓ નવા છે.તેમના શપથ ગ્રહણ સમારોહમાં ભારતના લોકસભા સ્પીકર ઓમ બિરલા પણ હાજર રહ્યા હતા. જ્યારે પીએમ મોદીએ તારિક રહેમાનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું.ગયા ગુરુવારે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) એ ૨૯૯ માંથી ૨૦૯ બેઠકો જીતીને બહુમતી માટે જરૂરી ૧૫૦ના આંકડાને પાર કરી લીધો હતો. આ ઉપરાંત, ૩ બેઠકો પર તેની સહયોગી પાર્ટીઓએ જીત મેળવી હતી.

**ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ :એસઆઈઆર આખરી મતદારયાદી-૨૦૨૬**

# સુરતમાં આખરી મતદારયાદીમાં હવે ૩૬,૩૯,૦૪૨ મતદારોનો સમાવેશ

## ૧૮,૮૩,૩૮૧ પુરૂષ મતદારો અને ૧૭,૫૫,૫૬૮ સ્ત્રી મતદારો તથા ૯૩ ત્રીજી જાતિના મતદારો નોંધાયા

સુરત, તા.૧૮

ભારતના ચૂંટણી પંચ દ્વારા દર વર્ષની જેમ તા.૧લી જાન્યુઆરીની લાયકાતની તારીખે મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડો.સૌરભ પારધીએ પત્રકાર પરિષદ દ્વારા આખરી મતદારયાદી (ફાઈનલ રોલ) પ્રસિદ્ધ કરી હતી. આ તકે અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમિત ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા સેવા સદનના સભાખંડમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેકટરે કહ્યું કે, મતદારયાદીના મુસુદાની યાદી તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. હક્ક-દાવા રજુ કરવાનો સમયગાળો તા.૧૯/૧૨/૨૦૨૫થી તા.૩૦/૧/૨૦૨૬ નક્કી કરવામાં આવ્યો હતો. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે નાગરિકો/મતદારો તરફથી રજૂ થયેલાં હક્ક-દાવા અને વાંધા અરજીઓનો સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા નિયમાનુસાર આખરી નિર્ણય કરીને આજે સુરત જિલ્લામાં સમાવિષ્ટ તમામ ૧૬ વિધાનસભા મતવિભાગોની મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે.

SIR ના ફાઈનલ ડ્રાફ્ટ રોલમાં જિલ્લાના ૧૬ વિધાનસભા વિસ્તારમાં કુલ ૩૬,૨૩,૧૯૩ મતદારો છે. જેમાં નવા ૧,૦૧,૫૭૮ મતદારો નવા ઉમેરાયા છે. જ્યારે ૮૫,૭૩૪ મતદારો કમી થયા છે. આમ મતદારોની સંખ્યામાં નેટ ૧૫,૮૪૯ વધારો થયો છે. જેમાં ૧૮-૧૯ વર્ષ વયજૂથના ૨૧,૯૫૪ યુવાઓની, જ્યારે ૨૦-૨૯ વર્ષ વયજૂથના ૧૩,૧૦૫ નાગરિકોની મતદાર તરીકે નોંધણી કરવામાં આવી છે, જ્યારે આજે આખરી પ્રસિદ્ધ મતદાર યાદીમાં ૧૮,૮૩,૩૮૧ પુરુષ મતદારો અને ૧૭,૫૫,૫૬૮ સ્ત્રી મતદારો તથા ૯૩ ત્રીજી જાતિના મતદારો મળીને કુલ ૩૬,૩૯,૦૪૨ મતદારોનો સમાવેશ થાય છે.જિલ્લા ચુંટણી અધિકારીએ કહ્યું કે, મતદાર યાદીની તા.૧૭/૨/૨૦૨૬ના રોજ કરવામાં આવેલી આખરી પ્રસિદ્ધિ બાદ પણ તા.૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા લાયકાત ધરાવતા યુવા નાગરિકો તથા મતદારયાદીમાં નોંધણી માટે લાયકાત ધરાવતા હોય પરંતુ આખરી યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા બાકી રહેલ તમામ નાગરિકો "સતત સુધારણા (Continuous Updation)" હેઠળ મતદારયાદીમાં નામ દાખલ કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરી શકે છે.નોંધનીય છે કે, નવા ઉમેરાયેલા મતદારોને તેમના ઓળખકાર્ડ સ્પીડ પોસ્ટ મારફત તેમના ઘરના સરનામા પર પહોંચાડવામાં આવશે. મતદાર ફોટો ધરાવનાર મતદારનું નામ પ્રવર્તમાન મતદારયાદીમાં સમાવિષ્ટ હશે તો જ સંબંધિત ચૂંટણીમાં મતદાન કરી શકાશે. જેથી મતદારયાદીમાં નામ સમાવિષ્ટ થયુ હોવાની ચકાણસી કરી સર્વે નાગરિકો/મતદારોને અનુરોધ છે. પ્રવર્તમાન યાદીમાં નામો કમી કરવા, ફોટો/વિગતોમાં સુધારો કરવા, એક જ વિધાનસભા મતવિભાગ હેઠળ સ્થળ ફેરફાર માટે નિયત નમુનામાં અરજી કરી શકે છે.





શ્રી રામ કથાના ચોથા દિવસે સીતા-રામ વિવાહના પાવન પ્રસંગ દ્વારા દાંપત્ય જીવનના આદર્શો પર ઉદ્બોધન થયું. વાલ્મિકી પીઠ પરથી આચાર્ય બ્રહ્મર્ષિ ઋષિવર પરમ પૂજ્ય શ્રી કિરીટભાઈજીએ પતિ-પત્નીના સંબંધ અંગે ગહન માર્ગદર્શન આપ્યું.પૂજ્યશ્રીએ જણાવ્યું કે નારી શિક્ષિત હશે તો જ તે સંતાનોને સંસ્કાર અને શિક્ષણ આપી શકશે તેમજ આવનારી પેઢીને યોગ્ય દિશા આપી શકશે. તેમણે સમજાવ્યું કે દાંપત્ય જીવનમાં માત્ર કારકિર્દી નહીં, પરંતુ પરસ્પર સમર્પણ અને સહયોગ મહત્વનો છે.પતિ-પત્ની સંબંધની વ્યાખ્યા કરતાં તેમણે કહ્યું કે નારી પરિવારનું સ્તંભ છે; સ્તંભ મજબૂત નહીં હોય તો પરિવાર રૂપિ ઘર ટકી શકતું નથી. વિશ્વમાં આદર્શ પતિ-પત્ની તરીકે ભગવાન શિવ અને માતા પાર્વતીનું ઉદાહરણ આપ્યું.

# પાલ ખાતે જિલ્લા પંચાયતની આયુષ શાખા દ્વારા આયુષ મેળો

## સુરતવાસીઓએ આયુર્વેદિક અને હોમિયોપેથીક ઉપચારનો લીધો લાભ

સુરત, તા.૧૮

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા અન્નપૂર્ણા મંદિર-પાલ ખાતે આયુષ મેળો યોજાયો હતો જેમાં સુરતવાસીઓએ મોટી સંખ્યામાં આયુર્વેદિક અને હોમિયોપેથીક ઉપચારનો લાભ લીધો હતો.



નિષ્ણાંત તબીબોએ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને થાઈરોઈડ, સ્ત્રી રોગો, ગર્ભ સંસ્કાર અને પાચનતંત્રને લગતી વ્યાધિઓ જેવા અસાધ્ય રોગો માટે કુદરતી જડીબુટ્ટીઓ આધારિત નિદાન અને હર્બલ સારવાર આપી હતી. કેન્સર અને કિડની જેવી ગંભીર બીમારીઓ ધરાવતા દર્દીઓને પણ આયુર્વેદિક નિષ્ણાંતો દ્વારા સચોટ માર્ગદર્શન અને વિનામૂલ્યે દવાઓ ઉપલબ્ધ કરાવી હતી.સાંધાના દુઃખાવા માટે 'અગ્નિકર્મ' સારવાર અને બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધારતા 'સુવર્ણપ્રાશન' ના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. આયુષ મેળામાં પ્રદર્શિત કરાયેલ ઔષધીય વનસ્પતિઓ અને ઋતુચર્યાના પ્રદર્શને લોકોને કુદરતી જીવનશૈલી અપનાવવા પ્રેરિત કર્યા હતા. જિલ્લા આયુષ અધિકારીશ્રી મિલન દશોંદીએ જણાવ્યું હતું કે, આયુર્વેદિક હર્બલ કેર માત્ર રોગ મટાડતી નથી પરંતુ વ્યક્તિના સ્વાસ્થ્યને જાળવી રાખવામાં પાયાની ભૂમિકા ભજવે છે.

# ૧૦ ગામોને જોડતો માર્ગ મોકળો કરાતા હજારો નાગરિકોને લાભ

## ૮ કિમીના મુખ્ય માર્ગને રૂ. ૯.૩૦ કરોડના ખર્ચે પહોળો કરાયો

સુરત, તા.૧૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વૈશ્વિક માપદંડ મુજબ રોડ નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે. સુરત જિલ્લાના મહુવા તેમજ તાપી જિલ્લાના વાલોડ તાલુકા કુલ ૧૦ ગામોને? જોડતા ૮ .૬૧ કિમીના મુખ્ય માર્ગને રૂ. ૯.૩૦ કરોડના ખર્ચે પહોળો કરવાથી આ વિસ્તારના અંદાજે ૩૩ હજારથી વધુ નાગરિકોને લાભ મળી રહ્યો છે તેમ, વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવેલા પ્રશ્નનો માર્ગ અને મકાન વિભાગ તરફથી પ્રત્યુતર આપતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ માર્ગની હાલની ૩.૭૫ મીટરની પહોળાઈ વધારીને ૫.૫૦ મીટર કરવામાં આવી છે. મીયાપુર, શેખપુર, મુડત, મોરદેવી રોડ એ ૮.૬૧ કિ.મી.ની લંબાઈ ધરાવતો સુરત જિલ્લાનો મુખ્ય જિલ્લા માર્ગ છે. આ સુવિધાથી સુરત જિલ્લાના મહુવા તાલુકાના મીયાપુર, શેખપુર, મુડત,વડીયા, અંધાત્રી અને ડુંગરી તેમજ તાપીના વાલોડ તાલુકાના મોરદેવી, કંજોડ,વાલોડ અને કુમ્ભિયા એમ કુલ- ૧૦ ગામોનો સમાવેશ થાય છે.મંત્રી શ્રી પટેલે રસ્તાઓને વાઈડનિંગ કરવા માટેના તાંત્રિક માપદંડો વિશે કહ્યું હતું કે,રસ્તાઓને વાઈડનિંગ કરવા માટે (Indian Road Congress) IRC-૬૪ કોડ મુજબ તે વિસ્તારના ભૂપ્રદેશ(Terrain) મુજબ ટ્રાફિક ડેટાની વિગતો Passenger Car Unit-P.C.U ધ્યાને લેવામાં આવે છે. આ માપદંડ મુજબ રસ્તા પહોળા કરવામાં આવતા હોવાથી નાગરિકો પરિવહનમાં વધુ સરળતાની સાથે સલામતી અનુભવે છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું.

# આત્મનિર્ભર ગામડાઓ દ્વારા જ ભારતની જીડીપી ૧૨ ટકા સુધી પહોંચશે : વિપ્ર ગોયલ

## જો ખેડૂત પોતાની જમીનના ૫ ટકા હિસ્સામાં ખેતતલાવડી બનાવે તો આખું વર્ષ ખેતરમાં સિંચાઈ કરી શકે છે

સુરત, તા.૧૮

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારતજ ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે ભારતે વાર્ષિક ૧૨% ના આર્થિક વિકાસ દર (GDP) સાથે આગળ વધવું પડશે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવું અને રાષ્ટ્રીય પરિયોજનાઓનું સમયસર અમલીકરણ અનિવાર્ય છે. આ વિચારધારા સાથેૈં ખડગપુરના પાસઆઉટ અને ભારત સરકારના પૂર્વ સલાહકાર, યુવા તજજ્ઞ શ્રી વિપ્ર ગોયલે સુરત સર્કીટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી હતી.




'આત્મનિર્ભર ગામ' થી જ 'વિકસિત ભારત' શક્ય છે એમ ભારપૂર્વક જણાવતા વિપ્ર ગોયલે કહ્યું કે, જો પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અને અટલ ભૂજલ યોજના જેવી ગ્રામીણ યોજનાઓના સફળ અમલીકરણ થકી દેશના ૧૦ કરોડ ખેડૂત પરિવારોની વાર્ષિક આવક જે હાલ રૂ.૨૪,૦૦૦ છે, તે વધીને રૂ.૧.૫ થી ૨ લાખ સુધી પહોંચી શકે છે. ખેડૂતોની આ વધેલી આવક બજારમાં કપડા, વાસણો, ખાદ્યચીજો અને અન્ય વસ્તુઓની માંગ ઊભી કરશે, જેનો સીધો લાભ દેશના ૯ કરોડ લઘુ ઉદ્યોગોને મળશે.તેમણે દેશના ૮૦ કરોડ ગ્રામીણ લોકોમાં યોજનાઓ પ્રત્યે જાગૃતિ લાવવા માટે રાષ્ટ્રીય સ્તરે અભિયાન છેડ્યું છે. પીએમ કુસુમ, અટલ ભૂજલ અને પીએમ કિસાન સંપદા જેવી યોજનાઓની જાણકારી અને સબસિડીનો લાભ લેવા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવી જરૂરી છે એવો મત વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, સિંચાઈ માટે ભૂગર્ભ જળને સતત ઉલેચવામાં આવી રહ્યું છે. જેના કારણે ભૂગર્ભ જળસ્તર ખૂબ નીચા ગયા છે, જો આ દોહન બંધ નહી થાય તો ખેતીની જમીન પાણીના અભાવે બંજર બની જશે. એટલે જ આ સમસ્યાનો ઉકેલ ખેતતલાવડીમાં છે. જો ખેડૂત પોતાની જમીનના ૫% હિસ્સામાં ખેતતલાવડી બનાવે તો આખું વર્ષ ખેતરમાં સિંચાઈ કરી શકે છે. ઉપરાંત, ૧% જમીનમાં સોલાર પેનલ લગાવે તો આખું વર્ષ ચાલે તેટલી વિજળી ઉત્પન્ન કરી શકે છે.સુરતની ભૂમિકા અંગે વાત કરતા ગોયલે જણાવ્યું કે, સુરત હંમેશા દેશની પ્રગતિમાં અગ્રેસર રહ્યું છે. સુરતની ટેક્સટાઇલ ઈન્ડસ્ટ્રીની ૬૦% માંગ ગામડાઓમાંથી આવે છે. ગામોને સમૃદ્ધ કરવાથી અર્થતંત્ર પ્રવાહી બનશે.આઈઆઈટી પાસ આઉટ વિપ્ર ગોયલ રાષ્ટ્રીય સ્તરે જળ-ઉર્જા-રોજગાર-બજાર આત્મનિર્ભરતા- જનજાગૃત્તિ અભિયાન ચલાવી રહ્યા છે

## આઈઆઈટી પાસ આઉટ વિપ્રનું ગોયલ રાષ્ટ્રીય સ્તરે અભિયાન

સુરત, તા.૧૮

આઈઆઈટી ખડગપુરમાંથી અર્થશાસ્ત્ર, ગણિત અને કોમ્પ્યુટરમાં શિક્ષણ મેળવનાર વિપ્ર ગોયલે વિદેશની મોટી નોકરીઓની તકો છોડીને ગ્રામીણ ઉત્થાનનો માર્ગ અપનાવ્યો છે. હાલમાં જ તેમને 'સર્વશ્રેષ્ઠ ગ્રામીણ વિકાસ પહેલ' અને 'સર્વશ્રેષ્ઠ સોશ્યલ ઈમ્પેક્ટ

એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા છે. ગ્રામીણ લોકોને જાગૃત્ત કરી તેમજ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો (સ્જીસ્ઈજ) ને વેગ આપવા ગ્રામીણ ખરીદશક્તિ વધારવા પર ભાર મૂકે છે.

વિપ્ર ગોયલે ૨૦૨૨માં રાજસ્થાનના દૌસા જિલ્લાના છરેડા ગામને દત્તક લઈ જમીની સ્તરે પરિવર્તન કરી બતાવ્યું છે. આ ગામમાં પાણીનું સ્તર ૫૦૦-૭૦૦ ફૂટ નીચે હતું, ત્યાં રૂ.૮ કરોડના ખર્ચે ૩૦૦ ખેતતલાવડીનું નિર્માણ કર્યું છે. આ મોડલ દ્વારા ગામના ખેડૂતોની આવકમાં કુલ રૂ. ૯ થી ૦ કરોડનો વધારો થયો છે, અને સમગ્ર ગામને ૧૦૦% રોજગારી મળી છે. ગામમાં જ સિંચાઈનું પાણી મળતા શહેરોમાં સ્થળાંતર અટક્યું છે.

# ઓલપાડમાં સિંચાઈના પાણીની અછતથી ખેડૂતોમાં વ્યાપેલી ચિંતા

## ખેડૂત સમાજ દ્વારા સિંચાઈ વિભાગ સમક્ષ રજૂઆત

સુરત, તા.૧૮

ઓલપાડ તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પાણીની અછત : ડાંગર, શેરડી અને શાકભાજીના પાકો નિષ્ફળ જવાની ભીતિ ખેડૂત સમાજ દ્વારા સિંચાઈ વિભાગમાં રજૂઆત કરવામાં આવી હતી. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના બરબોધન, સાંધીયર, કીમ, સોંસક, ઓરમાં, સરસ, કુવાદ, કુદીયાણા, અટોદરા,વડોલી,અણીતા,ઉમરાછી, કાછોલ, વેલુક, સેલૂત, ભાડૂત, પીંજરત, તેના, કરંજ, પારડી ઝાંખારી, મદ્રોઈ, કમરોલી, કુંભારી સહિતના ગામોના ખેડૂતોને વર્તમાનમાં સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ન મળતા તેમના ડાંગર, શેરડી અને શાકભાજીના પાકોની નિષ્ફળતાની ભીતિ વ્યાપી છે. આ અછતને કારણે ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ બગાડવાનો ભય છે.

આ મુદે ખેડૂત સમાજ ગુજરાતના પ્રમુખ જયેશભાઈ પટેલ, સહકારી અને ખેડૂત આગેવાન દર્શનભાઈ નાયક, દક્ષિણ ગુજરાતના પ્રમુખ રમેશભાઈ પટેલ, અજીતસિંહ દોડીયા, હિતેશભાઈ પટેલ, કેતન દેસાઈ સહિતના ખેડૂત આગેવાનોએ આજે સુરત સિંચાઈ ભવન ખાતે કાકરાપાર જમણા કાંઠા નહેર વિભાગના કાર્યપાલાક ઈજનેરશ્રીને રૂબરૂ મળીને આ અંગે વિગતવાર રજૂઆત કરી. ખેડૂત આગેવાનોએ જણાવ્યું કે, પાણીની અછતને કારણે ખેડૂતોના પાકોનું નુકસાન થઈ રહ્યું છે અને તાત્કાલિક પગલાં નહોતા લેવામાં આવ્યા તો મોટું આર્થિક નુકસાન થશે.



દર્શનભાઈ નાયક દ્વારા જણાવવામાં આવ્યું કે સહકારી સંસ્થાઓ માં દિવસે - દિવસે કાચા માલનો પુરવઠો ઘટી રહ્યો છે.જો તત્કાલ સિંચાઈ માટે પૂરતું પાણી ખેડૂતો ને આપવામાં આવશે નહી તો સુગર મિલો માટે શેરડી અને સહકારી મંડળીઓ માટે ડાંગર પૂરતા પ્રમાણમાં મળી શકશે નહી.જેથી સહકારી સંસ્થાઓનું અસ્તિત્વ ટકાવવું મુકશેલ બનશે.ખેડૂત સમાજ ગુજરાતના પ્રમુખ જયેશભાઈ પટેલ સાહિતના ખેડૂત આગેવાનો એ રજૂઆત કરતા જણાવ્યું કે , "ખેડૂતોની મુશ્કેલીઓને અવગણી શકાય નહીં. અમે વિભાગને બે દિવસનો અંતિમ સમય આપીએ છીએ. જો આ સમયમાં ઓલપાડ તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતુ પાણી પૂરું પાડવામાં આવશે નહી તો અમે ગાંધી ચિંધ્યા માર્ગ પર આંદોલન કરીશું."ખેડૂત આગેવાનોનું કહેવું છે કે, આ આંદોલન શાંતિપૂર્ણ હશે, પરંતુ તેમની માંગો પૂરી થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

# આખરી મતદાર યાદીમાં કુલ ૬૮,૧૨,૭૧૧ મતદારો ઓછા થયા : અમિત ચાવડા

## કુલ ૯.૫૬ લાખ નવા મતદારો ઉમેરાયા તેની બુથ વાઈઝ વિગત પબ્લિક ડોમેઈનમાં જાહેર કરો : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૮

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યુ હતુ કે ચૂંટણી પંચ સ્વાયત્ત બંધારણીય સંસ્થા છે જેની જવાબદારી એક પણ નાગરિકનો મતનો અધિકાર છીનવાય નહીં તે ધ્યાન રાખવાની છે. સ્પેશિયલ ઈન્ટેન્સીવ રિવિઝન (SIR) ની કામગીરી ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થઈ હતી. બી.એલ.ઓ. દ્વારા ઘર ઘર જઈને મતદાર સુધારણાની કામગીરી કરવામાં આવી હતી. ખુબજ માનસિક દબાણ હેઠળ એસ.આઈ.આર. ની કામગીરીમાં કેટલાક બી.એલ.ઓ.એ જીવ ગુમાવ્યા અને માનસિક ત્રાસ હેઠળ આપઘાતનો કરૂણ કિસ્સો સામે આવ્યો હતો. એસ. આઈ. આર.ની ડ્રાફ્ટ યાદીમાં ૭૪ લાખ મતદારો રદ કરવામાં આવ્યા હતા. SIR ની પ્રક્રિયાની છેલ્લી પ્રસિદ્ધ યાદીમાં કુલ ૪,૪૦,૩૦,૭૨૫ મતદારોના નામો રહ્યા છે. જૂની મતદાર યાદી મુજબ ૬૮,૧૨,૭૧૧ મતદારો ઓછા થયા છે. વારંવાર અનેક વખતે લોકસભા વિપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા વોટ ચોરીના મુદ્દા ને ઉજાગર કરવામાં આવ્યા હતા તેમ ગુજરાત કોંગ્રેસ દ્વારા નવસારી લોકસભાની વોટ ચોરી ના ઉદાહરણ આપી ગુજરાતમાં ૧૨% થી વધુ એટલે ૬૨ લાખ જેટલા મતદારો શંકાસ્પદ હોય તેવો દાવો કર્યો હતો. જયારે આખરી મતદાર યાદીમાં અમારી વાત સાચી સાબિત થઇ ૬૦ લાખથી વધું ખોટા મતદારો રદ કરવા પડ્યા હતા.

છેલ્લી મતદાર યાદી મુજબ ૯.૫૬ લાખ નવા મતદારોનો ઉમેરો જાહેર કર્યો છે. જયારે ૩,૯૫,૫૫૫ મતદારોના નામ કમી કરી દેવામાં આવ્યા છે. ચૂંટણી પંચ બુથ વાઈઝ જાહેર કરે કે ૯.૫૬ લાખ મતદારો કયા બુથમાં કેટલા ઉમેરાયા તેની યાદી પબ્લિક ડોમેઈનમાં મુકવામાં આવે. વધુમાં ૩.૯૫ લાખથી વધુ મતોને રદ કરવામાં આવ્યા છે તેની બુથ વાઈઝ માહિતી જાહેર કરવામાં આવે અને પબ્લિક ડોમેઈનમાં મુકવામાં આવે.

ખોટા મતદારના ફોર્મ ૭ માટે ચૂંટણી પંચ દ્વારા ૧૮ જાન્યુઆરી સુધીની તારીખ આપવામાં આવી હતી. ચૂંટણીપંચ પાસે ૧૫ જાન્યુઆરી સુધી નહિવત ફોર્મ ૭ આવ્યા હતા. અચાનક રાતોરાત જાદુ નથી થયો, સુનિયોજિત ષડયંત્ર હેઠળ લાખો સાચા મતદારોના મત અધિકારને છીનવવાનો પ્રયાસ થયો છે. ચૂંટણી પંચ દ્વારા સહુ પ્રથમ ૧૨,૫૯,૨૨૯ ફોર્મ ૭ના વાંધા આવ્યાની વાત કરવામાં આવી હતી. ભાજપના કાર્યકરો પાસે લાખોની સંખ્યામાં ફોર્મ ૭ કેવી રીતે આવ્યા તે સવાલ છે? લાખોની સંખ્યામાં કમલમ કાર્યાલયએ પ્રિન્ટેડ ફોર્મ ૭ કયા અધિકારીઓની સહીથી પહોચ્યા હતા? થપ્પાબંધ ફોર્મ ૭

**અનુસંધાન પાના ૭ પર**

# મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ અંગે જરૂરી પ્રતિબંધક હુકમો લંબાવાયા

## જાહેરનામાની મુદત તા. ૩૧.૧૨.૨૦૨૬ સુધી લંબાવાઈ

સુરત, તા.૧૮

શહેરમાં મેટ્રો રેલ પ્રોજેકટ અન્વયે સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના માર્ગ પર ટ્રાફિકની સમસ્યા નિવારવા આ રસ્તાઓ પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતા જાહેરનામાની મુદત તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી લંબાવાઈ છે.

પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી.. ૧) સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમાં હોવાથી લંબે હનુમાન રોડ જે.બી. ડાયમંડ સર્કલથી વસંતૃભીખાની વાડી સુધીનો રોડ બંધ કરી સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે અવર-જવર કરવા માટે ૧.૫ મીટર જેટલો રસ્તો આપવામાં આવ્યો છે. ૨) લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનના બાંધકામ હેઠળ જય ખેતલા આપા ટી સ્ટોલ રાજકોટવાલા પાસે માતાવાડી સર્કલથી લાભેશ્વર પોલીસ ચોકી સુધી લંબે હનુમાન રોડ બંધ કરી સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે ૧૬ મીટરનો રસ્તો આપ્યો છે. ૩) કાપોદ્રા ખાતે અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનના બાંધકામ અન્વયે કલાકુંજ રોડ ફિનિક્ષ સર્કલથી ઝડફિયા સર્કલ સુધીનો રસ્તો બંધ કરી સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે ૦૪ મીટર જેટલો રસ્તો કરી અપાયો છે.

ઉપરોક્ત બંધ રસ્તાઓ માટે વૈકલ્પિક રૂટ તરીકે (૧) સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, સુરત રેલ્વે સ્ટેશન તરફથી આવતા તમામ વાહનો (ફોર વ્હીલર્સ અને ટુ વ્હીલર્સ સિવાયત્રૃ લંબે હનુમાન રોડ પર જે.બી. ડાયમંડ સર્કલ પર બેટરીમોલ ખાતેથી જમણી તરફ વળાંક લેશે અને પછી IndiniYO ફેશન પર ડાબી બાજુએ વળી ત્રિકમનગર રોડ થઈને કાળીદાસ નગર ગણેશજી પંડાલ પાસે ડાબે વળી વાહનો બોમ્બે માર્કેટ રોડ થઈને લંબે હનુમાન રોડ પર વસંતભીખાની વાડી સર્કલ સુધી પહોંચી શકશે.

(૨) વસંતભીખાની વાડી સર્કલ તરફથી આવતા વાહનો મેક્સ

**અનુસંધાન પાના ૭ પર**

# સંચારી રોગોની અટકાયત માટે ડીડીઓ દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ

## જિલ્લામાં રક્તપિત ,ટીબી, સિકલસેલ જેવા રોગોને અટકાવવા માટે થતી કામગીરીની સમીક્ષા

સુરત,તા.૧૮

સંચારી રોગોને અટકાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા પંચાયતના સભાખંડમાં સમીક્ષા મળી હતી.



બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધાઓ સમયસર પહોંચે તે માટે અધિકારીઓને અનુરોધ કર્યો હતો. જિલ્લામાં માતૃબાળ મરણ, સંચારી રોગચાળો, ગર્વનિંગ બોડી, રસીકરણ, ચાઈલ્ડ બર્થ, એ.એન.સી રજીસ્ટ્રેશન જેવી બાબતો રજૂ કરવામાં આવી હતી. તમામ આરોગ્યલક્ષી સેવાઓના સુદ્રઢ અમલીકરણ અને વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ ખાસ કરીને માતૃ-બાળ મરણ સમીક્ષા અંતર્ગત આરોગ્ય અધિકારીઓને ક્ષેત્ર સ્તરે સચોટ કામગીરી કરવા અને મૃત્યુ દર ઘટાડવા માટેના અસરકારક પગલાં લેવા સૂચનાઓ આપી હતી. આ સાથે જ ડી.ટી.એફ.આઈ. (DTFI) અંતર્ગત રસીકરણના લક્ષ્યાંકો પૂર્ણ કરવા અને ગર્વનિંગ બોડી હેઠળ વહીવટી પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.વધુમાં બેઠક દરમિયાન ડી.સી.એ.એચ.(DCAH) અને કોપ્ટા (COPTA) કાયદાના ચુસ્ત પાલન અંગે ચર્ચા કરવામાં આવી હતી, જેમાં જાહેર સ્થળો પર ધૂમ્રપાન નિષેધના નિયમોના કડક અમલીકરણ માટે જણાવાયું હતું. આગામી સમયમાં વાહકજન્ય અને સંચારી રોગોને અટકાવવા માટે સર્વેલન્સ કામગીરી સઘન બનાવવા અને ફોગીંગ તેમજ જનજાગૃતિ અભિયાન ચલાવવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

રાષ્ટ્રીય રક્તપિત નિર્મૂલન અભિયાન, ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦, ક્લાઈમેટ સેન્સિટિવ ડિસીઝ, સિકલસેલ, નમોશ્રી યોજના, રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ જેવા રાષ્ટ્રીય કક્ષાના સ્વાસ્થ્ય વિષયક કાર્યક્રમોમાં સુરત જિલ્લાની કામગીરી બાબતે જે તે નોડલ અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરાયું હતું.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, નવી સિવિલના ટી.બી. અને ચેસ્ટ વિભાગના વડા ડો.પારૂલ વડગામા, મેડિકલ ઓફિસરો, વિવિધ વિભાગના વડાઓ તેમજ તાલુકા હેલ્થ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

# સોવરેન એઆઈ માળખાંના નિર્માણ માટે અદાણી ૧૦૦ બિલિયન ડોલરનું રોકાણ કરશે

## વિશ્વની સૌથી મોટી સંકલિત ઊર્જા-ગણતરી પ્રતિબદ્ધતાઓમાંનું એક આ સીધું રોકાણ દાયકામાં વધારાની USD ૧૫૦ બિલિયન ઇન્ટેલિજન્સ ઇકોસિસ્ટમને પ્રેરીત કરી AIના જમાના માટે ભારતની ઊર્જા-ગણતરીની કરોડરજ્જુ સ્થાપશે

૨૦૩૫ સુધીમાં નવીનીકરણીય-ઊર્જા-સંચાલિત, હાઈપરસ્કેલ છૈં-તૈયાર ડેટા સેન્ટર્સ વિકસાવવા માટે ૧૦૦ અબજ ડોલરનું સીધું રોકાણ કરવાની અદાણી ગ્રુપે આજે કરેલી જાહેરાત વિશ્વની સૌથી મોટી સંકલિત ઊર્જા-કમ્પ્યુટ પ્રતિબદ્ધતાઓમાંની એક છે. ગુપ્તચર ક્રાંતિમાં ભારતને વૈશ્વિક નેતા તરીકે ઉપસાવવાનો માર્ગ મોકળો કરવા માટે અદાણીની આ પહેલ લાંબા ગાળાના સાર્વભૌમ ઊર્જા અને કમ્પ્યુટ પ્લેટફોર્મની સ્થાપના કરવાના હેતુથી કરવામાં આવી છે.

૨૦૩૫ સુધીમાં આ રોકાણ થકી સર્વર ઉત્પાદન, અદ્યતન ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાર્વભૌમ ક્લાઉડ પ્લેટફોર્મ અને સહાયક ઉદ્યોગોમાં વધારાના ૧૫૦ અબજ ડોલરનું પ્રેરક બની રહેશે તેવી ભરપુર સંભાવના છે. આ સંભાવના સાકાર થતાં ભારતમાં આ દાયકામાં એકસાથે ૨૫૦ અબજ ડોલરની છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમ નિર્માણ થવાનો અંદાજ છે.

અદાણી ઔદ્યોગિક સમૂહના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે વિશે અગાઉની કોઈપણ ઔદ્યોગિક ક્રાંતિ કરતાં વધુ ઊંડાણપૂર્વકની બુદ્ધિ ક્રાંતિમાં પ્રવેશી રહ્યું છે ત્યારે ઊર્જા અને કમ્પ્યુટ વચ્ચે સપ્રમાણતા ધરાવતા દેશો આગામી દાયકાને આકાર આપશે. જેની આગેવાની લેવા માટે ભારત વિશિષ્ટ રીતે સજ્જ છે. તેમણે કહ્યું હતું કે સમયની માંગ સાથે વિવિધ આયામોને અપનાવવાના ભાગ રુપે ભારતના ટેકનોલોજીકલ સાર્વભૌમત્વ પર ધ્યાન કેન્દ્રિત કરીને સંપૂર્ણ પાંચ-સ્તરીય છૈં સ્ટેકમાં વિસ્તરણ કરવાના હેતુથી અદાણી ખાતે અમે ડેટા સેન્ટર્સ અને ગ્રીન એનર્જીમાં અમારા પાયા આધારીત નિર્માણ કરી રહ્યા છીએ.તેમણે ઉમેર્યું હતું કે છૈંના યુગમાં ભારત ફક્ત ગ્રાહક ના બની રહેતા અમે બુદ્ધિના સર્જકો, નિર્માતાઓ અને નિકાસકારો બનીશું અને અમને ભારતના ભવિષ્યમાં ભાગ લેવા માટે સક્ષમ થવાનું ગૌરવ છે.પાંચ ગીગાવોટના નિશ્ચિત લક્ષ્ય તરફ વિસ્તરી રહેલ આ પથ અદાણીકોનેક્સના હાલના બે ગીગાવોટના રાષ્ટ્રીય ડેટા સેન્ટર પર આધારિત ભારતને વૈશ્વિક છૈંના અર્થતંત્રની ધરી તરીકે પ્રસ્થાપિત કરે છે. આ પરિકલ્પનાના એક હિસ્સા તરીકે રાષ્ટ્રના સૌથી મોટા વિશાખાપટ્ટનમમાં ગીગાવોટ-સ્કેલ છૈં ડેટા સેન્ટર કેમ્પસ, નોઈડામાં વધારાના કેમ્પસ અને હૈદરાબાદ અને પુણેમાં ફેલાયેલા માઈક્રોસોફ્ટના સહયોગ સાથે સ્થાપિત કરવા માટે ર્ઘ્ખ્તઙ્ગી સાથે સીમાચિહ્નરૂપ ભાગીદારી સાથે આગળ વધી રહી છે. ભારતભરમાં વિશાળ પાયે કેમ્પસ સ્થાપિત કરવા ઈચ્છુક અન્ય મુખ્ય કંપનીઓ સાથે અદાણી ગ્રુપ પરામર્શ કરી રહ્યું છે, જેના પરિણામે ભારતના અગ્રણી છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહયોગી તરીકે તેની સ્થિતિ વધુ મજબૂત થવા સાથે તેને અનુરૂપ ફ્લિપકાર્ટ ગ્રુપ સાથે ડેટા સેન્ટરની ભાગીદારીને પણ વધુ ગાઢ બનાવશે. આગામી પેઢીના ડિજિટલ વાણિજ્ય, ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ અને મોટા પાયે છૈં વર્કલોડને ટેકો આપવા ફ્લિપકાર્ટના હેતુ-નિર્મિત અન્ય છૈં ડેટા સેન્ટરના વિકાસલક્ષી સહયોગને આગળ વધારશે.વિશ્વનું સૌથી મોટું પાંચ ગીગાવોટની ક્ષમતાનું સંકલિત ડેટા સેન્ટર



પ્લેટફોર્મ એક જ તાંતણે જોડાયેલા આર્કિટેક્ચરમાં રિન્યુએબલ પાવર જનરેશન, ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઈપરસ્કેલ છૈં કમ્પ્યુટને જોડશે. પરંપરાગત ડેટા સેન્ટર વિસ્તરણથી તદ્દન અલગ આ પ્રોગ્રામ એકીકૃત ઊર્જા-અને-કમ્પ્યુટ ઈકોસિસ્ટમના રુપમાં ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં જનરેશન, સ્થિતિસ્થાપક ગ્રીડ અને ઉચ્ચ-ઘનતા પ્રક્રિયા ક્ષમતા સમાંતર રીતે વિકસાવવામાં આવે છે. અદ્યતન પ્રવાહી ઠંડક પ્રણાલીઓ અને ઉચ્ચ-કાર્યક્ષમતા પાવર આર્કિટેક્ચર દ્વારા સમર્થિત મોટા ઉચ્ચ-ઘનતા કમ્પ્યુટ ક્લસ્ટરો અને આગામી પેઢીના છૈં વર્કલોડ માટે સુવિધાઓને ઉત્તરોત્તર મહત્તમ કરવામાં આવશે. જે સમર્પિત કમ્પ્યુટ ક્ષમતા ભારતીય વિશાળ ભાષા મોડેલ્સ (LLMs) અને રાષ્ટ્રીય ડેટા પહેલને સમર્થન આપી લાંબા ગાળાના ડેટા સાર્વભૌમત્વને સુનિશ્ચિત કરશે. વિશ્વસનીય ટ્રાન્સમિશન નેટવર્ક્સ અને અદ્યતન ગ્રીડ સિસ્ટમ્સ પ્લેટફોર્મને આધાર પૂરો આપી હાઈપરસ્કેલ પર સ્થિરતા, સ્કેલેબિલિટી અને અપટાઈમ સુનિશ્ચિત કરશે. ભારતના નવીનીકરણીય લાભનો ફાયદો મેળવવા વૈશ્વિક છૈં વર્કલોડ વધુને વધુ ઉર્જા-સઘન બની રહ્યો છે, તે સંદર્ભમાં અદાણી ગ્રુપ આ સંક્રમણ માટે જરૂરી સ્પર્ધાત્મક કિંમતવાળી, તટસ્થકાર્બન ઉર્જાપૂરી પાડવા માટે વિશિષ્ટ રીતે સજ્જ છે. આ વ્યૂહરચનાનું કેન્દ્ર બિંદુ અદાણી ગ્રીન એનર્જીનો ૩૦ ગીગાવોટનો ખાવડા પ્રકલ્પ છે, જે ૧૦ ગીગાવોટની ક્ષમતા સાથે ક્યારનોય કાર્યાન્વિત છે. વધુમાં વિશ્વની સૌથી મોટી બેટરી ઉર્જા સંગ્રહ પ્રણાલીઓને સમાવી લેવા ગ્રુપ તેના નવીનીકરણીય ઉર્જા પોર્ટફોલિયોને વિસ્તારવાના ધ્યેય સાથે વધુ`જીટ્ઠ ૫૫ બિલિયનનું રોકાણ કરવા માટે સંકલ્પબદ્ધ છે, અદાણીના બંદરોના નેટવર્ક સહિતના કેબલ લેન્ડિંગ સ્ટેશનો મારફત વ્યૂહાત્મક જોડાણ કરી અમેરિકા, યુરોપ, આફ્રિકા અને એશિયા સાથે ઓછી-વિલંબતાવાળા વૈશ્વિક એકીકરણને સુનિશ્ચિત કરશે. આત્મનિર્ભર સપ્લાય ચેઈનનું જોખમ અને નિર્માણ વૈશ્વિક સપ્લાય-ચેઈન અસ્થિરતાના સંપર્કને ઘટાડવાના ધ્યેયથી અદાણી ગ્રુપ ઉચ્ચ-ક્ષમતાવાળા ટ્રાન્સફોર્મર્સ, અદ્યતન પાવર ઈલેક્ટ્રોનિક્સ, ગ્રીડ સિસ્ટમ્સ, ઈન્વર્ટર અને ઔદ્યોગિક થર્મલ સહિત મહત્વપૂર્ણ માળખાગત ઘટકોના સ્થાનિક ઉત્પાદન ભાગીદારીમાં પણ સહ-રોકાણ કરશે. આ અભિગમ ભારતને માત્ર ડેટા હબ તરીકે જ નહી પરંતુ આગામી પેઢીના ગુપ્તચર અને કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉત્પાદક અને નિકાસકાર તરીકેની તેની ક્ષમતાને સ્થાપે છે. હાલમાં લાખો નવીનીકરણીય સંપત્તિઓનું રીઅલ-ટાઈમમાં સંચાલન અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંકલન સાધીને અદાણી ગ્રુપ હાલના છૈં-આધારિત ઉદ્યોગ ક્લાઉડના ઉપયોગ મારફત આંતરિક કમ્પ્યુટ વિસ્તરણ માટે નોંધપાત્ર ડિજિટલ બ્લુપ્રિન્ટ સ્થાપી રહ્યું છે. પીએમ ગતિ શક્તિ પ્રોગ્રામ સાથે તાલમેલમાં રહી અતિ-કાર્યક્ષમ, સ્માર્ટ કામગીરી કરવા અદાણી તેના લોજિસ્ટિક્સ, બંદરો અને ઔદ્યોગિક કોરિડોરમાં એજન્ટિક છે ને એમ્બેડ કરી રહ્યું છે આ વ્યૂહાત્મક એકીકરણ માત્ર રાષ્ટ્રીય માળખાને અદ્યતન બનાવવા ઉપરાંત ડેટા સાર્વભૌમત્વને પણ સુનિશ્ચિત કરી ઉદ્યોગ અને બુદ્ધિશાળી, સુરક્ષિત ઓટોમેશન વચ્ચેના અંતરને હટાવે છે. અદાણી સમૂહ ભારતના પાંચ-સ્તરના છૈં આર્કિટેક્ચર એવા એપ્લિકેશન્સ, મોડેલ્સ, ચિપ્સ, ઉર્જા અને ડેટા સેન્ટર્સને અનુરૂપ સંપૂર્ણ સ્ટેક સાથેની ભાગીદારીમાં સક્રિયપણે સામેલ થશે. કમ્પ્યુટની અછતને દૂર કરીને સ્થાનિક નવીન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપતી GPU ક્ષમતાનો નોંધપાત્ર હિસ્સો ભારતીય છૈં સ્ટાર્ટઅપ્સ, સંશોધન સંસ્થાઓ અને ડીપ-ટેક ઉદ્યોગ સાહસિકો માટે અનામત રાખવામાં આવશે. અદાણી સમૂહ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન કરીને વિશિષ્ટ છે ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયરિંગ અભ્યાસક્રમ, ઊર્જા અને લોજિસ્ટિક્સ ઉપર કેન્દ્રિત એપ્લાઈડ છૈં સંશોધન પ્રયોગશાળાઓ અને વધતી જતી કુશળતાના અંતરને દૂર કરવા માટે રાષ્ટ્રીય ફેલોશિપ કાર્યક્રમ શરુ કરશે. અદાણી દ્વારા રાષ્ટ્રીય સ્તરે હાથ ધરવામાં આવેલા આ લાંબા ગાળાના વિશ્વના સૌથી મહત્વાકાંક્ષી સંકલિત ઊર્જા અને છ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મમાંનું એક સ્થાપિત થઈ રહ્યું છે. અદાણી સમૂહે ભારતના આગામી પેઢીના AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મના નિર્માણમાં ભાગ લેવા અને સહયોગ કરવા વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ, સાર્વભૌમ સંસ્થાઓ અને નવીનતા ભાગીદારોને ઈજન આપ્યું છે.

# સીટેક્ષ-સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો-૨૦૨૬

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે આગામી તા. ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ત્રિ–દિવસીય ’સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ એક્ષ્પો–૨૦૨૬’નું આયોજન કરાયું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પ્રદર્શન ’સીટેક્ષ’ શ્રેણીનું ૧૩મું અને એકજ વર્ષમાં બીજી વખત આયોજિત થનારું પ્રદર્શન છે. ચેમ્બરના અતિ મહત્વકાંક્ષી આ પ્રદર્શનનો પ્રમુખ ઉદ્દેશ સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે એક નવી દિશા અને ગતિ આપવાનો છે. ટેક્ષ્ટાઈલ ટેકનોલોજી એન્ડ મશીનરી માટે યોજાનારા આ એકિઝબિશનનો સીધો લાભ સુરતના વિકાસશીલ ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને મળે છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આ એકિઝબિશનમાં એકિઝબિટર્સ દ્વારા વર્લ્ડ–કલાસ ટેક્ષ્ટાઈલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવશે, જેમાંથી કેટલીક મશીનરીઓ તો વિશ્વમાં અને ભારતમાં પ્રથમ વખત સુરતમાં આ એક્ષ્પોમાં લોન્ચ કરાશે અને પ્રદર્શન માટે મુકવામાં આવશે. આ બાબત સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં આગવી ઓળખને વધુ મજબૂત બનાવશે અને દેશ–વિદેશના ખરીદદારો, ઉત્પાદકો તથા ટેકનોલોજી નિષ્ણાતો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ મશીનરીમાં ટેકનોલોજી અપગ્રેડ થઈ રહી છે. સુરતમાં સીટેક્ષ પ્રદર્શનમાં પોઝિશન પ્રિન્ટીંગ મશીન, પોઝિશન એમ્બ્રોઈડરી મશીન, હાઈ સ્પીડ રેપિયર લુમ, હાઈ સ્પીડ એરજેટ લુમ, હાઈ સ્પીડ વોટરજેટ લુમનું પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ વેલ્વેટ એરજેટ મશીનરીનું પ્રદર્શન કરાશે. એક્ષ્પોમાં એરજેટ, વોટરજેટ અને રેપિયરના લેટેસ્ટ મોડેલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવશે. મોટા ભાગે એરજેટ મશીન કોટન બેઈઝ હોય છે, પરંતુ આ એકિઝબિશનમાં વિસ્કોસ તેમજ પોલિએસ્ટરનું પ્રોડકશન કરનારા એરજેટ મશીનો પણ પ્રદર્શિત કરાશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, સીટેક્ષ ૨૦૨૬નો ઉદ્ઘાટન સમારોહ શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, એસ.આઈ.ઈ.સી.સી., ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત ખાતે યોજાશે, જેમાં ઉદ્ઘાટક તરીકે ભારતના માનનીય કેન્દ્રિય જળ શકિત મંત્રી અને સુરત એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી સી.આર. પાટીલ પધારશે અને તેમના વરદ્ હસ્તે એક્ષ્પોનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ સમારોહમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રાજેશ ગાંધી અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવશે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાત ઉપરાંત આખા ભારતના વિવર્સ એસોસિએશનોને સીટેક્ષ એકિઝબિશનની મુલાકાત માટે આમંત્રણ પાઠવવામાં આવ્યા છે. ૧૫,૦૦૦થી વધુ વિઝીટર્સનું ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ આવી ગયું છે. ભારતભરમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ૨૫,૦૦૦થી વધુ લોકો ૧૫૦ કરતા પણ વધારે શહેરોમાંથી સીટેક્ષ એકિઝબિશનની વિઝીટ કરશે.

ચેમ્બરના ઓલ એકિઝબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે જણાવ્યું હતું કે, અગાઉ જેકાર્ડ લુમ્સ સ્થાપિત કરવા માટે ફેક?ટરીમાં અંદાજે




૨૨ ફૂટ જેટલી વિશાળ જગ્યાની જરૂર પડતી હતી, જેના કારણે નાના અને મધ્યમ ઉદ્યોગકારો માટે આવી મશીનરી સ્થાપિત કરવી મુશ્કેલ બનતી હતી. પરંતુ આ એકિઝબિશનમાં પ્રદર્શિત થનારી અદ્યતન જેકાર્ડ લુમ્સ એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે ફેક?ટરીમાં માત્ર ૭ ફૂટ જેટલી સીમિત જગ્યામાં પણ તેને સ્થાપિત કરી અસરકારક રીતે ઉત્પાદન મેળવી શકાય છે. આ કોમ્પેકટ ડિઝાઈનના કારણે જગ્યાની બચત ઉપરાંત મશીનરીનું ઈન્સ્ટોલેશન સરળ બનશે, ઉર્જા અને સંચાલન ખર્ચમાં ઘટાડો થશે તથા નાના ઉત્પાદન એકમો માટે પણ ઉચ્ચ ગુણવત્તાવાળા જેકાર્ડ ફેબ્રિકનું ઉત્પાદન શક?ય બનશે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ઓછી જગ્યામાં વધુ કાર્યક્ષમ ઉત્પાદન આપતી આવી મશીનરી ટેક?સટાઈલ ઉદ્યોગ માટે ખાસ કરીને શહેરના ગીચ ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત ઉદ્યોગકારો માટે અત્યંત લાભદાયક સાબિત થશે. સીટેક્ષ એક્ષ્પો ૨૦૨૬ના ચેરમેન શ્રી સુરેશ પટેલે જણાવ્યું હતું કે, સીટેક્ષ એકિઝબિશનમાં સુરત ઉપરાંત નવી દિલ્હી, મુંબઈ, લુધિયાના, વડોદરા, અમદાવાદ, કોઈમ્બતુર, ઠાણે, પાનીપત, કોલ્હાપુર, પુણે, દાદરા, ભીલવાડા અને વલસાડ મળી કુલ ૧૧૦ એકિઝબિટર્સે ભાગ લીધો છે. આ એકિઝબિટર્સ દ્વારા વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજી ધરાવતી મશીનરીનું અને એસેસરીઝનું પ્રદર્શન કરવામાં આવશે. અમને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીના તમામ સેકટર્સના એકિઝબિટર્સ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

### વિશ્વમાં પ્રથમ વખત ચાર પનાવાળું હાઇસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન સીટેક્ષ એક્ષ્પોમાં લોન્ચ થશે

ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ માટે ઐતિહાસિક ગણાય તેવું વિશ્વમાં પ્રથમ વખત ૪૯૦ સેન્ટીમીટર લંબાઈ ધરાવતા ચાર પનાવાળું હાઈસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન સીટેક્ષ એક્ષ્પોમાં લોન્ચ કરવામાં આવશે. સુરતમાં વર્ષ ૨૦૦૯–૧૦ દરમિયાન બે પનાવાળું મશીન વિકસાવવામાં આવ્યું હતું, જેના દ્વારા એકસાથે બે સાડીઓનું ઉત્પાદન શકય બન્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં ત્રણ પનાવાળું રેપિયર જેકાર્ડ મશીન બજારમાં આવ્યું, જેના પર એકસાથે ત્રણ સાડીઓ બનાવવી શકય બની. હાલમાં વિશ્વભરમાં ત્રણ પનાવાળા મશીનો જ કાર્યરત છે, ત્યારે સુરતમાં પ્રથમ વખત લોન્ચ થનારું ચાર પનાવાળું અદ્યતન રેપિયર જેકાર્ડ મશીન ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

આ હાઈસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન દ્વારા એકસાથે ચાર સાડીઓનું ઉત્પાદન શકય બનશે, જેના પરિણામે ઉત્પાદકોને ઉત્પાદન ક્ષમતા વધારવા ઉપરાંત લગભગ ૨૫ ટકા સુધી પ્રોડકશન કોસ્ટમાં ઘટાડો થવાની શકયતા છે. વધુ ઉત્પાદન અને ઓછા ખર્ચના કારણે ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં મજબૂત બનવામાં મદદ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

### હાઇસ્પીડ એરજેટ મશીનનો પણ ડેમો રજૂ થશે

આ ઉપરાંત સીટેક્ષ એક્ષ્પોમાં હાઈ ટેકનોલોજીવાળી એરજેટ મશીનરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે ૧૩,૦૦૦ ડોલરની કિંમતવાળું એરજેટ મશીન ઉપલબ્ધ છે, જ્યારે એક્ષ્પોમાં રજૂ થનાર હાઈસ્પીડ એરજેટ મશીન આશરે ૯,૫૦૦ ડોલરની કિંમતમાં ઉપલબ્ધ કરવામાં આવશે. આ મશીનનો લાઈવ ડેમો પણ રજૂ કરવામાં આવશે, જેના કારણે ઉત્પાદકોને ઓછી કિંમતમાં વધુ કાર્યક્ષમ અને ઝડપી ટેકનોલોજી અંગે માહિતગાર થવાની તક મળશે.

### નવી પોઝિશન પ્રિન્ટર મશીનરી અને પોઝિશન એમ્બ્રોઇડરી મશીનરી રજૂ કરાશે

આ એકિઝબિશનમાં આધુનિક ટેક્ષ્ટાઈલ પ્રિન્ટિંગ અને મશીનરી ક્ષેત્રની નવી અને અત્યાધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે. એઆઈ સોફટવેરથી સજ્જ ચ૪’ઝ:ન્ભ્ઘ–ણ હેડ આધારિત નવી પોઝિશન પ્રિન્ટર મશીનના નમૂનાઓ (૮ અને ૧૬ હેડ વેરિઅન્ટ) રજૂ કરવામાં આવશે. નવી પોઝિશન એમ્બ્રોઈડરી મશીનરી પણ પ્રદર્શન પણ મુકાશે. આ ઉપરાંત ફોઈલ મશીનના નમૂનાઓ તથા ડાયરેકટ–ટુ–ફેબ્રિક પ્રિન્ટર મશીનના ૧૬, ૨૪, ૩૨, ૪૮, ૬૪ અને ૯૬ હેડવાળા વિવિધ વેરિઅન્ટસ પણ પ્રદર્શિત કરવામાં આવશે, જે ઉચ્ચ ગુણવત્તાવાળા અને મોટા પાયે પ્રિન્ટિંગ માટે યોગ્ય છે.

### અદ્યતન સકર્યુલર નિટિંગ મશીન રજૂ કરાશે

આ એક્ષ્પોમાં સકર્યુલર નિટિંગ મશીનની અદ્યતન શ્રેણી પણ રજૂ કરવામાં આવશે. તેમાં સિંગલ જર્સી સકર્યુલર નિટિંગ મશીન (૩૪ ડાયમીટર × ૨૮ ગેજ × ૧૦૨ ફીડર્સ) ઓપન વિથ સાથે ૩૦થી ૪૫ આરપીએમ હાઈ સ્પીડ પર કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત ડબલ જર્સી સકર્યુલર નિટિંગ મશીન (૩૪ ડાયમીટર × ૨૮ ગેજ × ૧૦૮ ફીડર્સ) પણ પ્રદર્શિત થશે, જેમાં ઈન્ફ્રારેડ નીડલ બ્રેકેજ ડિટેકટર અને સ્ટિચ લેન્થ મીટર જેવી અદ્યતન સુવિધાઓ સામેલ છે, જે ઉત્પાદનની ગુણવત્તા અને કાર્યક્ષમતા વધારવામાં સહાયક બને છે. સીટેક્ષ પ્રદર્શન દ્વારા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના સાહસિકો, ઉત્પાદકો અને ટેકનોલોજી રસિકોને નવી પેઢીની મશીનરી અને પ્રિન્ટિંગ સોલ્યુશન્સ વિશે જાણવાની તથા આધુનિક ઉત્પાદન ક્ષમતાઓને નજીકથી સમજવાની મહત્વપૂર્ણ તક મળશે. આ રીતે સીટેક્ષ એક્ષ્પો ટેક્ષ્ટાઈલ મશીનરી ક્ષેત્રની નવીનતા, કાર્યક્ષમતા અને ખર્ચ ઘટાડતી ટેકનોલોજીઓ માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે. ટેક્ષ્ટાઈલ મશીનરી અને એન્સીલરીનું વિશાળ પ્રદર્શન હોવાથી આ એકઝીબીશનમાં ૧૬ વર્ષથી નાના બાળકોનો પ્રવેશ પ્રતિબંધિત છે, જેની નોંધ લેવા વિનંતી છે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડુમસ ખાતે સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬ કલા ઉત્સવ યોજાશે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરત શહેરમાં કલા પ્રેમીઓ માટે આકર્ષક અને અનોખો સાંસ્કૃતિક મહોત્સવ ’સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬’ કલા ઉત્સવનું આયોજન તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦થી રાત્રે ૧૦:૦૦ કલાક દરમિયાન ડુમસ સ્થિત લંગરથી કિનારા સુધી કરવામાં આવ્યું છે. ખુલ્લા અને જીવંત વાતાવરણમાં યોજાનારા આ કાર્યક્રમમાં શહેરના કલાકારો તથા સર્જકો દ્વારા વિવિધ પ્રકારની કલા કૃતિઓ, ચિત્ર પ્રદર્શન, લાઈવ આર્ટ ડેમોન્સ્ટ્રેશન, સંગીત અને અન્ય પરફોર્મન્સ રજૂ કરવામાં આવશે. આ મહોત્સવમાં મુલાકાતીઓ હેન્ડમેડ ક્રાફ્ટ્સ, સર્જનાત્મક ઉત્પાદનો અને કલાત્મક પ્રસ્તુતિઓનો અનોખો અનુભવ મેળવી શકશે.

**સમાજમાંકલાપ્રત્યેજાગૃતિલાવવાનોચેમ્બરનોપ્રયાસ**

આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ કલાને સામાન્ય જનતા સુધી પહોંચાડવાનો તથા સમાજમાં કલા પ્રત્યે રસ અને જાગૃતિ વધારવાનો છે. પરિવારમૈત્રીપૂર્ણ વાતાવરણમાં આયોજિત આ કાર્યક્રમમાં મિત્રો અને પરિવાર સાથે આવીને કલાની ઉજવણીનો માહોલ માણવા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નાગરિકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. ખુલ્લી જગ્યામાં યોજાનાર આ સાંસ્કૃતિક ઉત્સવ શહેરના યુવાનો, કલા રસિકો અને સર્જનાત્મક લોકો માટે ખાસ આકર્ષણ બનશે.

**કલાકારો માટે ભાગ લેવા તક**

કાર્યક્રમમાં વિવિધ કલાકારોને પણ ભાગ લેવા માટે તક આપવામાં આવી છે. શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ પણ કલાકાર તરીકે આ ઉત્સવમાં ભાગ લઈ શકશે. કલાકારો માટે રૂ. ૧,૦૦૦ની નામમાત્ર નોંધણી ફી નક્કી કરવામાં આવી છે, જે ઉત્સવ પૂર્ણ થયા બાદ તેઓને સંપૂર્ણ પરત આપવામાં આવશે. આ પહેલ દ્વારા નવા અને પ્રતિભાશાળી કલાકારોને પોતાના કામને લોકો સમક્ષ રજૂ કરવાની તથા કલા જગત સાથે જોડાવવાની અનોખી તક મળશે. આ રીતે સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬ સુરત શહેર માટે સર્જનાત્મકતા, કલા અને સાંસ્કૃતિક ઊર્જાનો ભવ્ય ઉત્સવ સાબિત થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

**કલા, સંગીત અને સર્જનાત્મકતા સાથે જીવંત સાંસ્કૃતિક સાંજનો અનોખો અનુભવ થશે**

## સુરત-વડોદરા સેક્શન પર બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

વડોદરા ડિવિઝનના સુરત-વડોદરા સેક્શન પર બ્રિજ નંબર ૫૫૧ પર સ્ટીલ ગર્ડરને PSC ગર્ડરથી બદલવા માટે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ અપ લાઈન પર અને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ડાઉન લાઈન પર ૩.૩૦ કલાકનો બ્લોક લાદવામાં આવશે. પરિણામે, નીચેની ટ્રેનો પ્રભાવિત થશે.

૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ અપ લાઈન બ્લોકને કારણે અસરગ્રસ્ત ટ્રેનો: ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ઉપડનારી ટ્રેન નં. ૧૯૦૨૦ હરિદ્વાર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વડોદરા ડિવિઝન પર ૨૦ મિનિટ માટે નિયમન કરવામાં આવશે. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ઉપડનારી ટ્રેન નં. ૧૯૦૧૨ દાહોદ-વલસાડ ઈન્ટરસિટી એક્સપ્રેસ, વડોદરા ડિવિઝન પર ૧૦ મિનિટ માટે નિયમન કરવામાં આવશે. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ડાઉન લાઈન પર બ્લોકને કારણે ટ્રેનો પ્રભાવિત - ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ઉપડતી ટ્રેન નં. ૧૨૬૫૬ ચેન્નાઈ - અમદાવાદ નવજીવન એક્સપ્રેસ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વડોદરા ડિવિઝન પર ૪૦ મિનિટ માટે નિયમન કરવામાં આવશે. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ઉપડતી ટ્રેન નં. ૦૯૭૨૪ બાંદ્રા ટર્મિનસ - જબલપુર સ્પેશિયલ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ઉપડતી ટ્રેન નં. ૦૯૭૨૪ બાંદ્રા ટર્મિનસ - જબલપુર વડોદરા ડિવિઝન પર ૪૦ મિનિટ માટે નિયમન કરવામાં આવશે.

## હોળીના તહેવારની મોસમ દરમિયાન પશ્ચિમ રેલ્વેએ વિવિધ ટ્રેનોના દોડ લંબાવ્યા

આગામી હોળીના તહેવારની મોસમ દરમિયાન મુસાફરોની સુવિધા માટે અને વધારાના ધસારાને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલ્વેએ વિવિધ સ્થળો વચ્ચે દોડતી ખાસ ટ્રેનોના દોડને લંબાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેનની વિગતો નીચે મુજબ છે: ૧. ટ્રેન નંબર ૦૯૦૬૫ સુરત - છાપરા સ્પેશિયલ ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૨. ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ - દરભંગા સ્પેશિયલ ૨૭ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૩. ટ્રેન નંબર ૦૯૪૪૭ અમદાવાદ - પટણા સ્પેશિયલ ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૦૬૫, ૦૯૪૬૫ અને ૦૯૪૪૭ ના વિસ્તૃત દોડ માટે બુકિંગ ૧૮.૦૨.૨૦૨૬ થી બધા કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા માટે ઉધના-રક્સૌલ સ્પેશિયલ દોડાવશે

તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલ્વેએ ૮ માર્ચ, ૨૦૨૬ ના રોજ ઉધના અને રક્સૌલ વચ્ચે ખાસ ભાડા પર એક ખાસ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેન નંબર ૦૫૫૬૦ ઉધના-રક્સૌલ સ્પેશિયલ ૮ માર્ચ, ૨૦૨૬ ના રોજ ઉધના સ્ટેશનથી ૧૫:૩૫ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦:૧૫ વાગ્યે રક્સૌલ પહોંચશે. ટ્રેન નંબર ૦૫૫૫૯ રક્સૌલ-ઉધના સ્પેશિયલ ૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ રક્સૌલથી ૦૫:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૨:૩૫ વાગ્યે ઉધના પહોંચશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

આ ટ્રેન ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સિહોર, સંત હિરદારામ નગર, બીના, લલિતપુર, વીરંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર, લખનૌ, બારાબંકી, ગોંડા, ગોરખપુર જંકશન, કપ્તાનગંજ, બગાહા, નરકટિયાગંજ અને સિક્તા સ્ટેશનો પર રોકાશે.

ટ્રેન નંબર ૦૫૫૬૦ માટે બુકિંગ ૧૮.૦૨.૨૦૨૬ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬**

# એઆઇ ફોર ઓલ

૯૦ ટકા જેટલી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) પેટન્ટ સાથે અમેરિકા, ચીન અને યુરોપ અત્યારે આગળ છે, પણ એનો અર્થ એ નથી કે રેસ પૂરી થઈ ગઈ છે અને હવે અન્ય કોઈ માટે જરાસરખો પણ અવકાશ નથી. નવી દિલ્હીમાં ૨૦મી ફેબ્રુઆરી સુધી યોજાનારી ઇન્ડિયા-એઆઇ ઇમ્પેક્ટ સમિટ ભવિષ્ય માટે અત્યંત મહત્ત્વની છે. એઆઇની દિશા શું હોવી જોઈએ, એનું મંથન આ સમિટમાં થશે, સાથે જ એ તરફ ચાલવાનો માર્ગ પણ ખૂલી શકે છે. સમિટની આ ચોથી આવૃત્તિ ગ્લોબલ સાઉથમાં યોજાઈ રહી છે અને તેમાં વિશ્વભરમાંથી ૩૫ હજાર જેટલા પ્રતિનિધિ હાજર રહેવાના છે. એઆઇ પ્રત્યેના આંક નવા અભિગમને વિકસાવવાનું માળખું ઘડવા માટે ભારત આ સમિટનો ઉપયોગ કરવા તત્પર છે. ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર (ડીપીઆઇ) પર કરેલા કામના માધ્યમથી ભારત ડિજિટલ પરિવર્તન માટે વૈકલ્પિક મોડેલનો પાયો નાખવા માગે છે, જેમાં ખાનગી નફા કરતાં જાહેર પ્રયોજનને વધુ મહત્ત્વ મળતું હોય. આ સમિટનું સૂત્ર છે - પીપલ, પ્લેનેટ એન્ડ પ્રોગ્રેસ, જે ભારત સરકારના ’સબ કા સાથ, સબ કા વિકાસ’ મંત્રને અનુરૂપ છે. અમેરિકા કે ચીનની સરખામણીમાં ભારતનો એઆઇ પ્રવાસ હજી માંડ શરૂ થયો છે. માર્ચ ૨૦૨૪માં સરકારે ઇન્ડિયા એઆઇ મિશનની શરૂઆત કરી હતી અને તે અંતર્ગત સેમિકન્ડક્ટર, એઆઇ અને મશીન લર્નિંગ જેવાં ક્ષેત્રોમાં પહેલ કરાઈ હતી. ક્લાઉડ કંપનીઓ ભારતમાં ડેટા સેન્ટર સ્થાપવા માટે આકર્ષી રહી છે. એઆઇ વિશેની ગેરમાન્યતાઓ અને ભયને પણ દૂર કરવાની દિશામાં કામ થવું જરૂરી છે. એઆઇ માટે સૌથી મોટી જરૂરિયાત છે, ડેટા અને એક રીતે આ બાબત ભારતની સૌથી મોટી શક્તિ છે. ૧.૪૦ કરોડ લોકોના દેશમાં વિવિધ ડેટાથી સશક્ત એઆઇ કૃષિ, શિક્ષણ, સ્વાસ્થ્ય સંભાળ અને કાયદા જેવાં ક્ષેત્રોમાં કમાલ કરી શકે છે. જો કે, ભારતમાં ઉપલબ્ધ ડેટાની એકરૂપતા, વૈવિધ્યતા, ઊંડાણ અને વિશ્વસનીયતા સામે પ્રશ્ન છે. વળી, એઆઇ એટલે માળખાકીય રીતે ડેટા સેન્ટર ઊભાં કરવાં એ માન્યતા પણ ભાંગવી જરૂરી છે. સરકાર આ દિશામાં પહેલ કરી રહી છે, એ આવકારદાયક બાબત છે, પણ ટેક્નોલોજી ફૂલવા-ફાલવા માટે નાવીન્ય, પ્રયોગો, સહકાર, જોખમો ખેડવા અને વૈશ્વિક સંશોધન નેટવર્ક સુધીની પહોંચ જેવી બાબતો પર આધાર રાખે છે. આથી સરકાર આગળ જતાં આ ક્ષેત્રમાં નિયમનકાર કે નિયંત્રક બનવા કરતાં ઉદ્દીપકની ભૂમિકા ભજવે એ જરૂરી છે. એઆઇના વિકાસમાં ખાનગી અને સાર્વજનિક ગોપનીયતા તથા સુરક્ષા સંબંધી ચિંતાઓને પણ નજરઅંદાજ કરી શકાય નહીં. વૈશ્વિક સંવાદમાં આ મુદ્દાઓ અત્યંત મહત્ત્વના છે અને પોતાની ક્ષમતાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ પ્રદર્શિત કરવા સાથે આ દિશામાં પણ નક્કર પગલાં માટે સર્વસંમતિ સધાય એ માટેના પ્રયત્નો આ સમિટના પરિપાક તરીકે સામે આવે એ સૌથી મહત્ત્વની બાબત છે.

## આર્થિક વિકાસમાં કડવાશ ઘોળતો મોંઘવારી વધારો

ભારતીય અર્થતંત્રનો આજે દુનિયમાં ડંકો વાગી રહ્યો છે. વિશ્વના લગભગ તમામ વિકસિત દેશ ભારતની સાથે વેપારને વધારવા તત્પર બન્યા છે.આવા ફૂલ ગુલાબી આર્થિક ચિત્રમાં મોંઘવારીનો વધી રહેલો બોજો સામાન્ય માનવીઓ માટે ચિંતા વધારી રહ્યો છે. દેશના નાગરિકો માથે મોંઘવારીની ચિંતા ન રહે એવા આદર્શ આર્થિક વિકાસની ખેવના સ્વાભાવિક રીતે ઉદ્ભવી રહી છે. ઘરેલુ વપરાશ અને નીતિલક્ષી સુધારાની મદદથી ઝડપી વિકાસની સંગાથે ભારત દુનિયાનું ચોથા ક્રમનું અર્થતંત્ર બની ગયું છે, પણ આ વિકાસના આંકડાની ગણતરીમાં જો મોંઘવારીને સ્થિર રાખવાની કે તેમાં ઘટાડો કરવાની સફળતાનો સમન્વય થાય તો સામાન્ય નાગરિકો માટે ભારતનાં અર્થતંત્રની મજબૂતાઈની પ્રતીતિ થઈ શકે. વિકાસનાં ચિત્રમાં મોંઘવારીની ચિંતા ખરા અર્થમાં ભારે વિરોધાભાસી જણાઈ રહી છે. સરકારે જાહેર કરેલા આંકડા મુજબ જાન્યુઆરીમાં મોંઘવારીનો જથ્થાબંધ ભાવાંક વધીને ૧.૮૧ ટકાએ પહોંચી ગયો હતો. ગયાં વર્ષે આ સમયગાળામાં આ મોંઘવારી માત્ર ૦.૮૩ ટકા જ હતી. આ જ રીતે છૂટક મોંઘવારી ગયા મહિને ૨.૭૫ ટકાને આંબી ગઈ. વધી રહેલી મોંઘવારીમાં મોટો હિસ્સો ખાદ્ય સામગ્રી અને જીવનજરૂરી વસ્તુઓના વધેલા ભાવોનો રહ્યો છે. સ્વાભાવિક રીતે વધેલી મોંઘવારીની સૌથી વધુ અસર ગરીબ અને મધ્યમ વર્ગને થતી હોય છે. આ વર્ગની મર્યાદિત આવકનો મોટો હિસ્સો ભોજન અને આરોગ્યની પાછળ ખર્ચાતો હોય છે. આના લીધે આ વર્ગની ખરીદશક્તિ ઘટી જતી હોવાને લીધે તેમને અન્ય ખર્ચા પર કાપ મૂકવાની ફરજ પડતી હોય છે. ઉલ્લેખનીય છે કે, ખાદ્ય પદાર્થો ઉપરાંત ઈંધણ સહિતની જરૂરી વસ્તુઓના ભાવોમાં વધારાના આધારે જથ્થાબંધ મોંઘવારીમાં ઉછાળો આવ્યો છે. વધતી-જતી મોંઘવારીમાં જે રીતે ખાદ્ય પદાર્થોના ભાવ વધી રહ્યા છે તે સૌથી વધુ ચિંતાજનક છે. સામાન્ય પરિવારની રોજબરોજની ખાવાપીવાની જરૂર તો જે રીતે મોંઘી થઈ રહી છે તે તેમના ઘરના બજેટને ખોરવી નાખે છે, જે પરિવારો રોજ કમાઈને ખાય છે તેમની સામે આ વધારો અન્ય જરૂરી વસ્તુઓમાં કાપ મૂકવા ફરજ પાડી રહ્યો છે. આ વખતે મોંઘવારીમાં જે રીતે વધારો થયો છે તેમાં સૌથી વધુ ભાવ શાકભાજીના વધ્યા છે. શાકભાજીના ભાવોનો મોંઘવારીનો આંક ૬.૭૮ ટકાને આંબી ગયો છે. આનાથી સામાન્ય વર્ગની હાલત કફોડી બની રહી હોવાનું સમજી શકાય તેમ છે. આવા પડકારભર્યા આર્થિક સંજોગોમાં સરકારે વિકાસના માપદંડમાં મોંઘવારીને નિયંત્રણમાં રાખવાનાં પગલાંનો સમાવેશ કરવાનું અનિવાર્ય બની ગયું છે. આવા કોઈ નક્કર પગલાં જ દેશને ખુશ રાખી શકશે અને જો દેશના નાગરિકોની માથે મોંઘવારીની ચિંતા નહીં હોય તો આર્થિક વિકાસની ખરી પ્રતીતિ અને આનંદથી દેશ વંચિત રહી જશે. સરકારે આ મામલે કાયમી અને નક્કર કાર્યયોજના અમલી બનાવવી જોઈશે.

### આંતરરાષ્ટ્રીય કક્ષાએ રામસર સાઇટની માન્યતા મળતાં હવે ફાયદો શું થશે

# છારીઢંઢને ‘રામસર’ રખોપાં, હવે ‘કિરો’ને રક્ષિત કરો

### એ વિશે પૂછતાં પશ્ચિમ કચ્છના નાયબ વનસંરક્ષક હર્ષ ઠક્કર કહે છે કે, ઇકો ટૂરિઝમને વેગ મળશે.

નેવુંના દાયકામાં છારીઢંઢના પ્રવાસનું સંભારણું અનેક કારણસર મનમાં કોતરાઇ ગયું છે. કચ્છમિત્રની કમાન્ડર જીપમાં વહેલી સવારે મ.કુ. હિંમતસિંહજીને લેવા ગયા... બાવાસાહેબ તરીકે ઓળખાતા હિંમતસિંહજી એટલે કચ્છના પર્યાવરણ જીવસૃષ્ટિ, વહીવટી બાબતોના અતિ જાણકાર... કચ્છની રગેરગ પિછાણે. નિર્મલસિંહના વાડીવિસ્તારમાં તેમનું ઘર. હન્ટર શૂટ, માથે ફેલ્ટ હેટ, શૂઝ પહેરીને મ.કુ. સાથે જીપમાં બેઠા. અમારા ત્યારના તંત્રી કીર્તિભાઇ ખત્રી અને ફોટોગ્રાફર તરીકે યોગેન પણ સાથે... ડિસેમ્બર ૧૯૯૭ની શરૂઆતના એ દિવસો... છારીઢંઢ પહોંચ્યા, ત્યારે તડકો નીકળી ગયો હોવાથી પક્ષીઓ છેક અંદર ચાલ્યાં ગયાં હતાં, પણ ઊંટનાં ધાડાં ને ધાડાં વિચરતાં હતાં. પંખીઓના મૂલક પર સાત-આઠ હજાર ઊંટ અને ઘેટાં-બકરાંનાં ટોળાંને ભેલાણ કરતાં જોઇને હિંમતસિંહજીએ ચિંતા દર્શાવી કે આ જાનવરો સીમાડો ઉજ્જડ કરી નાખશે. છારીઢંઢ પંખીઓ માટેનું સ્વર્ગ છે. : તપશ્ચર્યાનું પરિણામ : નખત્રાણા તાલુકામાં આવેલા આ રમણીય જળાશય વિસ્તારને સત્તાવાર રીતે રામસર સાઇટ જાહેર કરાયો છે. દાયકાઓની તપશ્ચર્યા-રજૂઆતનું આખરે સુખદ પરિણામ આવ્યું છે. કચ્છના પક્ષીવિદ્એ સહર્ષ આવકાર આપ્યો છે. મ.કુ. હિંમતસિંહજીના આત્માને સ્વર્ગમાં સુકુન મળ્યું હશે. છારીઢંઢ ગુજરાતનો પાંચમો અને કચ્છનો પ્રથમ આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત જળપ્લાવિત વિસ્તાર બન્યો છે. નાની બન્નીનો છારી- ફુલાય-ઢંઢ પંખી મેળા માટે મશહૂર છે. આ એક વિશિષ્ટ પ્રકારનો ભૂભાગ છે. કારણ કે, અહીં સૌથી વધારે સંખ્યામાં કુંજ પક્ષી આવે છે. - ઈકો ટૂરિઝમને વેગ મળશે : આંતરરાષ્ટ્રીય કક્ષાએ રામસર સાઇટની માન્યતા મળતાં હવે ફાયદો શું થશે એ વિશે પૂછતાં પશ્ચિમ કચ્છના નાયબ વનસંરક્ષક હર્ષ ઠક્કર કહે છે કે, ઈકો ટૂરિઝમને વેગ મળશે. હવે આંતરરાષ્ટ્રીય પક્ષીવિદ્દો, પ્રકૃતિપ્રેમીઓનાં આગમનથી સ્થાનિકે આસપાસનાં ગામોમાં પણ રોજગારીની તકો વધશે. - તંત્રના પ્રયાસો : અત્યારે અહીં ઈકો ટૂરિઝમ સેન્ટર છે, તેમાં હજુ સુવિધાઓનો વધારો કરવામાં આવશે, જેથી પર્યટકો રોકાણ કરી શકે. અગાઉથી બૂકિંગ પણ કરાવી શકશે. ગાઇડ રાખવામાં આવશે. આસપાસના ફુલાય, છછલા તેમજ મોટી વિરાણી સહિતનાં ગામોને ફાયદો થવાનો છે. વનતંત્ર દ્વારા જે વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે તે નજીકનાં ગામોની એક સમિતિ બનાવી સંચાલન સોંપવામાં આવશે, જેથી તેઓને રોજગારી મળે. આસપાસનાં ગામોમાં ધોરડોની જેમ રિસોર્ટ, હોમસ્ટે પણ બનાવવાનું આયોજનમાં છે. - દુનિયા આફરિન : અહીં એ નોંધનીય છે કે, દુનિયાના બાવન જેટલા દેશના અભ્યાસુઓ, કેમેરામેન, વિજ્ઞાનીઓ ’છારીઢંઢ’ને પૃથ્વી પરનાં સ્વર્ગનો ખૂણો કહી ચૂક્યા છે. યાયાવર પંખીઆનું આ ઘર છે. હિંમતસિંહજી તેનાં રક્ષણ માટે ઝઝૂમતા રહ્યા હતા. ૨૦૦૬માં ગુજરાતનું પ્રથમ જળપ્લાવિત ભૂમિ સંરક્ષણ અભયારણ્ય (વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વ) ઘોષિત કરાયું હતું. સ્થાનિક લોકોના પાણી, ચરિયાણ સહિત પરંપરાગત અધિકારો જાળવીને છારીઢંઢનું સંરક્ષણ કરવાની દિશામાં ઐતિહાસિક પહેલ થઇ હતી. ...રણપ્રદેશના રણ, દરિયો, ડુંગરના ખૂણેખૂણા ખૂંદી વળેલા વન્યજીવન, ભૂગોળ, પશુ-પંખી સહિત સમસ્ત જીવસૃષ્ટિના અભ્યાસુ અને તજજ્ઞ જુગલ કિશોર તિવારી સૂચન કરે છે કે, છારીઢંઢ સાથે કિરો ડુંગરને જિઓપાર્ક ઘોષિત કરાય, લુણાના ક્રેટર લેકનો પણ વિકાસ થાય, તો વિશ્વભરના સહેલાણી કચ્છ તરફ વધુ ખેંચાય. - ઈતિહાસમાં ડોકિયું : ’છારીઢંઢ’નું ’રામસર સંરક્ષણ સાઈટ’ જાહેર થવું બે દાયકામાં દેશ-દુનિયામાં પશુ-પંખીનાં ઘરસમાન છારીઢંઢ માટે બીજી સીમાચિહ્ન સમાન ઘટના છે, ત્યારે તેના ઈતિહાસ પર એક ઉપરછલ્લી નજર કરવી પણ રસપ્રદ રહે તેમ છે. આજથી ૫૫ વર્ષ પહેલાં બીજી ફેબ્રુઆરી, ૧૯૭૧ના દિવસે ઈરાનમાં કેસ્પિયન સમુદ્ર પાસે ’રામસર’ નામે સી-રિસોર્ટમાં દુનિયાભરના વૈજ્ઞાનિકો-તજજ્ઞો મળ્યા અને જળપ્લાવિત વિસ્તારોમાં ભવિષ્ય તેમજ સંરક્ષણ પર મંથન કર્યું. ભારતમાં ૧૯૯૮માં ઓરિસ્સાનું ઝિલ્કા સરોવર દેશના પ્રથમ ’રામસર સંરક્ષણ સાઈટ’ તરીકે જાહેર થયું. - ૧૬ કિ.મી. લંબાઇ : છારીઢંઢ રકાબી જેવો આકાર ધરાવતો એક મોસમી જળસ્રોત છે. સારા વરસાદ વખતે ૧૬ કિ.મી. લંબાઈ અને પાંચ કિ.મી. પહોળાઈવાળો આ વિસ્તાર પાણીથી ભરાઈને સૃષ્ટિની શોભા વધારી દે છે. ’છારીઢંઢ’ નામ પાછળના અર્થો પણ જાણવા જેવા છે. આ ક્ષેત્ર છારી ગામ પાસે આવેલું છે અને ’ઢંઢ’ એટલે પાણીનો ભરાવ. આ એક સિંધી શબ્દ છે. સિંધમાં વરસાદના વાવડ પૂછો એટલે લોકો કહેતા હોય છે કે, અસાં વટે ઢંઢ ભર્યા પ્યા ઐં. રજવાડાંના વખતમાં પણ આ ક્ષેત્રનું ઘણું મહત્ત્વ હતું. શિયાળાના દિવસોમાં મહેમાન બનતા ૪૦ હજારથી વધુ કુંજ તેમજ ૨૨૮ જાતનાં બે લાખથી વધુ પક્ષી છારીઢંઢને પોતાનું ઘર બનાવી લે છે. છેક રશિયાનાં પક્ષી પણ અહીં જોવા મળ્યાં છે. વરસાદ થાય, ત્યારે કિરો ડુંગર બાજુની નરા, ગજણસર સહિત ઉત્તરવાહિની નદીઓનાં પાણી આવતાં છારીઢંઢ ભરાઈ જાય છે, જેમાં આવતી માછલીઓ પક્ષીઓનું ભોજન બને છે. - સૂર્યોદય-સૂર્યાસ્ત અદ્ભુત : છારીઢંઢના સૂર્યોદય, સૂર્યાસ્ત, પશુ-પંખીઓનું અહીં વિચરણ, ભોજન લેવા સહિતની ગતિવિધિઓ જોતાં છેલ્લા બે દાયકાથી એટલે કે, ૨૦૦૫થી અહીં આવતા રહેલા દુનિયાના બાવન દેશના કવિ, લેખક, ચિત્રકાર, પત્રકાર, તસવીરકારો મંત્રમુગ્ધ થયા છે અને છારીઢંઢને પૃથ્વી પરનાં સ્વર્ગ તરીકે નવાજ્યું છે એમ જે. કે. તિવારી ઉમેરે છે. છારીઢંઢ જળપ્લાવિત ભૂમિની આસપાસના વિસ્તારોમાં પણ ૩૨ જાતનાં શિકારી પક્ષી સહિત અદ્ભુત પક્ષીસૃષ્ટિ જોવા મળે છે. દુકાળ વખતે છારીઢંઢ અમેરિકાના ટોટા જેવો સપાટ મેદાની ભાગ બની જાય છે, ત્યારે ઉંદરની ઘણી જાતો તેમજ શિકારી પક્ષીઓ આવે છે. - જોજો વિકાસનાં નામે કોઇ ચેડાં ન થાય : છારીઢંઢ એ કુદરતે હજારો વર્ષોથી રચી આપેલો રણપ્રદેશની ભૂમિ પરનો એક મોસમી જળસ્રોત છે. આ બારમાસી તળાવ કે નદી જેવો સ્રોત ન હોવાથી તેને વધુ પાણી ભરવા માટે ખોદવાની કે ઊંડાઈ વધારવાની કોશિશો કરીને તેની કુદરતી સુંદરતા સાથે ચેડાં કરવાની ગંભીર ભૂલો થવી ન જોઈએ. - કિરો જિઓપાર્ક ! : જુરાસિક કાળનાં ૧૪ કરોડ વર્ષથી વધુ જૂના અશ્મિઓ સાચવી બેઠેલા આ ’ખમતીધર’ કિરો ડુંગરનાં ક્ષેત્રને ’જિઓપાર્ક’ ઘોષિત કરાય, તો આ પ્રદેશનાં પ્રવાસન આધારિત અર્થતંત્રને પણ ગતિ મળી શકે છે. બંગાળની જાદવપુર યુનિવર્સિટીના પ્રોફેસર બારદાને આ ડુંગર પર પીએચ.ડી. કર્યું છે અને મોટી સંખ્યામાં છાત્રો અભ્યાસ માટે આવતા રહે છે. - લુણા ક્રેટર લેક : રણપ્રદેશને કુદરતની અણમોલ ભેટ સમાન કિરો ડુંગરની જેમ જ છારીઢંઢથી માત્ર ૧૬ કિ.મી. દૂર ભિટારા પાસેનાં લુણા ગામમાં એક ’ક્રેટર લેક’ છે. વૈદિક કાળમાં હડપ્પીય સંસ્કૃતિના સમયમાં ઉલ્કાપિંડ પડયો હશે. તેનાથી પડેલા ખાડાથી આ તળાવ રચાયું હોવાનું મનાય છે. છારીઢંઢને રામસર સંરક્ષણ સાઈટ ઘોષિત કરાઈ છે. એ જ રીતે કિરો ડુંગર ક્ષેત્રને જિઓપાર્ક જાહેર કરી લુણાનાં ક્રેટર લેકને પણ સાંકળી લઈ વિશ્વના પ્રવાસન નકશામાં સ્થાન અપાવવાના પ્રયાસો થાય, તો દુનિયાભરના સહેલાણીઓ આ સ્થળો તરફ ખેંચાઈ આવે. છારીઢંઢ ’રામસર’ જાહેર થતાં પ્રવાસન ક્ષેત્રે ઝડપથી અગ્રેસર કચ્છમાં નવુ આકર્ષણ ઉમેરાયું છે. અલબત્ત, છારીઢંઢ આનંદ-પ્રમોદ કે પિકનિક સ્પોટ નથી... મોજ કરવા આ સ્થળની પસંદગી ન કરજો... કાળા રસ્તા... અંતરિયાળ વિસ્તાર, હજુ સગવડો એટલી નથી... સૌથી વિશેષ એ કે, વિહંગોની દુનિયામાં વધુ પડતી ખલેલ પણ ન થવી જોઇએ...

### છાતીમાં હળવા દુખાવાને પણ હળવાશથી ન લઇ શકાય

# માઇલ્ડ હાર્ટ અટેક પણ ખતરનાક છે

- હાર્ટ સાથે સંબંધિત બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધારે લોકોના મોત થાય છે : હાર્ટ અટેક જીવલેણ છે

હાર્ટ સાથે જોડાયેલી બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધુ સંખ્યામાં લોકોના મોત થાય છે. આ જ કારણ છે કે હાર્ટ અટેકનુ નામ સાંભળતાની સાથે જ દર્દી ભયભીત થઇ જાય છે. આનુ કારણ છે કે હાર્ટ અટેકના કારણે મિનિટોની અંદર જ વ્યક્તિનુ મોત થઇ જાય છે. જો કે કેટલાક લોકોને હાર્ટ અટેકનો હળવો આંચકો આવે છે. જેને માઇલ્ડ હાર્ટ અટેક કહેવામાં આવે છે.



આ માઇલ્ડ અટેક હાર્ટ અટેકના મોટા કારણ તરીકે હોય છે. માઇલ્ડ હાર્ટ અટેક મેડર અટેકના કારણ તરીકે હોય છે. જો કે જાણકારીના અભાવમાં લોકો આને હાર્ટ બર્ન અથવા તો ગેસની સમસ્યા સમજીને નજર અંદાજ કરી નાંખે છે. જે તેમના માટે ભારે પડી જાય છે. મેક્સ હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડોક્ટર વિવેક કુમાર કહે છે કે માઇલ્ડ હાટ અટેકના પણ કેટલાક લક્ષણો રહેલા છે. માઇલ્ડ હાર્ટ અટેક શુ છે તેની વાત કરવામાં આવે તો વિવેક કહે છે કે માઇલ્ડ હાર્ટ અટેકનુ નામ સામાન્ય ભાષામાં નાના હાર્ટ અટેક તરીકે કહેવામાં આવે છે. આમાં પણ પ્રક્રિયા તો એજ હોય છે. જે હાર્ટ અટેકમાં હાર્ટને સંપૂર્ણરીતે બંધ કરી નાંખે છે. જો કે આમાં હાર્ટને સંપૂર્ણરીતે નુકસાન થતુ નથી. ટ્રેડમિલ પર દોડતી વેળા પણ હાર્ટ અટેકનો ખતરો રહે છે જેથી સાવધાની જરૂરી રહે છે. ડોક્ટર વિવેક કહે છે કે માઇલ્ડ અટેક અથવા તો નાના અટેક બાદ શરીરમાં બ્લડ ફ્લો સામાન્ય થઇ જાય છે. જેથી લોકોને લાગે છે કે આ ગેસની સમસ્યા અથવા તો હાર્ટ બર્ન સમજીને નજરઅંદાજ કરી નાંખે છે. જો કે માઇલ્ડ હાર્ટ અટેકને મોટો હાર્ટ અટેકનો સંકત કહી શકાય છે. તેને ગંભીરતાની સાથે ગણવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના મામલામાં આગામી ૩૦ દિવસોમાં ફરી એકવાર અટેક આવવાનો ખતરો રહેલો છે. આ હાર્ટ અટેક પણ મોટા હાર્ટ અટેકની જેમ જ હોય છે. જો કે આમાં દર્દીને સમય મળી જાય છે અને તે સારવાર કરાવી શકે છે. જરૂરી સાવધાની રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. માઇલ્ડ હાર્ટ અટેકમાં ભારે પણુ લાગે છે. બેચેની રહે છે. જોકે આ લક્ષણની ઇન્ટેનસિટી ઓછી હોય છે. જેથી લોકો આને નજર અંદાજ કરી નાંખે છે. હાર્ટ અટેક પોતે એક ઇમરજન્સી મેડિકલ સ્થિતી છે. જેમાં કેટલીક વખત તો દર્દીને હોસ્પિટલમાં પહોંચવા માટેનો પણ સમય મળતો નથી. પોતાના નજીકના તબીબનો તરત સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. માઇલ્ડ હાર્ટ અટેકની શક્યતા હોવાની સ્થિતીમાં દર્દીને ટ્રોપોનિન ટેસ્ટ માટેની સલાહ આપવામાં આવે છે. આમાં ઇસીજી, ઇકો અને કાર્ડિયેક એન્જાઇમ્સની ચકાસણીની સલાહ આપવામાં આવે છે. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્દિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઇન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.

### સ્વસ્થ- ફિટ રહેવા માટે હમેંશા ભુખ કરતા ઓછા પ્રમાણમાં જમો

# આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે.

### ભુખ કરતા વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આરોગ્યને લગતી નવી નવી સમસ્યા થાય છે : વધુ ભોજનથી પાચનક્રિયામાં મુશ્કેલી થાય છે

કોરોના વાયરસના કારણે હાલમાં લોકોમાં ભારે ફફડાટ છે ત્યારે લોકો ફિટનેસને જાળવવા માટે દરેક પ્રવૃતિ કરી રહ્યા છે. રોગ પ્રતિકારક ક્ષમતાને લોકો વધારી રહ્યા છે. વધતા જતા કોરોનાના ખતરા વચ્ચે ફિટનેસને જાળવી રાખવા માટે મોટા ભાગના લોકો ધ્યાન આપી શકતા નથી. શિસ્ત નહીં પાળનાર લોકો કેટલીક વખત ભુખ કરતા વધારે ભોજન કરી લે છે. આરામ કરવાના ઈચ્છુક લોકો આવી ટેવ ધરાવે છે. જો કે હાલમાં સ્વસ્થ અને ફિટ રહેવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરે તે જરૂરી છે. કેટલાક લોકો તો ફિટનેસને હાંસલ કરવા માટે જંગી રકમ ખર્ચ કરી નાંખે છે. છતાં કેટલાક લોકો આરોગ્ય મેળવી લેવામાં સફળ રહેતા નથી. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સારી હેલ્થ રાખવા માટે હમેંશા જેટલી ભુખ હોય તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવુ જોઈએ. આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે. મોટા આંતરડા અને નાના આંતરડા અમારી પાચન ક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. નિષ્ણાંત તબીબો કહે છે કે અમે જે ભોજન કરીએ છીએ તેમાંથી આંતરડા સારી અને સ્વસ્થ તેમજ પૌષ્ટિક ચીજો કાઢે છે. જ્યારે ઝેરી ચીજોને શરીરની બહાર કાઢી નાંખે છે. આંતરડા પણ યોગ્ય રીતે કામ કરી શકે તે માટે પણ કેટલાક પગલા લેવાની જરૂર હોય છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે પણ કેટલાક પગલા લેવા જોઈએ. નિષ્ણાંત લોકો કહે છે કે પોતાની ભુખ કરતા હમેંશા ઓછા પ્રમાણમાં ભોજન કરવાથી લાભ થાય છે. જ્યારે ભુખ કરતા વધારે પ્રમાણમાં જમવાના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થઇ શકે છે. વધારે જમવાથી માત્ર વજન વધતુ નથી. સાથે સાથે અમારા આંતરડાની સક્રિયતા ઓછી હોય છે. કારણ કે વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાથી ફાયદો થાય છે. તે સારી રીતે પચી જાય છે. તે આંતરડાને વધારે સક્રિય પણ રાખે છે. વાસી ભોજન કરવાથી દુર રહેવાની પણ હમેંશા જરૂર હોય છે. વાસી ચીજો ખાવાથી કેટલીક તકલફ ઉભી થઇ જાય છે. ખોરાકી ઝેરની અસર થઇ શકે છે. તે પાચન સંબંધિત તકલીફને જન્મ આપે છે. ફાઇબરયુક્ત સંતુલિત ચીજો ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. શાકભાજી, ફળફળાદી , અનાજ અને નટ્સમાં ફાઇબર ચીજો વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે. ફાઇબર આપના આંતરડાને સ્વસ્થ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પાણી પિવાના કેટલાક ફાયદા છે. આના કારણે અમે અમારા શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કરી દઈએ છીએ. આંતરડાને પણ સ્વસ્થ રાખીએ છીએ. જો તમે વધારે પ્રમાણમાં ફાયબર ભોજનમાં લઇ રહ્યા છો અને સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી પિતા નથી તો આપના આંતરડાને નુકસાન થઇ શકે છે. જેથી પુરતા પ્રમાણમાં પાણી પિવામાં આવે તે જરૂરી છે. જો તમે માંસાહારી છો અથવા તો નોન વેજેટેરિયન છો તો લીન મીટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે આંતરડાની ગતિવિધી સ્વસ્થ રહે છે. લીન મીટના કારણે ભોજન સરળતાથી પચી જાય છે. સાથે સાથે આંતરડા સારી રીતે કામ કરે છે. તેમાં પોષ્ટિક તત્વો હોય છે. જે ઈમ્યુનિટી પાવરને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લીન મીટ જેમ કે ફિશનો ઉપયોગ કરવાથી વધારે ફાયદો થાય છે. તેમાં પુરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે પાચન ક્રિયાને મજબુત બનાવે છે. સાથે સાથે પ્રોટીનની કમીને દુર કરે છે. રેડ મીટનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. રેડ મિટમાં વાસી પદાર્થોનુ પ્રમાણ વધારે હોય છે. જેના કારણે શરીરમાં વજન વધી શકે છે. આ ઉપરાંત તેમાં રહેલ કોલેસ્ટ્રોલ આંતરડા પર માઠી અસર કરે છે. આયુર્વેદ નિષ્ણાંત કહે છે કે આંતરડાને સ્વસ્થ રાખવા માટે આરામ કરવાની જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં ભોજન કરવાની ટેવ હમેંશા ઉપયોગી રહે છે.

# સલમાન ખાનના પિતા સલીમ ખાન વેન્ટિલેટર પર શિફ્ટ

## તબિયત બગડ્યા બાદ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા

સલમાન ખાનના પિતા અને દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાનને વેન્ટિલેટર પર શિફ્ટ કરવામાં આવ્યા છે. મંગળવારે સવારે મુંબઈની લીલાવતી હોસ્પિટલના આઈસીયુ (ૈંઝ્રેં) માં તેમને દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, તેમને ડોક્ટરોની કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

જોકે, હજુ સુધી તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પાછળનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. બુધવારે સવારે ૧૧ વાગ્યે પરિવારની મંજૂરી મળ્યા બાદ મેડિકલ બુલેટિન જાહેર કરવામાં આવશે.

સલીમ ખાનની તબિયત બગડ્યા બાદ પુત્ર સલમાન ખાન સહિત પરિવારના અનેક સભ્યો હોસ્પિટલ પહોંચ્યા હતા. પુત્રી અલવીરા દોડતા લીલાવતી હોસ્પિટલ જતી જોવા મળી હતી. આ ઉપરાંત તેમની બંને પત્નીઓ સલમા અને હેલન, પુત્ર અરબાઝ, જમાઈ અતુલ અગ્નિહોત્રી અને આયુષ શર્માને પણ હોસ્પિટલની બહાર જોવામાં આવ્યા હતા.



**૧૯૬૦ના દાયકામાં થઈ હતી કરિયરની શરૂઆત**

સલીમ ખાનનો જન્મ ૨૪ નવેમ્બર, ૧૯૩૫ના રોજ થયો હતો અને તેઓ હાલ ૯૦ વર્ષના છે. તેમને હિન્દી સિનેમાના સૌથી પ્રખ્યાત પટકથા લેખકોમાંના એક ગણવામાં આવે છે. સલીમ ખાને તેમની કારકિર્દીની શરૂઆત એક્ટર તરીકે કરી હતી. તેમણે ૧૯૬૦ના દાયકામાં ફિલ્મ 'બારાત'થી શરૂઆત કરી, પરંતુ તેમને મર્યાદિત અને નાની ભૂમિકાઓ મળી હતી. લગભગ બે ડઝન ફિલ્મોમાં કામ કર્યા પછી, તેમને સમજાયું કે એક્ટિંગ તેમની સાચી શક્તિ નથી. ત્યાર બાદ તેઓ લેખન તરફ વળ્યા અને પટકથા લેખનમાં પ્રવેશ કર્યો. જાવેદ અખ્તર સાથે તેમની પ્રખ્યાત સલીમ-જાવેદ જોડીએ ઘણી કલ્ટ ક્લાસિક ફિલ્મો આપી, જેમાં 'શોલે', 'દીવાર', 'ઝંઝીર' અને 'મિસ્ટર ઇન્ડિયા' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. સલીમ-જાવેદને ભારતીય સિનેમામાં સ્ટારનો દરજ્જો મેળવનારા પ્રથમ લેખકો માનવામાં આવે છે. તેમણે અમિતાભ બચ્ચનની 'એન્ગ્રી યંગમેન'ની છબિ સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સલીમ ખાન અને સલમાના લગ્ન ૧૯૬૪માં થયાં હતા.સલમાનના પિતા અને સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાને ૧૯૬૪માં સુશીલા ચરક સાથે લગ્ન કર્યા હતા. સુશીલાનો જન્મ એક મરાઠી હિન્દુ પરિવારમાં થયો હતો. સલીમ ખાન સાથે લગ્ન કરવા માટે, તેણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો અને પોતાનું નામ બદલીને સલમા રાખ્યું. સલીમના બીજા લગ્ન એક્ટ્રેસ હેલન સાથે થયા હતા, જે એક ખ્રિસ્તી છે. ફક્ત સલમાનના પિતા જ નહીં, તેના ભાઈ-બહેનો પણ અલગ-અલગ ધર્મોમાં લગ્ન કરેલાં છે. તેમને ચાર બાળકો છેઃ સલમાન ખાન, અરબાઝ ખાન, સોહેલ ખાન અને અલવીરા ખાન. બાદમાં ૧૯૮૧માં સલીમ ખાને એક્ટ્રેસ હેલન રિચાર્ડસન સાથે લગ્ન કર્યા. થોડાં વર્ષો પછી સલીમ ખાન અને હેલેને અર્પિતાને દત્તક લીધી.

# જાણીતા પીઢ અભિનેત્રી પ્રવીણા દેશપાંડેનું કેન્સરથી નિધન

હિન્દી અને મરાઠી સિનેમાના જાણીતા અભિનેત્રી પ્રવીણા દેશપાંડેએ દુનિયાને અલવિદા કહી દીધું છે. કેન્સર જેવી ગંભીર બીમારી સામે લાંબી લડાઈ લડ્યા બાદ ૬૦ વર્ષની વયે તેમનું નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી મનોરંજન જગતમાં શોકની લહેર છવાઈ ગઈ છે.



મનોરંજન જગત માટે વધુ એક દુખદ સમાચાર સામે આવ્યા છે. વરિષ્ઠ અભિનેત્રી પ્રવીણા દેશપાંડેનું મંગળવાર, ૧૭ ફેબ્રુઆરીના રોજ અવસાન થયું છે. તેઓ છેલ્લા ઘણા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. પ્રવીણા દેશપાંડેએ માત્ર ફિલ્મોમાં જ નહી પણ ટીવી સિરિયલો અને ઓટીટી પ્લેટફોર્મ પર પણ પોતાની અભિનય ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

પ્રવીણા દેશપાંડેના નિધનની જાણકારી તેમના પરિવારે સોશિયલ મીડિયા દ્વારા આપી હતી. પ્રાપ્ત અહેવાલો મુજબ, તેમને ૨૦૧૯માં બ્લડ કેન્સર હોવાનું નિદાન થયું હતું. ગંભીર બીમારી અને સારવાર ચાલતી હોવા છતાં તેમણે ક્યારેય હિંમત હારી નહોતી અને કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. તેમના અંતિમ સંસ્કાર અંધેરી પૂર્વમાં કરવામાં આવ્યા હતા. 'ૈંદ્બછછ' (સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશન) એ પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

**યાદગાર ફિલ્મો અને ટીવી કારકિર્દી**

પ્રવીણા દેશપાંડેએ હિન્દી અને મરાઠી સિનેમામાં અનેક દાયકાઓ સુધી કામ કર્યું હતું. સલમાન ખાનની સુપરહિટ ફિલ્મ 'રેડી' માં તેમનું પાત્ર ખૂબ જાણીતું થયું હતું. આ ઉપરાંત તેમણે સિદ્ધાર્થ મલ્હોત્રાની 'એક વિલન', જોન અબ્રાહમની 'પરમાણુઃ ધ સ્ટોરી ઓફ પોખરણ' અને 'જલેબી' જેવી ફિલ્મોમાં યાદગાર ભૂમિકાઓ ભજવી હતી.

**લોકપ્રિય સીરિયલોમાં પણ કામ કર્યું હતું**

ટીવીની દુનિયામાં તેઓ ઘરે-ઘરે જાણીતો ચહેરો હતા. તેમણે 'ઘર એક મંદિર', 'કુમકુમ- એક પ્યારા સા બંધન', 'કરમ અપના અપના' અને 'કુલ્ફી કુમાર બાજેવાલા' જેવી લોકપ્રિય સિરિયલોમાં કામ કર્યું હતું. તેઓ છેલ્લે ઈમરાન હાશ્મી સ્ટારર લોકપ્રિય વેબ સિરીઝ 'તસ્કરી' માં જોવા મળ્યા હતા.



# તાપસી પન્નુનો ડર? હવે OTT પર પણ નહીં ચાલે સામાજિક ફિલ્મો!

## જો આવી ફિલ્મો થિયેટરમાં નહીં ચાલે, તો OTT પ્લેટફોર્મ્સ પણ તેને ખરીદવાનું બંધ કરી દેશે

બોલીવુડમાં એક સમય એવો હતો જ્યારે મધ્યમ બજેટની, પરંતુ મજબૂત સામાજિક સંદેશ આપતી ફિલ્મો દર્શકોના દિલ જીતી લેતી હતી. આ ફિલ્મો મસાલા કે મોટા સ્ટારડમ પર નહીં, પરંતુ સાચી ઘટના, મજબૂત વાર્તા અને અસરકારક અભિનય પર આધારિત હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રકારની ફિલ્મો ઓછી થતી જોવા મળી રહી છે.

તાજેતરમાં, અસ્સીના ખાસ સ્ક્રીનિંગ દરમિયાન તાપસી પન્નુએ જે કહ્યું, તે માત્ર એક અભિનેત્રીનો ડર નથી, પરંતુ આજના સિનેમા ઈકોસિસ્ટમની કડવી હકીકત છે. તેમનું કહેવું છે કે જો આવી ફિલ્મો થિયેટરમાં નહીં ચાલે, તો OTT લેટફોર્મ્સ પણ તેને ખરીદવાનું બંધ કરી દેશે. આ વાત ચિંતાજનક છે, કારણ કે ઘણા દર્શકો આજે પણ માને છે કે "થિયેટરમાં નહીં જોશું, OTT પર જોઈ લઈશું".

### અનુભવ સિંહા અને તાપસી પન્નુની સામાજિક સિનેમાની સફર

અનુભવ સિંહા અને તાપસી પન્નુએ અગાઉ પણ સમાજને અરીસો બતાવતી ફિલ્મો આપી છે. મુલ્ક અને થપ્પડ જેવી ફિલ્મોએ સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા શરૂ કરી હતી. આવી ફિલ્મો માત્ર મનોરંજન પૂરતી નહોતી, પરંતુ વિચાર જગાવતી હતી. લોકડાઉન પહેલાં બોલીવુડમાં "મિડ-બજેટ સોશિયલ ફિલ્મ" એક મજબૂત શૈલી હતી. આર્ટિકલ ૧૫, પિંક, બાલા જેવી ફિલ્મોએ બતાવ્યું કે સમાજના ગંભીર મુદ્દાઓને પણ વ્યાપક રીતે રજૂ કરી શકાય છે.

લોકડાઉન દરમિયાન OTT પ્લેટફોર્મ્સે ઘણી ફિલ્મો ઊંચી કિંમતે ખરીદી, પરંતુ ૨૦૨૨ પછી સિસ્ટમ બદલાઈ ગઈ. હવે એક બિનસત્તાવાર નિયમ બની ગયો છે — જે ફિલ્મ બોક્સ ઓફિસ પર નહીં ચાલે, તેને OTT પર પણ જગ્યા નહીં મળે. આ કારણે ઘણી પ્રશંસિત ફિલ્મો બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ અને પછી OTT પર પણ અટકી ગઈ. ચંડીગઢ કરે આશિકી, ઝુંડ, ભીડ, બધાઈ દો જેવી ફિલ્મો તેનું ઉદાહરણ છે.

### તૈયાર ફિલ્મો પણ અટવાઈ ગઈ

તાજેતરના અહેવાલો મુજબ, છેલ્લા ૨—૩ વર્ષમાં બનેલી ૫૦થી વધુ ફિલ્મો ખરીદદારોના અભાવે રિલીઝ થવાની રાહ જોઈ રહી છે. ધ કન્ફેશન, સેક્શન ૮૪, ધ રેપિસ્ટ જેવી ફિલ્મો પણ આ યાદીમાં છે. જો દર્શકો થિયેટરમાં જઈને આવી ફિલ્મોને ટેકો નહી આપે, તો નિર્માતાઓ અને કલાકારો પણ જોખમ લેવાનું બંધ કરી દેશે. પરિણામે, તાપસી પન્નુ, આયુષ્માન ખુરાના અને યામી ગૌતમ જેવા કલાકારોને પણ મસાલા ફિલ્મોમાં જ સીમિત થવું પડશે. તેમનું કહેવું છે કે જો આવી ફિલ્મો થિયેટરમાં નહીં ચાલે, તો OTT લેટફોર્મ્સ પણ તેને ખરીદવાનું બંધ કરી દેશે. આ વાત ચિંતાજનક છે,



# રશ્મિકા-વિજયના લગ્નમાં ફિલ્મ ઉદ્યોગમાંથી કોઈને આમંત્રણ નહિ

## ૨૪મીથી વિધિઓ શરૂ : ૨૬મીએ લગ્ન પછી બંને લગભગ એક મહિનાનો બ્રેક લેશે

રશ્મિકા મંદાના તથા વિજય દેવરકોંડાના આગામી તા. ૨૬મી એ ઉદયપુરમાં યોજાનારાં લગ્નનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. એવી વાત બહાર આવી છે કે આ લગ્નમાં બોલિવુડ કે તેલુગુ ફિલ્મ ઉદ્યોગમાંથી પણ કોઈ સેલિબ્રિટીને આમંત્રણ અપાયું નથી.

યુગલના નિકટવર્તી સૂત્રોના જણાવ્યા અનુસાર બંનેના પરિવારજનો તથા કેટલાક ચુનંદા મિત્રોની મર્યાદિત હાજરીમાં જ લગ્ન આટોપાવાના છે. લગ્નના ફોટા લીક ન થાય તે માટે તમામ મહેમાનોને લગ્ન સ્થળે મોબાઈલ ચાલુ નહિ રાખવા જણાવી દેવાયું છે. લગ્ન સંબંધિત વિધિઓ ૨૪મી ફેબ્રુઆરીથી શરુ થઈ જશે. તેમાં અંગત સ્વજનોને જ આમંત્રણ અપાયું છે. ફિલ્મ ઉદ્યોગના મિત્રો માટે હૈદરાબાદમાં અલગથી રિસેપ્શન યોજાવાનું છે. રશ્મિકા અને વિજય બનેએ પોતાનાં હસ્તાક્ષરમાં મિત્રોને આ રિસેપ્શન માટે આમંત્રણ પવ્યાં હોવાનું કહેવાય છે. લગ્ન બાદ રશ્મિકા તથા વિજય બંને આશરે એક મહિનાનો બ્રેક લેશે તેવી સંભાવના છે.

# સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતાનું થયું નિધન, ઘણા સમયથી હતા બીમાર



સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતા સુનીલ મલ્હોત્રાનું અવસાન થયું છે. સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા તાત્કાલિક અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે દિલ્હી ગયા. બોલીવુડમાંથી ખૂબ જ દુઃખદ સમાચાર આવી રહ્યા છે. હિન્દી સિનેમાના પોપ્યુલર એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતા સુનિલ મલ્હોત્રાનું અવસાન થયું છે. તેમના અવસાનથી સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. સમાચાર મળતાં જ સિદ્ધાર્થ અને કિયારા તાત્કાલિક દિલ્હી ગયા અને અંતિમ સંસ્કારમાં હાજરી આપી. સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતા સુનીલ મલ્હોત્રાનું ૧૪ ફેબ્રુઆરી, શનિવારના રોજ દિલ્હીમાં અવસાન થયું. સિદ્ધાર્થ અને કિયારા અડવાણી તાત્કાલિક દિલ્હી પહોંચ્યા અને અંતિમ સંસ્કાર પૂર્ણ થયા પછી પણ પરિવાર સાથે છે. પરિવારે પ્રાઈવસી રાખવાની પણ વિનંતી કરી છે. મીડિયા રિપોર્ટ મુજબ સિદ્ધાર્થના પિતા લાંબા સમયથી બીમાર હતા. પરિવાર સુનીલ મલ્હોત્રાના મૃત્યુથી ખૂબ જ દુઃખી અને શોકમાં છે. સિદ્ધાર્થ તેના પિતાની ખૂબ નજીક હોવાનું કહેવાય છે અને તેમના મૃત્યુથી તે ખૂબ જ દુઃખી છે. ગયા વર્ષે એક વાતચીત દરમિયાન સિદ્ધાર્થ મલ્હોત્રાએ તેના પિતાના સ્વાસ્થ્યને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. તેને કહ્યું હતું કે તેને ક્યારેક કામ માટે મુંબઈમાં રહેવાનો અફસોસ થાય છે, જ્યારે તેની માતા તેના પિતાની સંભાળ રાખવા માટે દિલ્હીમાં રહે છે.

# જામીન મળતા રાજપાલ યાદવ જેલમાંથી બહાર આવ્યો એક્ટરે કહ્યું- 'આરોપોના જવાબ આપવા તૈયાર છું'

## હાઈકોર્ટ, ચાહકો અને ઈન્ડસ્ટ્રીનો આભાર માન્યો

બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં દિલ્હી હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા બાદ તિહાડ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. મંગળવારે મુક્તિની ઔપચારિકતાઓ પૂરી કર્યા બાદ તે જેલમાંથી બહાર આવ્યો અને કહ્યું કે, તે તમામ આરોપોનો જવાબ આપશે. તેણે કોર્ટનો આભાર પણ માન્યો.



મીડિયા સાથેની વાતચીતમાં રાજપાલ યાદવે કાનૂની પ્રશ્નો પર સીધી ટિપ્પણી કરવાનું ટાળતા કહ્યું કે, સંપૂર્ણ માહિતી માટે તેના વકીલ ભાસ્કર ઉપાધ્યાયનો સંપર્ક કરી શકાય છે.

રાજપાલ યાદવે કહ્યું કે, તે છેલ્લા ૩૦ વર્ષથી મુંબઈ અને બોલિવૂડનો હિસ્સો છે. આ સમયગાળા દરમિયાન તેને ઈન્ડસ્ટ્રી અને દર્શકોનો ભરપૂર સાથ અને પ્રેમ મળ્યો, જેના કારણે તે લગભગ ૨૫૦ ફિલ્મોમાં કામ કરી શક્યો.

તેણે દાવો કર્યો કે, છેલ્લા વર્ષોમાં અદાલતના આદેશોનું પાલન કરતા તે નિયમિતપણે હાજર રહ્યો છે અને ભવિષ્યમાં પણ જ્યાં આદેશ હશે, ત્યાં ઉપસ્થિત રહેશે.

એક્ટરે પોતાના સમર્થકોનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, સોશિયલ મીડિયા પર અને તેની બહાર પણ તેને લોકોનો ટેકો મળ્યો છે. રાજપાલે કહ્યું કે જો તેની વિરુદ્ધ કોઈ આરોપ હોય, તો તે ૧૦૦ ટકા દરેક જગ્યાએ જવાબ આપવા માટે ઉપલબ્ધ છે. વાતચીતના અંતે તેણે હાઈકોર્ટનો આભાર માનતા કહ્યું કે, અદાલતે તેને પોતાની વાત રજૂ કરવાની તક આપી.

નોંધનીય છે કે, ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવે ૫ ફેબ્રુઆરીએ દિલ્હીની તિહાડ જેલમાં આત્મસમર્પણ કર્યું હતું.

વર્ષ ૨૦૧૦માં રાજપાલ યાદવે ફિલ્મ 'અતા પતા લાપતા' બનાવવા માટે પ્રાઈવેટ કંપની મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી ૫ કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ ફિલ્મ ફ્લોપ રહી અને રાજપાલ યાદવને આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો.

રાજપાલ સમયસર લોનની રકમ ચૂકવી શક્યો નહી. લોન લેતી વખતે રાજપાલે કંપનીને જે ચેક આપ્યા હતા, તે બાઉન્સ થઈ ગયા, જેના પછી એક્ટર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી. બંને પક્ષો વચ્ચે સમાધાન છતાં સંપૂર્ણ ચુકવણી થઈ ન હતી અને સમય જતાં વ્યાજ ઉમેરાતું ગયું, જેના કારણે કુલ દેવું ઘણું વધી ગયું.

વર્ષ ૨૦૧૮માં દિલ્હીની કડકડડૂમા કોર્ટે રાજપાલ યાદવને દોષિત ઠેરવ્યો અને તેને છ મહિનાની જેલની સજા સંભળાવી. આ પછી તેણે ઉચ્ચ અદાલતમાં અપીલ કરી, જ્યાં તેને ઘણી વખત રાહત મળી, કારણ કે તેણે ચુકવણી અને સમાધાનનું આશ્વાસન આપ્યું હતું.

જોકે, ફેબ્રુઆરીની શરૂઆતમાં દિલ્હી હાઈકોર્ટે એક્ટરને અગાઉ આપવામાં આવેલી છૂટછાટો અને સમયમર્યાદા વધારવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે તેને ૪ ફેબ્રુઆરી સુધીમાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો, જેના પછી તેણે ૫ ફેબ્રુઆરીના રોજ સાંજે લગભગ ૪ વાગ્યે આત્મસમર્પણ કર્યું.



# ફરહાન-રણવીર વચ્ચે તકરારમાં પ્રોડયૂસર ગિલ્ડ મધ્યસ્થી કરશે

રણવીરે પોતે 'ડોન થ્રી' ફિલ્મ છોડી દેતાં ફરહાન અખ્તરને થયેલાં ૪૦ કરોડના નુકસાનનું વળતર ચૂકવવાનો ઈન્કાર કરી દેતાં બંને વચ્ચે થયેલી તકરાર સમગ્ર બોલિવુડમાં ચર્ચાનો વિષય બની છે. હવે બંને વચ્ચે સમાધાના પ્રયાસો થઈ રહ્યા છે. પ્રોડયૂસર ગિલ્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આ મામલે મધ્યસ્થી થાય તેવી સંભાવના છે. પ્રોડયૂસર ગિલ્ડ ઓફ ઈન્ડિયાને હજુ આ તકરાર અંગે કોઈ ઔપચારિક ફરિયાદ મળી નથી. પરંતુ, તે પણ સમાધાન કરાવવા માટે પ્રયત્નશીલ બની રહ્યું છે. બીજી તરફ એક ચર્ચા અનુસાર આમિરના ઘરે પણ ફરહાન અખ્તર તથા તેના પાર્ટનર રિતેશ સિધવાની સહિત કેટલાક બોલિવુડ નિર્માતાઓની બેઠક મળી હતી. તેમાં નિર્માતાઓએ ચિંતા વ્યક્ત કરી હતી કે રણવીર જેવું જ વલણ અન્ય કલાકારો પણ અપનાવે અને નિર્માતાઓને આર્થિક નુકસાન થાય તે પહેલાં આ બાબતે કોઈ નીતિ નક્કી કરવી જરુરી છે. જોકે, બાદમાં આમિરે પોતે કોઈ મધ્યસ્થી કરવાનો હોવાનું નકાર્યું હતું. રણવીરે 'ડોન થ્રી' છોડી દેતાં ફરહાને પ્રિ પ્રોડક્શન સહિત અન્ય બાબતો પર ખર્ચેલા ૪૦ કરોડ રુપિયા એળે ગયા છે. તેણે રણવીરને આ નુકસાનનું વળતર ભરપાઈ કરી દેવા જણાવ્યું છે પરંતુ રણવીર તે માટે ધરાર ઈન્કાર કરી રહ્યો છે.

# ઝિમ્બાબ્વે માટે વરસાદ 'વરદાન' સાબિત થયો

## સુપર ૮ માટે ક્વોલિફાય, ઓસ્ટ્રેલિયા બહાર

### એક પણ બોલ ફેંકાયા વિના ઝિમ્બાબ્વે-આર્યલેન્ડ મેચનું પરિણામ જાહેર કરવામાં આવ્યું

વરસાદના કારણે ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં આયર્લેન્ડ અને ઝિમ્બાબ્વે વચ્ચેની ગ્રુપ મ્ની મહત્વપૂર્ણ મેચ રદ કરવામાં આવી હતી અને એક પણ બોલ ફેંકાયા વિના પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ટેકનિકલી, કોઈપણ ટીમ જીતી ન હતી, પરંતુ પરિસ્થિતિનો સૌથી વધુ ફાયદો ઝિમ્બાબ્વેને થયો હતો અને વર્લ્ડ કપ ૨૦૨૬માં સૌથી મોટો અપસેટ સર્જનારી ટીમે સુપર આઠમાં સ્થાન મેળવ્યું હતું. જ્યારે ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે. ઝિમ્બાબ્વેએ તેમની ત્રણ મેચમાંથી બે જીતી હતી, જેમાં એક રદ થઈ ગઈ હતી, જેના કારણે તેમને પાંચ પોઈન્ટ મળ્યા હતા.



શ્રીલંકા તેમની ત્રણ મેચમાંથી ત્રણ જીતીને આ ગ્રુપમાંથી ક્વોલિફાય થઈ ગયું છે. આયર્લેન્ડે ચાર મેચ રમી હતી, જેમાં એક જીતી હતી અને બે હારી હતી. તેમના કુલ ત્રણ પોઈન્ટ છે, પરંતુ તેમનો નેટ રન રેટ (૦.૧૫૦) ઓછો છે. ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચ રમી હતી, જેમાં એક જીતી હતી અને બે હારી હતી, અને બે પોઈન્ટ પણ મેળવ્યા હતા. તેમનો નેટ રન રેટ ૦.૪૧૪ હતો, પરંતુ તેમની ઓછી જીતે તેમને આગળ વધતા અટકાવી હતી. ઓમાન ત્રણ મેચ રમી હતી અને ત્રણેય હારી ગઈ હતી, કોઈ પોઈન્ટ મેળવ્યો ન હતો, અને તેમનો નેટ રન રેટ નોંધપાત્ર રીતે ઘટી ગયો હતો.

# અંડરડોગ્સથી અદ્ભુત ગર્જના સુધી: સુપર ૮ માં ઝિમ્બાબ્વેની વિજયગાથા



ક્રિકેટના વિશાળ આકાશ નીચે, જ્યાં પરંપરાગત મહાશક્તિઓનું પ્રભુત્વ માનવામાં આવે છે, ત્યાં એક ટીમે વિશ્વને યાદ અપાવ્યું છે કે સંકલ્પ, શ્રદ્ધા અને અવિરત સંઘર્ષ ક્યારેય વ્યર્થ નથી જતા — Zimbabwe national cricket team.

વર્ષો સુધી "અંડરડોગ્સ" તરીકે ઓળખાતી ઝિમ્બાબ્વે ટીમને ઘણીવાર શરૂઆત પહેલાં જ પરાજિત માનવામાં આવી. પરંતુ ક્રિકેટ એ માત્ર આંકડાઓનો હિસાબ નથી — તે આત્મવિશ્વાસ, સાહસ અને સપનાઓનો ઉત્સવ છે.

સુપર ૮ સુધીનો તેમનો પ્રવાસ કોઈ સંજોગોની કૃપા નથી, પરંતુ સંઘર્ષની સિદ્ધિ છે. દરેક રન પાછળ પરિશ્રમનો પરિચય હતો, દરેક વિકેટ પાછળ અડગ વિશ્વાસ. કોઈ આડંબર નહી, કોઈ અતિશય ચર્ચા નહી — માત્ર જીતવાની તીવ્ર લાલસા.

અને પછી આવ્યો તે ઐતિહાસિક ક્ષણ — વિશ્વ ક્રિકેટના દિગ્ગજ સમાન Australia national cricket team સામેની વિજયગાથા. આ માત્ર એક મેચનુ પરિણામ ન હતુ; આ એક ઘોષણા હતી. પ્રતિષ્ઠા કરતાં પ્રદર્શન મહાન છે, નામ કરતાં નિષ્ઠા શક્તિશાળી છે.

આ દૃશ્ય આપણને ઈતિહાસના પાનાઓ તરફ દોરી જાય છે. એક સમય હતો જ્યારે India national cricket team પણ વિશ્વ મંચ પર "અંડરડોગ" ગણાતી. પરંતુ ૧૯૮૩ના વિશ્વ કપમાં *Cricket Wrold Cup*ની ઐતિહાસિક જીતે બધું બદલી નાખ્યું. તે દિવસ પછી ભારત માત્ર ભાગ લેનાર ટીમ ન રહી — તે વિશ્વ ક્રિકેટની ગર્જના બની ગયું.

જે રીતે ભારતે પોતાના સંઘર્ષને વિજયમાં પરિવર્તિત કર્યો, તેવી જ રીતે ઝિમ્બાબ્વે પણ ભવિષ્યમાં વૈશ્વિક શક્તિ બની શકે છે. આજે તેઓ સંકેત આપી રહ્યા છે; કાલે કદાચ તેઓ ઈતિહાસ રચશે.

આ માત્ર સુપર ૮ માં પ્રવેશ નથી — આ એક પુનર્જાગરણ છે. આ ગર્જના છે, જે વિશ્વને સંદેશ આપે છે કે ક્રિકેટ હવે મર્યાદિત શક્તિઓની રમત નથી રહી.

અંડરડોગ્સ હવે શાંત નથી — તેઓ ગર્જી રહ્યા છે.

અને કદાચ આવનારા વર્ષોમાં, જ્યારે ઈતિહાસ ફરીથી લખાશે, ત્યારે ઝિમ્બાબ્વેનું નામ પણ તે ગૌરવગાથામાં તેજસ્વી અક્ષરોમાં લખાયેલું હશે. ક્રિકેટ પોતાના શ્રેષ્ઠ સ્વરૂપમાં છે — અને આ પરિવર્તનની ધ્વનિ ઝિમ્બાબ્વેની ગર્જનામાં સ્પષ્ટ સંભળાય છે.

# આજે અભિષેકના ઝંઝાવાત માટે અમદાવાદીઓ આતુર

### ટી૨૦ વર્લ્ડ કપમાં આજે શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફેવરિટ ભારત અને નેધરલેન્ડ્સ ટકરાશે, સાંજે ૭.૦૦થી પ્રારંભ



કટ્ટર હરીફ પાકિસ્તાનનું ગુમાન તોડ્યા બાદ અગાઉ કરતાં પણ વધારે ફોર્મમાં આવી ગયેલી ભારતીય ક્રિકેટ ટીમ આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપના સુપર-૮ રાઉન્ડમાં તો ક્વોલિફાઈ થઈ ચૂકી છે પરંતુ આગામી મહત્વની મેચો અગાઉ તે પોતાની ધાર ચકાસી લેવા પ્રયાસ કરશે અને તેમાં ય આક્રમક ઓપનર અભિષેક શર્મા અમદાવાદમાં ઝંઝાવાતી બેટિંગ કરે તેવી અપેક્ષાથી તે બુધવારે નેધરલેન્ડ્સ સામે ટકરાશે. નેધરલેન્ડ્સની ટીમ આમ તો બહાર ફેંકાઈ ગઈ છે તેમ છતાં નેટ રનરેટના માર્ગે આગળ ધપવાની તેની રહીસહી તક અંગે પણ આ મેચમાં પરિણામ આવી જશે. અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચનો સાંજે ૭.૦૦ કલાકે પ્રારંભ થશે. મોદી સ્ટેડિયમ ખાતે આ મેચ અગાઉ ટુર્નામેન્ટની ત્રણ મેચ રમાઈ છે અને તમામમાં સારો સ્કોર જોવા મળ્યો હતો ત્યારે આ મેચમાં ભારત પાસે જંગી સ્કોર રજૂ કરવાની તક રહેલી છે અને સાથે સાથે સાંજના સમયે તેના સ્પિનર્સ કેવી બોલિંગ કરે છે તેની પણ ચકાસણી થઈ શકે છે. છેલ્લે અહીં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે સાઉથ આફ્રિકાએ જે રીતે બેટિંગ કરી તે લાજવાબ રહી હતી. શનિવારે રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડનો ૧૭૫ રનનો સ્કોર સાઉથ આફ્રિકાએ માત્ર ત્રણ વિકેટ ગુમાવીને ૧૮મી ઓવરમાં જ વટાવી દીધો હતો.

આમ અહીંની પિચ પર રનના ઢગલા થઈ શકે છે. આ સંજોગોમાં સૂર્યકુમાર યાદવ ઈચ્છશે કે તેનો આક્રમક ઓપનર અભિષેક શર્મા બુધવારે મોદી સ્ટેડિયમ ખાતે તેની મૂળ શૈલીની બેટિંગ કરીને નેધરલેન્ડ્સના ઓછા અનુભવી બોલિંગ આક્રમણ સામે લાંબી ઈનિંગ્સ રમીને ભારતે જંગી સ્કોર ખડકવામાં મદદરૂપ બને.

છેલ્લા દોઢેક વર્ષથી અભિષેકે પોતાને વર્તમાન ક્રિકેટનો સૌથી ઝંઝાવાતી બેટર પુરવાર કરી દીધેલો છે. જોકે વર્તમાન ટુર્નામેન્ટમાં તેની આ આક્રમક બેટિંગની ઝલક જોવા મળી નથી કેમ કે તે એક મેચમાં રમ્યા બાદ બીમાર પડ્યો હતો અને હોસ્પિટલમાંથી પરત આવ્યા બાદ દિલ્હી ખાતે નામિબિયા સામે રમી શક્યો ન હતો પરંતુ રવિવારે તે પાકિસ્તાન સામે રમ્યો અને સાવ નિષ્ફળ રહ્યો હતો. હવે બુધવારે તેની પાસેથી અમદાવાદમાં આક્રમક શૈલીની ઝલક જોવાની અપેક્ષા રખાય છે. અભિષેક આ ટુર્નામેન્ટમાં હજી સુધી એકેય રન કરી શક્યો નથી.

અભિષેક ઉપરાંત ભારત પાસે ઈશાન કિશનના રૂપમાં વધુ એક ઝંઝાવાતી ઓપનર છે. કિશન હાલમાં જોરદાર ફોર્મ ધરાવે છે. બે દિવસ અગાઉ પાકિસ્તાન સામે અન્ય બેટર્સ નિષ્ફળ જઉ રહ્યા હતા ત્યારે તેણે ૪૦ બોલમાં ૭૭ રન ફટકારીને ટીમને સફળતા અપાવી હતી અને પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો.

વર્તમાન વર્લ્ડ કપમાં ભારત અત્યાર સુધી ત્રણ મેચ રમ્યું છે અને તમામમાં તેણે પ્રથમ બેટિંગ કરીને વિજય હાંસલ કર્યા છે. આ રીતે બુધવારે પણ ડચ ટીમ સામે તે પ્રથમ બેટિંગ કરે તેવી સંભાવના છે. આનું બીજું કારણ એ પણ છે કે ભારતીય બોલર્સ ટીમના નાના કે મોટા કોઈ પણ સ્કોરને ડિફેન્ડ કરી શકે છે. રવિવારે પાકિસ્તાન સામે પણ આમ જ બન્યું હતું જ્યાં હાર્દિક પંડ્યા, બુમરાહ અને અક્ષર પટેલે પોતાના સ્પેલની પહેલી જ ઓવરમાં વિકેટ લીધી હતી તો બાકીના બોલર્સે પણ નિરાશ કર્યા ન હતા.

ભારતીય ટીમ: ભારત: સૂર્યકુમાર યાદવ (સુકાની), અભિષેક શર્મા, તિલક વર્મા, સંજુ સેમસન, શિવમ દૂબે, ઈશાન કિશન, હાર્દિક પંડ્યા, અર્શદીપ સિંઘ, જસપ્રિત બુમરાહ, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર અને રિન્કુ સિંઘ.

# આજે નામિબિયા સામેની મેચમાં જીતવું પાકિસ્તાન માટે ફરજિયાત



આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાને બાદ કરતાં મોટા ભાગની મેજર ટીમો આગામી રાઉન્ડ માટે ક્વોલિફાઈ થઈ રહી છે ત્યારે પાકિસ્તાન હજી પણ આ સફળતા હાંસલ કરી શક્યું નથી અને હાલમાં તે કટોકટીમાં આવી ગયું છે. અત્યારે સ્થિતિ એ છે કે બુધવારે નામિબિયા સામેની મેચમાં તેણે જીતવું ફરજિયાત બની ગયું છે અને તેમાં ય તેને નેટ રનરેટ પણ સુધારવો પડશે. પાકિસ્તાન અને નામિબિયા વચ્ચે બુધવારે એ-ગ્રૂપની લીગ મેચ રમાશે. બપોરે ૩.૦૦ કલાકે મેચનો પ્રારંભ થશે.

આ ગ્રૂપમાં ટાઈટલ માટેની ફેવરિટ ભારતીય ટીમે અગાઉથી જ ક્વોલિફિકેશન હાંસલ કરી લીધું છે પરંતુ ૨૦૨૪ના વર્લ્ડ કપની માફક યુએસએની ટીમ આ વખતે પણ પાકિસ્તાનને ભારે પડી રહી છે. પોઈન્ટ ટેબલમાં બહેતર નેટ રનરેટને કારણે યુએસએની ટીમ હાલમાં ભારત બાદ બીજા ક્રમે છે જ્યારે પાકિસ્તાન ત્રીજા ક્રમે છે.

બંને ટીમ ચાર ચાર પોઈન્ટ ધરાવે છે પરંતુ યુએસએ +૦.૭૮૭નો રેટ ધરાવે છે જેની સરખામણીએ પાકિસ્તાન -૦.૪૦૩નો રેટ ધરાવે છે. જોકે પાકિસ્તાનને કદાચ નેટ રનરેટની ચિંતા નહીં હોય કેમ કે તે નામિબિયાને હરાવીને છ પોઈન્ટ સાથે આગેકૂચ કરી જશે. પરંતુ આ મેચમાં તેનો પરાજય થાય તો તે બહાર થઈ શકે છે. આમ પાકિસ્તાન માટે આ મેચ સાવ આસાન નહીં રહે. સલમાન આગાની ટીમ સરળતાથી આગળ ધપી રહી હતી પરંતુ ભારત સામે તેનો મોટા અંતરથી પરાજય થયો અને બીજી તરફ યુએસએએ નેધરલેન્ડ્સ અને નામિબિયા એમ બે ટીમ સામે વિજય હાંસલ કરીને પોતાનો રેટ બહેતર બનાવી દીધો હતો. આમ પાકિસ્તાન અચાનક જ તનાવમાં આવી ગયું છે. વર્તમાન ટુર્નામેન્ટમાં પાકિસ્તાને જે રીતે પ્રદર્શન કર્યું છે તે જોતાં આ મેચમાં જીતવું તેના માટે કપરી બાબત હોઈ શકે નહીં પરંતુ નામિબિયા પાસે પ્રતિભાશાળી ખેલાડીઓ છે.

# WTT સ્ટાર કન્ટેન્ડર ટીટીમાં હરમિત દેસાઈ અને યશસ્વિનીને સિલ્વર મેડલ



ભારતની સ્ટાર જોડી હરમિત દેસાઈ અને યશસ્વિની ઘોરપાડેએ ડ્ સ્ટાર કન્ટેન્ડર ચેન્નાઈ ૨૦૨૬ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં મિક્સ ડબલ્સમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને અંતે રનર્સ અપ રહેતા સિલ્વર મેડલથી સંતુષ્ટ રહ્યા હતા. અલ્ટિમેટ ટેબલ ટેનિસ અને શરથ કમાલ એકેડમીના ઉપક્રમે તામિલનાડુ ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં આ ઈવેન્ટ યોજાઈ હતી.

ફાઈનલમાં હરમિત અને ઘોરપાડેની જોડીનો મુકાબલો વિશ્વના ૧૩મા ક્રમના અને અનુભવી એવા રોમાનિયાના એડુઆર્ડ આઈઓનેસ્કુ અને બનાડિટે સ્કોઝસ્ક સામે હતો. અગાઉના રાઉન્ડમાં અત્યંત મજબૂત રમત છતાં ભારતીય જોડી અંતે ૦-૩ (૯-૧૧, ૨-૧૧, ૮-૧૧)થી હારી ગઈ હતી અને સિલ્વર મેડલ જીતી હતી. આ પરાજય છતા WTT સ્ટાર કન્ટેન્ડરની આ આવૃત્તિમાં ભારત માટે હરમિત અને યશસ્વિની સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારી જોડી રહી હતી. આ જોડીએ ટુર્નામેન્ટમાં શાનદાર શરૂઆત કરી હતી. તેમણે રોમાનિયાની દારિયસ મોવિલેનુ અને આન્દ્રીયા ડ્રેગોમાનની જોડીની રાઉન્ડ ઓફ ૧૬માં ૩-૦થી હરાવી હતી. ક્વાર્ટર ફાઈનલમાં ભારતીય જોડીએ પોતાના જ દેશના અંકુર ભટ્ટાચાર્યજી અને સ્વસ્તિકા ઘોષની જોડીને ૩-૧ (૧૧-૮, ૧૧-૯, ૧૨-૧૦, ૧૧-૮)થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જ્યાં તેમનો મુકાબલો અન્ય એક ભારતીય જોડી પાયસ જૈન અને સિન્ડ્રેલા દાસ સામે હતો. હરમિત અને ઘોરપાડેની વિશ્વની ૩૩મા ક્રમની જોડીને ૩-૦ (૧૧-૯, ૧૧-૬, ૧૧-૯)થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

# નેધરલેન્ડ સામે બુમરાહને આરામ મળશે નહીં? બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્પષ્ટ કર્યું - દરેક મેચ મહત્વપૂર્ણ



ભારતીય ટીમ બુધવારે ગ્રુપ સ્ટેજના છેલ્લા મેચમાં નેધરલેન્ડ સામે મેદાનમાં ઉતરશે. ટીમ પહેલેથી જ સુપર આઠમાં પહોંચી ગઈ છે, તેથી બેન્ચ સ્ટ્રેન્થને પારખવાની તક છે. જસપ્રીત બુમરાહે ત્રણમાંથી બે મેચ રમ્યા છે અને ઘણા લોકોને લાગતું હતું કે તેમને નેધરલેન્ડ સામે આરામ આપી શકાય છે. પરંતુ બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્પષ્ટ કરી દીધું કે એવું નહીં થાય.

કોટકે મંગળવારે પ્રી-મેચ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'મને નથી લાગતું કે બુમરાહને આરામ આપવામાં આવશે. આ વિશે પછી નિર્ણય લેવાશે.' રવિવારે પાકિસ્તાન સામેના મેચમાં બુમરાહે સઈમ અયુબ અને કપ્તાન સલમાન અલી આગાના મહત્વના વિકેટ લીધી હતા, જે બાદ પાકિસ્તાનને ૬૧ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

બીસીસીઆઈની સ્પોર્ટ્સ સાયન્સ ટીમ બુમરાહના વર્કલોડનું સાવધાનીપૂર્વક વ્યવસ્થાપન કરી રહી છે અને જરૂર પડ્યે તેમને સમયાંતરે આરામ આપવામાં આવે છે. અભિષેક શર્માની ફિટનેસ અંગે કોટકે સકારાત્મક જવાબ આપ્યો. અભિષેક નામિબિયા સામે પેટના ઈન્ફેક્શનને કારણે રમી શક્યો નહોતો અને પાકિસ્તાન સામે શૂન્ય પર આઉટ થયો. કોટકે કહ્યું, 'અભિષેકની તબિયત ઠીક નહોતી. છેલ્લા મેચમાં તે પહેલા ઓવરમાં જ આઉટ થયો. અમે વધુ વિશ્લેષણ નથી કરવા માંગતા. હવે તે ઠીક છે.' કોટકે વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશનની તારીફ કરી. તેમણે કહ્યું, 'તે પોતાના શરૂઆતના દિવસોથી જ આત્મવિશ્વાસથી ભરપૂર છે. ટી૨૦ ક્રિકેટમાં આનાથી મદદ મળે છે. વર્લ્ડ કપ શરૂ થયા પછીથી અમે જોયું છે કે કોઈ પણ ટીમ કોઈ પણ ટીમને હરાવી શકે છે અને આ જ કારણ છે કે દરેક મેચ મહત્વપૂર્ણ છે.'

# કેનેડાના યુવરાજ સામરા, મોસ્કા બ્રધર્સ, શેડલી જેવા ખેલાડીઓએ દિગ્ગજ ક્રિકેટરોના છક્કા છોડાવ્યા



કેનેડાના યુવરાજ સમરાએ પોતાની સદીથી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. આ T20 વર્લ્ડ કપમાં, એસોસિએટ રાષ્ટ્રોના ઘણા ખેલાડીઓ છે જેમણે પોતાના પ્રદર્શનથી માત્ર આશ્ચર્યચકિત જ નથી કર્યા પરંતુ મોટી ટીમોને પણ હારની અણી પર લાવી દીધી છે. કેમ ચર્ચામાં: તેણે ન્યૂઝીલેન્ડની એક મજબૂત ટીમ સામે શાનદાર સદી (૧૧૦ રન) ફટકારી. તે ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં એસોસિયેટ રાષ્ટ્ર તરફથી સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો. કેમ ચર્ચામાં: આ ઈટાલિયન ભાઈઓની જોડીએ નેપાળ સામેની ઐતિહાસિક ૧૦ વિકેટની જીતમાં શાનદાર ભાગીદારી કરી.

# નેપાળે જીત સાથે વર્લ્ડ કપ અભિયાનનો અંત કર્યો, સ્કોટલેન્ડને આપી માત : દીપેન્દ્રની ફિફ્ટી

ICC Men's T20 Wrold Cup 2026માં નેપાળે સ્કોટલેન્ડને ૭ વિકેટથી હરાવી ગ્રુપ સ્ટેજની છેલ્લી મેચમાં જીત સાથે અભિયાન પૂર્ણ કર્યું. સ્કોટલેન્ડે પહેલા બેટિંગ કરતાં માઈકલ જોન્સના ૭૧ રનની મદદથી ૨૦ ઓવરમાં ૧૭૦/૭ બનાવ્યા.

જવાબમાં નેપાળે ૧૯.૨ ઓવરમાં ૧૭૧/૩ બનાવી મેચ જીતી. દીપેન્દ્ર સિંહ ઐરીએ ૨૩ બોલમાં નોટઆઉટ ૫૦ રન ફટકારી જીત નિશ્ચિત કરી, જ્યારે ગુલશન ઝાએ ૨૪ રનનું યોગદાન આપ્યું.

ગ્રુપ-સીમાં નેપાળ અને સ્કોટલેન્ડ બંને પહેલેથી જ સુપર આઠની રેસમાંથી બહાર હતા. બંને ટીમોએ ચાર મેચમાંથી એક-એક જીત મેળવી બે પોઈન્ટ સાથે અભિયાન પૂર્ણ કર્યું. નેપાળને સતત ત્રણ હાર પછી આ જીતથી સન્માનજનક વિદાય મળી.

સ્કોટલેન્ડ માટે જોન્સે ૪૫ બોલમાં ૮ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૭૧ રન બનાવ્યા. નેપાળ તરફથી સોમપાલ કામીએ ૩ અને નંદન યાદવે ૨ વિકેટ લઈને મહત્વપૂર્ણ ફાળો આપ્યો.

મુંબઈના વાનખેડે સ્ટુડિયમમાં બહોળી સંખ્યામાં પોતાની રાષ્ટ્રીય ટીમને સપોર્ટ કરવા માટે નેપાળીઓ આવી પહોંચ્યા હતા. આ સાથે નેપાળની ટીમે જીત હાંસલ બાદ ગ્રાઉન્ડનું ચક્કર લગાવ્યું અને સાથે અભિવાદન ઝીલ્યું હતું.



# નવસારી GIDCમાં શ્રી રામ ફાઈબર કંપનીમાં આગ

## લાખોનો માલ બળીને ખાખ, ૩ કલાકમાં કાબૂ મેળવાયો

**નવસારી,તા.૧૮**

નવસારી GIDCમાં આવેલી શ્રી રામ ફાઈબર શીટ બનાવતી કંપનીમાં વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. નવસારી મહાનગરપાલિકાના ફાયર વિભાગે ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

મળતી માહિતી મુજબ, સવારે આશરે ૬ વાગ્યાની આસપાસ ફાયર વિભાગને આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. ફાઈબર શીટ બનાવતી કંપની હોવાથી જ્વલનશીલ પદાર્થોને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

આગની ગંભીરતાને જોતા નવસારી મહાનગરપાલિકાના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. આગ ઓલવવા માટે ફાયર ફાઈટરની ૪ ગાડીઓ, ૨ મોટા વોટર ટેન્કર અને



૪૦ સભ્યોની ફાયર ટીમ તૈનાત કરવામાં આવી હતી.

ફાયર વિભાગની ટીમે સતત પાણી અને ફોર્મનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી હતી. અંદાજે ૩ કલાક સુધી ચાલેલા ઓપરેશન બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો.

આ દુર્ઘટનામાં કંપનીમાં રહેલો લાખો રૂપિયાનો કાચો માલ અને તૈયાર ફાઈબર શીટનો જથ્થો બળીને ખાખ થઈ ગયો છે. પ્રાથમિક અંદાજ મુજબ નુકસાનનો આંકડો ઘણો મોટો હોઈ શકે છે. સદનસીબે, વહેલી સવારનો સમય હોવાથી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, અને હાલમાં પોલીસ વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ માતાજીના મંદિરે તા.૨૨ અને ૨૩ ફેબ્રુઆરીએ ઉનાઈ ઉત્સવ યોજાશે

**નવસારી,તા.૧૮**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, નવસારી દ્વારા પ્રતિ વર્ષ યોજાતા "ઉનાઈ ઉત્સવ"નું ચાલુ વર્ષે તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન સુપ્રસિદ્ધ યાત્રા ધામ શ્રી ઉનાઈ માતાજી મંદિર, ઉનાઈ ખાતે આયોજન થનાર છે.

બે દિવસીય યોજાનાર આ કાર્યક્રમના પ્રથમ દિવસે તા. ૨૨/૦૨/૨૦૨૬ના રોજ સવારે થનાર માતાજીની શોભાયાત્રામાં નાસિક ઢોલ, મણિયારો રાસ, ભવાડા નૃત્ય, ઢોડીયા નૃત્ય, માદળ નૃત્ય, લોકનૃત્ય, કહાળી નૃત્ય, તારપા નૃત્ય, ઘેરીયા નૃત્ય, પ્રકૃતિ નૃત્ય, મીમીક્રી આર્ટીસ્ટ, રંગલો, તૂર નૃત્ય, ડાંગી નૃત્ય, ગરબા અને સ્વાગત ગ્રુપના ૨૫૦થી વધુ કલાકારો ભાગ લેશે. સાંજે ૦૭.૩૦ કલાકે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્યના સુપ્રસિદ્ધ અને ગુજરાત ગૌરવ પુરસ્કૃત કલાકાર શ્રી ભરત બારીયા – શ્રી અક્ષય બારીયા દ્વારા આરતી, ડાકલા તેમજ રામાયણ નૃત્ય પ્રસ્તુત કરવામાં આવશે તેમજ સુપ્રસિદ્ધ લોકગાયક શ્રી ઓસમાણ મીર દ્વારા લોકાડાયરાની પ્રસ્તુતિ કરવામાં આવશે. કાર્યક્રમના બીજા દિવસે તા. ૨૩/૦૨/૨૦૨૬ના રોજ સાંજે ૦૭.૩૦ કલાકે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી રાજ ગઢવી (નડીડ રાજ) અને શ્રી અલ્પા પટેલ દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવામાં આવશે. આ ઉપરાંત અન્ય કલાવૃંદો દ્વારા દુર્ગા સ્તુતિ, તલવાર રાસ, ફ્યુઝન ડાંસ, ગરબો, તેમજ ડાંગી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવશે. એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની અખબાર યાદીમાં જણાવેલ છે.

# વાપીમાં નિવૃત્ત શિક્ષિકા ૪.૮૧ લાખની ડિજિટલ ઠગાઈનો ભોગ બન્યા

### SBI પેન્શન સ્કીમના નામે સ્ક્રીન શેરિંગથી મોબાઈલ હેક કરી ખાતું સાફ

વલસાડ જિલ્લાના વાપીમાં એક ૭૭ વર્ષીય નિવૃત્ત મહિલા શિક્ષિકા ડિજિટલ છેતરપિંડીનો ભોગ બન્યા છે. સાયબર ઠગબાજોએ SBI પેન્શન સ્કીમના નામે તેમનો મોબાઈલ હેક કરીને બેંક ખાતા અને ફિક્સ્ડ ડિપોઝિટ (FD) માંથી કુલ ૪,૮૧,૦૨૦ ટ્રાન્સફર કરી લીધા હતા.ફરિયાદી અનંતલક્ષ્મી અય્યર (ઉં.વ. ૭૭) એ પોલીસને જણાવ્યું કે, ગત ૨૬મી જાન્યુઆરીના રોજ તેમણે ફેસબુક પર જીમૈ પેન્શનની એક જાહેરાત જોઈ હતી અને તેના પર 'ફ્રીજ' ક્લિક કર્યું હતું. બીજા દિવસે તેમને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.ફોન કરનારે પોતાને બેંક ઓફિસર તરીકે ઓળખાવી, પેન્શન સ્કીમ માટે દર મહિને ૩,૦૦૦ કપાવવા પડશે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ વોટ્સએપ પર વિડીયો કોલ કરીને મહિલા પાસે મોબાઈલમાં 'સ્ક્રીન શેરિંગ' કરાવ્યું હતું.મહિલા પાસે ડેબિટ કાર્ડ ન હોવાથી તેમણે કાર્ડના છેલ્લા ચાર આંકડા આપ્યા હતા. સ્ક્રીન શેરિંગ ચાલુ હોવાથી ઠગબાજોએ મહિલાના મોબાઈલનો સંપૂર્ણ એક્સેસ મેળવી લીધો અને ફોન હેક કરી દીધો હતો.

મહિલાને શંકા જતાં તેઓ બેંકમાં તપાસ કરવા ગયા હતા, પરંતુ તે દિવસે હડતાળ હોવાથી પરત ફર્યા હતા. બાદમાં જ્યારે તેમણે બેંકમાં તપાસ કરાવી ત્યારે જાણ થઈ કે તેમના SBI ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૪,૮૧,૦૨૦ ઉપડી ગયા છે. ઠગબાજોએ તેમની FD પણ તોડી નાખી હતી.

આ મામલે અનંતલક્ષ્મી અય્યરે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે વોટ્સએપ નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ફાગણ આયો, હોળીનાં રંગોનો આનંદ માણ્યો!

ફાગણ મહિનો ખરેખર રંગ, ઉત્સાહ અને વસંતની શરૂઆત છે!આમ,ફાગણ કેસરિયા પાઘ સજાવીને આવ્યો, વગડામાં ઢોલ પિટાવીને રંગ છાયો, આ સમયમાં ગોરી ઘૂંઘટ ખોલે અને આંખોમાં કેફ છવાય! પ્રકૃતિમાં જોબન જામ્યું હોય તેમ, ફાગણ આંગણે મલકાટ અને રંગોની મહેર લાવે!

ફાગણ મહિનાની કેટલીક વિશિષ્ટતા!

કેસરિયો માહોલઃ ફાગણ આવતા જ પ્રકૃતિ કેસરિયા રંગે રંગાય છે, ફુલડાં ખીલે છે અને વાતાવરણ ખુશનુમા બની જાય છે!

રંગોત્સવ (હોળી): ફાગણ પૂનમની હોળી અને ધુળેટીના રંગોનું આ પર્વ છે, જે સમગ્ર વાતાવરણમાં મસ્તી અને ઉલ્લાસ ભરી દે છે!

વસંતનો લહેકોઃ શિયાળાની વિદાય અને ગરમીની શરૂઆત વચ્ચેનો આ સમય પ્રકૃતિમાં એક નવી ચેતના લાવે છે!

ઉત્સવ અને જોબનઃ આ મહિનો ઢોલના નાદ, રંગોની રમઝટ અને મનની મસ્તીનો મહિનો છે! ખેર, ફાગણ આયો, હોળીનાં રંગોનો આનંદ માણ્યો! ફાગણસહ હોળી ધૂળેટીનાં ખાસ વધામણા,હાર્દિક શુભેચ્છાસહ હોજો! (સંત સુરા - ૯૪૨૭૮ ૩૧૨૧૩)

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો૯૪૨૭૮ ૩૧૨૧૩**

# જલાલપોર તાલુકામાં યોગ બોર્ડ દ્વારા 'તાલુકા યોગ શિબિર' સંપન્ન

## ૫૦૦ કરતા વધારે નાગરિકો સહભાગી થયા



**નવસારી, તા.૧૮**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'ના સંકલ્પ સાથે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના હાંસાપોર અને વેસ્મા ગામ ખાતે 'તાલુકા યોગ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યોગને વિશ્વ ફલક પર જે આગવું સ્થાન અપાવ્યું છે, તેને અનુસરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના 'હર ઘર યોગ'ના સ્વપ્નને સાકાર કરવાના ઉમદા હેતુથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગ સેવક શિશપાલજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પ્રચાર-પ્રસાર અભિયાન અંતર્ગત ગત તારીખ ૧૫/૦૨/૨૦૨૬ના રોજ હાંસાપોરની સ્વામિનારાયણ સ્કૂલ ખાતે અને ૧૬/૦૨/૨૦૨૬ના રોજ વેસ્મા ગ્રામ પંચાયત ખાતે શિબિર યોજાઈ હતી. ગ્રામીણ જનતા યોગ સાથે જોડાય અને નિરોગી જીવન જીવે તેવા આશયથી આયોજિત આ શિબિરમાં કુલ ૫૦૦ કરતા વધારે યોગ પ્રેમી લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં વેસ્માના સરપંચ શ્રી ધીરુભાઈ પટેલ, આરકના સરપંચ શ્રીમતી પ્રિયંકાબેન પટેલ, કારોબારી સભ્ય શ્રી માધુભાઈ કથિરીયા, સમાજ સેવક શ્રી હરીશભાઈ મંગનાની અને રવીન્દ્રભાઇ અગ્રવાલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં સહભાગીઓને વિવિધ આસનો અને પ્રાણાયામની તાલીમ આપવાની સાથે યોગ શિક્ષક બની સમાજ સેવા કરવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન ઝોન કો-ઓર્ડિનેટર શ્રીમતી પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતી ગાયત્રીબેન તલાટી, યોગ કોચ અને ટ્રેનર્સના સમન્વયથી આ આયોજન પ્રશંસનીય રીતે સફળ રહ્યું હતું.

આ શિબિરના ફળસ્વરૂપે આગામી માસમાં ૫૦ થી વધુ વ્યક્તિઓ યોગ ટ્રેનર તરીકે અને ૧૨૦ નાગરિકો યોગ સાધક તરીકે જોડાશે. આ ઉપરાંત, તાલુકામાં નવા ૫ નિઃશુલ્ક યોગ વર્ગો શરૂ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. આગામી દિવસોમાં અન્ય તાલુકાઓમાં પણ આ જ રીતે યોગ શિબિરોનું શૃંખલાબદ્ધ આયોજન કરવામાં આવશે.

# ૧૫ થી ૨૯ વર્ષના યુવક-યુવતીઓ માટે યુથ એસેમ્બલી કાર્યક્રમ -૨૦૨૫ના વિષયો મોકલવા જાહેર સૂચના

**નવસારી,તા.૧૮**

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રેરીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,નવસારી દ્વારા આયોજીત ૧૫ થી ૨૯ વર્ષના યુવક-યુવતીઓ માટે યુથ એસેમ્બલી કાર્યક્રમ: ૨૦૨૫-૨૬નું ચાલુ વર્ષે આયોજન થનાર છે.ગુજરાતના ૧૮૨ વિધાનસભા મત વિસ્તારમાં રાજ્યના ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ માટે યુથ એસેમ્બલી કાર્યક્રમનું આયોજન સરકારશ્રી દ્વારા આયોજીત કરવામાં આવે અને રાજ્યના યુવાનોને તેનો લાભ મળે તે હેતુથી ૧૮૨ વિધાનસભા મત વિસ્તારના કાર્યક્રમ માટે દરેક જિલ્લા/મહાનગરપાલિકાએ પોતાના જિલ્લા/મહાનગર પાલિકામાં આવતી પ્રત્યેક વિધાનસભા સીટના યુવાનોનું પ્રતિનિધિત્વ થાય તે મુજબ "યુથ એસેમ્બલી" કાર્યક્રમ હાથ ધરવાનું થાય છે.જે અન્વયે નવસારી જિલ્લામાં ૧૭૪ – જલાલપોર, ૧૭૫ – નવસારી, ૧૭૬ – ગણદેવી, ૧૭૭ – વાંસદા મત વિસ્તારના "યુથ એસેમ્બલી" કાર્યક્રમનું આયોજન થનાર છે. વિધાનસભા બેઠક દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા જિલ્લાકક્ષાએ ભાગ લેશે તેમજ જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થનાર ગાંધીનગર/અમદાવાદ ખાતે યોજાનાર રાજ્યકક્ષા સ્પર્ધામાં નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

**ઓલિમ્પીક રેડી સીટી**
**પહેલા પાનાનું ચાલુ**

(GARC) દ્વારા અત્યાર સુધીમાં છ અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં નાગરિક-કેન્દ્રિત સેવા, વહીવટી સુધારા તેમજ માનવ સંસાધન જેવા વિષયો પર અસરકારક ભલામણો આપવામાં આવી છે. જેનું અમલીકરણ સુશાસન અને કાર્યક્ષમ વહીવટની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

આપણને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની મળી છે તેનો સંપૂર્ણ યશ ખેલમહાકુંભની શરૂઆત કરાવનાર ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા વડાપ્રધાનને જાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ 'વિકસિત ગુજરાતજ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા અમારી સરકાર કટિબદ્ધ છે. ગુજરાતની સ્થાપનાનાં ૭૫ વર્ષ સને ૨૦૩૫માં પૂર્ણ થઇ રહ્યાં છે. આ અમૃતકાળના સોનેરી અવસરે વિકસિત ગુજરાત@૨૦૪૭ની વિકાસ યાત્રાને વેગ આપવા ગુજરાતજ૨૦૩૫ના રોડમેપ સાથે અમે આગળ વધી રહ્યાં છીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસેવક તરીકે જનસેવાના અવિરત ૨૪ વર્ષ પૂર્ણ કરી ગુજરાત અને દેશના વિકાસને નવી દિશા આપી છે. સુશાસન અને જનકલ્યાણના કાર્યો દ્વારા જન અપેક્ષાઓને સાકાર કરી વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે અને એ સાથે ભારતને વિશ્વની ચોથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા બદલ ગુજરાતની સમગ્ર જનતા વતી હું તેમને અભિનંદન પાઠવું છું. વડાપ્રધાનના વિકસિત ભારતજ૨૦૪૭ અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ ધપાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યની વિકાસયાત્રા આગળ વધી રહી છે. જી.એસ.ટી.માં કરેલ ઐતિહાસિક સુધારાથી સામાન્ય નાગરિકની જીવન જરૂરિયાત વસ્તુઓની ખરીદશકિતમાં વધારો થયો છે. વધુમાં, શ્રમ અધિનિયમમાં કરેલ સુધારાઓથી કામદારોની સામાજિક સુરક્ષા, રોજગારીની તક સાથે તેમના સન્માનમાં વધારો થયો છે.

**મહિલાના કપડા ઉતારવાનો**
**પહેલા પાનાનું ચાલુ**

હતો, દ્વારા વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવી. અદાલતે હાઇ કોર્ટનો નિર્ણય સંપૂર્ણપણે ખારિજ કરીને POCSO અધિનિયમ હેઠળ 'રેપના પ્રયાસ'ના મૂળ અને ગંભીર આરોપોને ફરીથી બહાલ કર્યા.

ચીફ જસ્ટિસે પોતાના ચુકાદામાં નોંધ્યું કે યૌન ગુનાઓ જેવા સંવેદનશીલ કેસોમાં ન્યાયાધીશોએ વિશેષ સંવેદનશીલતા દાખવવી જરૂરી છે. પીડિતાની પરિસ્થિતિ, માનસિક આઘાત અને ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખ્યા વિના માત્ર ટેકનિકલ દ્રષ્ટિકોણ અપનાવવો યોગ્ય નથી.

અદાલતે કહ્યું કે કોઈ પણ ન્યાયાધીશ ત્યારે જ પૂર્ણ ન્યાય આપી શકે, જ્યારે તે મામલાના તમામ તથ્યોને માનવીય અને કણાભર્યા અભિગમથી સમજે. આ પ્રકારના ગુનાઓને હળવા રીતે લેવાની વૃત્તિ કાયદાના ઉદ્દેશને નુકસાન પહોંચાડે છે.

સુપ્રીમ કોર્ટે માત્ર હાઇ કોર્ટનો ચુકાદો રદ કર્યો નથી, પરંતુ ભવિષ્યમાં આવા કેસોમાં સંવેદનશીલ અભિગમ સુનિશ્ચિત થાય તે માટે પગલાં પણ સૂચવ્યા છે. અદાલતે નેશનલ જ્યુડિશિયલ એકેડમીના નિર્દેશક અને પૂર્વ જસ્ટિસ અનિરૂધ્ધ બોસને નિષ્ણાત સમિતિ રચવાનો આદેશ આપ્યો છે.

આ સમિતિ યૌન સંબંધિત ગુનાઓ અને અન્ય સંવેદનશીલ કેસોની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશો માટે માર્ગદર્શિકા તૈયાર કરશે, જેથી પીડિતાની માન-મર્યાદા અને ન્યાયની ભાવના જળવાઈ રહે. અદાલતે ખાસ સૂચન કર્યું છે કે માર્ગદર્શિકા સરળ અને સ્પષ્ટ ભાષામાં તૈયાર કરવામાં આવે.

**રાજસ્થાન, એમપી**
**પહેલા પાનાનું ચાલુ**

હરિયાણા અને દક્ષિણ ભારતના રાજ્યોમાં દિવસનું તાપમાન ૩૦ઝ સુધી પહોંચ્યું છે. દિવસના તાપમાનમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

૧૯-૨૦ ફેબ્રુઆરીઃ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષાની સંભાવના. જ્યારે રાજસ્થાન, એમપી, પંજાબ અને ચંડીગઢમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે યુપીમાં હળવો વરસાદ થઈ શકે છે.

**એઆઈ**
**પહેલા પાનાનું ચાલુ**

બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. આમાં બહુપક્ષીય મંચોમાં સહયોગ, ગ્લોબલ રૂલ ઓર્ડરમાં સુધારા, ગ્લોબલ સાઉથ સાથે સંકળાયેલા મુદ્દાઓ, સંયુક્ત રાષ્ટ્ર (UN) સુધારા, આબોહવા પરિવર્તન અને આતંકવાદ સામે સહયોગ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

આ મુલાકાત દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ લુલા સાથે મુલાકાત કરશે અને તેમના સન્માનમાં રાજકીય ભોજન સમારંભનું આયોજન કરશે. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને વિદેશ મંત્રી એસ જયશંકર પણ તેમને મળશે.

**જીએસટી દર ઘટાડાની**
**પહેલા પાનાનું ચાલુ**

તેના કારણે જીએસટીમાં અપાયેલી રાહત હવે અસરકર્તા રહી નથી તેવા સંકેત છે. ડાબર ઈન્ડિયાના ચીફ એકઝીક્યુટીવના જણાવ્યા મુજબ વાટીકા હેર ઓઇલ અને રીયલ જ્યુસના ભાવમાં લગભગ ૨ ટકાનો ભાવ કર્યો છે.

વર્ષના અંતમાં પાંચ ટકા સુધી પહોંચી જશે તેવા સંકેત છે. ખાસ કરીને રૂપિયો જે રીતે ૯૦ની સપાટીથી ઉપર જ રહ્યો છે અને તેના કારણે આયાતો મોંઘી બની છે. તેની સીધી અસર ભાવ વધારા ઉપર થઇ છે. ખાદ્ય તેલના ભાવમાં પણ થઇ રહેલો વધારો કંપનીઓ માટે હવે ગ્રાહકો પર પાસવન કરવો જરૂરી બની ગયો છે.

ખાસ કરીને ઓટ્સથી લઇ બદામના ભાવમાં થઇ રહેલા વધારાએ બિસ્કીટ કંપનીને ફરી એક વખત ભાવ વધારવા માટે ફરજ પાડી છે. સાબુ, શેમ્પુ અને પર્સનલ કેર આ તમામ આયાતી વનસ્પતિ તેલ પર મોટા આધારીત છે અને તેના ભાવ વધારાએ કંપનીઓને પ્રોડકટના ભાવ વધાર્યા છે. કંપનીઓનું કહેવું છે કે આગામી સમયમાં તેમના માર્જીન પર મોટુ દબાણ આવી રહ્યું છે અને તેથી તેઓ માટે આ પગલુ ફરજીયાત બન્યું છે.

**આખરી મતદાર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કોણે ચૂંટણી પંચમાં જમા કરાવ્યા તેની વિગત આપવા અને તેના સીસીટીવી ફૂટેજ જાહેર કરવા માંગ કરી હતી. એક પણ સાચા મતદારોનું નામ કોંગ્રેસ રદ થવા નહી દે. કાયદા અને ભારત ન્યાય સંહિતા મુજબ ખોટા ફોર્મ ૭ ભરવા તે ફોજદારી ગુનો બને છે ત્યારે કમલમ કાર્યાલયના આદેશથી જે વ્યક્તિઓએ દ્વારા સુનિયોજિત ષડયંત્રના ગુનેગારો સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ. ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગત સામે જનતા અને કોંગ્રેસના કાર્યકરોએ રસ્તા ઉપર ઉતરી મતના અધિકારની રક્ષા કરી હતી.

**મેટ્રો ટ્રેન**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કોર્પોરેશન પાસે જમણી તરફ વળીને તેઓ સહકારી બેંક રોડ થઈને વરાછા મેઈન રોડ પર ડાબે વળી વરાછા મેઈન રોડ પર જય માતાજી. ચા પાસે પોદાર આર્કેડથી ડાબે વળી વાહનો લંબે હનુમાન પોલીસ ચોકીથી ડાબે વળી જે.બી. ડાયમંડ સર્કલ સુધી પહોંચી શકશે સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવશે.

(૩) લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, માતાવાડી સર્કલ તરફથી આવતા તમામ વાહનો ઈશ્વરકૃપા રોડથી જમણી તરફ વળશે અને પછી મોરલીધર મોબાઈલ પર ડાબી બાજુ વળી અને ડાહ્યાપાર્ક સોસાયટી રોડ થઇ ભવનાથ હોટલ પાસેથી ડાબે વળી ભરતનગર થઈ માતાવાડી સર્કલ સુધી જઇ શકશે.

(૪) લાભેશ્વર પોલીસ ચોકી તરફથી આવતા વાહનો જમણી તરફ વળી અને લાભેશ્વર રોડ થઈ સદભાવના હોસ્પિટલ અને મેટરનિટી હોમથી ડાબે વળી વરાછા મેઈન રોડ પર આવશે અને ત્યારબાદ વરાછા મેઈન રોડ પર આવેલ પોશિયા ચિલ્ડ્રન હોસ્પિટલ પાસેથી ડાબે વળી વાહનો ભરતનગર રોડ થઈ માતાવાડી સર્કલ સુધી પહોંચી શકશે. સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવશે.

(૫) કાપોદ્રા અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, હિરાબાગ અને કાપોદ્રા તરફથી આવતા વાહનો રચના સર્કલ તરફ જઈ અને લંબે હનુમાન રોડ થઈને વડવાળા સર્કલ થઇ અક્ષરધામ સોસાયટીથી ડાબે વળી વાહનો પુણાગામ રોડ થઈને કલાકુંજ રોડ પરના ઝડફિયા સર્કલ સુધી પહોંચી શકશે.(૬) ઝડફિયા સર્કલથી આવતા વાહનો જમણે બાજુ વળી પુણાગામ રોડ થઇને કાપોદ્રા ફાયર સ્ટેશનથી ડાબે વળી વરાછા મેઈન રોડ થઇને કાપોદ્રા સર્કલ પાસે ડાબે વળાંક લઈ રચના રોડ થઈને ફિનિક્ષ સર્કલ સુધી પહોંચી શકો અને સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૦૪ મોટર જેટલો રસ્તો આપવામાં આવશે.

ખાસ નોંધનીય છે કે ઉપરોક્ત તમામ માર્ગ નો-પાર્કિંગ ઝોન રહેશે. આ જાહેરનામું ફાયરબ્રિગેડ, એબ્યુલન્સ તથા અન્ય ઈમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહી. જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.

# કુવામાંથી વન વિભાગે દીપડાને હેમખેમ ઉગારી લીધો

## કુંભીયા ગામે ખેતરના કૂવામાં શિકારની લાલચમાં દીપડો પડ્યો

**વલસાડ,** ડોલવણમાં કુંભિયા ગામે એક ખેડૂતના ખેતરમાં શિકાર કરવાના લાલચે દીપડો પાણી ભરેલા કૂવામાં પડી ગયો હતો. ઘટના અંગે વન વિભાગ ને જાણ થતા તાત્કાલિક ટીમ સાથે ઘટના સ્થળે જઈ પાણીમાં પડેલો દીપડાને રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો હતો અને સુરક્ષિત રીતે જંગલમાં છોડી દેવા આવ્યા હતા. ડોલવણ તાલુકાના કુંભીયા ગામે ખેડૂત નાનાભાઈ પરાગજી ભાઈ ચૌધરીના ખેતરમાં આવેલા કૂવામાં આશરે ૪ થી ૫ વર્ષનો દીપડો પડી ગયો હતો.

ખેતી કરતા લોકોને કૂવામાં દીપડાને ફસાયેલું જોઈતાની જાણકારી મળી હતી. આ સમાચાર મળતાં જ વન વિભાગ વ્યારા તુરંત કાર્યવાહી માટે રવાના થયા અને આર.એફ.ઓ.ના માર્ગદર્શન હેઠળ દીપડાને બચાવવાનું ઓપરેશન શરૂ થયું. વન વિભાગના કર્મચારીઓ મહાવીર સિંહ, કલ્પેશ વાઘેલા,વિશાલ સોલંકી તેમજ સરીસૃપ સંરક્ષણ સોસાયટી સુરત (RCSSG) તાપી બ્રાંચના સભ્યો અનંત પટેલ, ઈમરાન વૈદ, બંટી ગામીત, જય ટેલર, અરબાઝ શેખ, અયાઝ મુલતાની, અબરાર મુલતાની ઘટના સ્થળે પહોંચી ગયા.તેઓએ કૂવામાં પાંજરું ઉતારી દીપડાને શિકારની લાલચમાંથી બચાવી સુરક્ષિત રીતે નર્સરીમાં મુક્યું. આ પ્રક્રિયા દરમિયાન દીપડાની કોઈ ઈજા ન થઈ હતી. દીપડાનું જરૂરી નિરીક્ષણ બાદ તેને ઊંડાણના જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

# અંકલેશ્વર એક્સપ્રેસ વે પર ટ્રક-ટ્રેલર અથડાતા એકનું મોત

અંકલેશ્વર, તા. ૧૮

અંકલેશ્વર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પીલુદરા ગામ પાસે આગળ જઈ રહેલા ટ્રેલર પાછળ ટ્રક ઘૂસી જતાં ટ્રક ચાલકનું કેબિનમાં ફસાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

બુધવારે સવારે બનેલી આ ઘટનામાં, ટ્રક ટ્રેલર સાથે જોરાકથી અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રકના કેબિનનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. ગંભીર ઈજાઓને કારણે ચાલક કેબિનમાં જ ફસાઈ ગયો અને તેનું મૃત્યુ થયું.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને રાહત ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટ્રકની કેબિનમાં ફસાયેલા ચાલકના મૃતદેહને બહાર કાઢવા માટે ક્રેઈનની મદદ લેવામાં આવી હતી. ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢી શકાયો હતો.

પાનોલી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અકસ્માતને કારણે એક્સપ્રેસ વે પર ટ્રાફિક જામ થયો હતો. પોલીસે વાહનવ્યવહારને સામાન્ય બનાવવા માટે કામગીરી હાથ ધરી હતી.

**છેલ્લા પાનાનું ચાલુ**
**બોર્ડ પરીક્ષા**

પોલીસનો બંદોબસ્ત હોય જ છે, પરંતુ છેલ્લા ઘણા સમયથી સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકીના ઈ-મેલ આવતાં પોલીસ સહિત તંત્ર એલર્ટ છે. બોર્ડની પરીક્ષા પૂર્વે તમામ સ્કૂલોનું ચેકિંગ પોલીસ દ્વારા કરવામાં આવશે અને બંદોબસ્ત પણ ગોઠવી દેવાશે. સ્કૂલોના ચેકિંગ બાદ વિદ્યાર્થીઓને પરીક્ષાખંડમાં બેસાડવામાં આવશે.

**પાલ પોલીસે**

કિ.રૂ.૨૬,૫૦૫/- તથા મોબાઈલ નંગ-૨ કિંમત રૂ.૧૯૦૦૦/-મળી કુલ્લે રૂ.૪૫.૫૦૫/- ની મત્તાના મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડ્યા હતા.પકડાયેલા આરોપીઓમાં ૧. કેશારામ ઉર્ફે મુલકરામ ચૌધરી (ઉ.વ. ૨૨, ધંધો- હોટેલ રહે- સુઈયાધામ ચોહટન હોટેલમાં, હજિરા સાયણ હાઈવે, ભેસાણ સુરત મુળ રહે- ગામ- આગોર તા. ચોહટન જી. બાડમેર (રાજસ્થાન) અને ૨. અમરારામ ઉર્ફે મુલકરામ ચૌધરી ઉ.વ. ૪૬ ધંધો- હોટેલ રહે- સુઈયાધામ ચોહટન હોટેલમાં, હજિરા સાયણ હાઈવે, ભેસાણ સુરત મુળ રહે- ગામ- આગોર તા. ચોહટન જી. બાડમેર (રાજસ્થાન)નો સમાવેશ થાય છે. જુજારામ નામના આરોપી ફરાર થઈ ગયો છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક **પ્રતાપ દર્પણ**

બુધવાર, તા.૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# બોર્ડ પરિક્ષા પૂર્વે તમામ શાળા કેન્દ્રમા પોલીસ તંત્ર દ્વારા તપાસ હાથ ધરાશે

## પરીક્ષા સમયે બોમ્બની ધમકી મળે તો શું કરવું તે બાબતે મુખ્ય સચિવની તમામ જિલ્લા કલેકટર, પોલીસ વડાઓ અને ડીડીઓ સાથે વિડીયો કોન્ફરન્સ

**ગાંધીનગર,તા.૧૮**

ગુજરાતમાં શાળાઓને મળી રહેલા ધમકીભર્યા ઈમેઈલ વચ્ચે હવે રાજય સરકાર એકશનમાં આવી છે અને ખાસ કરીને પરીક્ષાઓ સમયે જો આ પ્રકારની ધમકી મળે તો શું કરવું તે અંગે એક તાત્કાલીક પ્રક્રિયા ઘડી કાઢવાની સુચના અધિકારીઓને આપવામાં આવી છે.

અમદાવાદ, વડોદરા સહિતની શાળાઓમાં છેલ્લા બેદિવસમાં ધમકીભર્યા ઈમેઈલ મળતા રાજયના મુખ્ય સચિવ સંજીવકુમારે આજે અમદાવાદ સહિત રાજયના તમામ પોલીસ કમિશ્નર તેમજ કલેકટર તથા ડીડીઓ સાથે એક વિડીયો કોન્ફરન્સ યોજવાની તૈયારી કરી છે.

ગઇકાલથી જ સીબીએસઇની ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો છે અને થોડા જ દિવસમાં ગુજરાત બોર્ડની પરીક્ષાઓ પણ શરૂ થનાર છે તે સમયે જો આ પ્રકારની ધમકી મળે તો કઇ રીતે પરીક્ષા ડિસ્ટર્બ ન થાય અને વિદ્યાર્થીઓ કોઇ તનાવમાં ન આવે તે જોવા માટે એક પ્રક્રિયા ઘડી કાઢવામાં આવશે.

તમામ જિલ્લા કલેકટરોને તેના અમલમાં દેખરેખ રાખવા જણાવાશે. આ ઉપરાંત પરીક્ષાઓના પ્રારંભે જ દરેક પરીક્ષા સેન્ટરની અગાઉથી પુરી રીતે ચકાસણી થશે. વિદ્યાર્થીઓને પણ ચકાસીને અંદર જવા દેવાશે અને શાળાઓની બહાર પોલીસ તેમજ એમ્બ્યુલન્સ પણ ગોઠવાશે અને બોમ્બ સ્કોવડ અને ડોગ સ્કવોડ પણ પરીક્ષા પૂર્વે જે તે કેન્દ્રોની ચકાસણી કરીને સબ સલામતનો સંદેશો આપશે.

ગઈકાલથી CBSEની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે થોડા દિવસ બાદ ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થશે. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે ત્યારે તેમના વાલીઓના મનમાં એક પ્રશ્ન છે કે આપણુ સંતાન જ્યારે પરીક્ષા આપવા માટે બેઠું હશે ત્યારે સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આવશે તો?

વિદ્યાર્થીઓ ગભરાઈ જાય નહિ એ માટેનું આગોતરું આયોજન કરવામાં આવશે. બાળકો શાંતિના વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને તેમના વાલીઓ પણ ચિંતામુક્ત રહે એ રીતનું પ્લાનિંગ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છું. બોર્ડની પરીક્ષા પૂર્વે હાઇ લેવલની મિંટિંગનો સિલસિલો શરૂ થઈ જશે. પરીક્ષા પૂર્વે સ્કૂલોમાં ચેકિંગ કરાશે અને બંદોબસ્ત પણ રહેશે.

સામાન્ય રીતે જ્યારે બોર્ડની પરીક્ષા આવે ત્યારે દરેક સેન્ટર ઉપર

અનુસંધાન પાના ૭ પર



સુરત મનપાનો મહત્વાકાંક્ષી 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' હવે સાકાર થવા જ રહ્યો છે. કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને ૨૫ ફેબ્રુઆરી બાદ તેને જાહેર જનતા માટે ખુલ્લું મુકવાની તૈયારીઓ તેજ બની છે. પ્રોજેક્ટ શરૂ થયા પછી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા વચ્ચે ટ્રાફિક વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવી છે. મેયર દક્ષેશભાઈ માવાણીએ તાજેતરની મુલાકાત દરમિયાન દરિયા ગણેશ મંદિર તરફ જતાં માર્ગને પહોળો કરવાની સૂચના આપી હતી. જેથી રવિવાર અને તહેવારોની ભીડમાં વાહનચાલનમાં અવરોધ ન સર્જાય. હાલ લાઈટિંગ અને ફિનિશિંગનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સુરત મહાનગરપાલિકાના ૧૧૩૦૧ કરોડના બજેટ પર ચાલેલી ચર્ચાના અંતે સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલની વિવિધ કામગીરી અને આયોજનોનો સચોટ ચિત્તાર રજુ કર્યો હતો. આ દરમિયાન પદાઅધિકારીઓની ચાલુ ટમ પૂરી થાય એ પૂર્વે તા.૧૧ માર્ચ પહેલાં ડુમસ સી-ફેઝના પ્રથમ તબક્કાનું લોકાર્પણ કરવાનો સૂર આલાપ્યો હતો. (તસવીર : હનીફ મલેક)

# ભોજનના ઓર્ડરના ત્રણ લાખ લઈ કેટર્રસ ભાગી જતા ભીમપોરનો લગ્ન પ્રસંગ બગડ્યો

## વેપારી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલના પરિવારના લગ્નના દિવસે જ કેટરર્સ ભોજન નહીં બનાવતા આમંત્રીત મહેમાનો પણ રઝળી પડ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

ડુમસના ભીમપોર ખાતે આયોજીત શુભ પ્રસંગ હોય પ્રસંગનો જમવાનો ઓર્ડર જેને આપવામાં આવ્યો હતો તે કેટરર્સ વાળાએ લગ્ન પ્રસંગના જમવાની ડીસ પ્રમાણે કુલ રૂ.૩ લાખ રૂપીયા એડવાન્સ મેળવી લઇ લગ્ન પ્રસંગના દિવસે જમવાનું નહીં બનાવી છેતરપિંડી કરી હતી. લગ્ન પ્રસંગ બગાડવામાં આવ્યો હોય આ મામલે ગઈકાલે ડુમસ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

ડુમસ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પીપલોદ જકાતનાકા પ્રસિદ્ધી એપાર્ટમેન્ટમાં રહેતા પ્રકાશ ડાહ્યાભાઇ પટેલ ઉ.વ.૫૭ વેપારી છે. દરમિયાન ગઇ તા.૨૭ જુન ૨૦૨૫થી તા.૧૭ નવેમ્બર ૨૦૨૫ સુધી પ્રકાશ પટેલ ઉ.વ.૫૭ને ત્યાં લગ્ન પ્રસંગ હતો. દરમિયાન લગ્નના દિવસે જ મહેમાનો માટે જમવાનું બનાવવાનું હોય પરેશ ભીખાભાઇ ત્રિવેદી (રહે. શિવ દર્શન રઘુવીર ચોકડી, અમરોલી) જેને જમવાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો તેણે એડવાન્સ થાળી પ્રમાણે કુલ રૂ.૩ લાખ ૬ હજાર મેળવી લઇ લગ્નના દિવસે જ જમવાનું નહીં બનાવી છેતરપિંડી કરી હતી. લગ્નનો પ્રસંગ બગાડવામાં આવ્યો હોય આ મામલે ગઇકાલે ડુમસ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો. લગ્નના દિવસે જ જમવાનું નહીં બનાવી કેટરર્સનો સંચાલક ફોન બંધ કરીને રફુચક્કર થઈ જતા જાનૈયાઓ પણ અટવાયા હતા.

# સુરતમાં ઉત્તર દિશા તરફથી પવન ફૂંકાતા વાતાવરણ ઠંડુ

## વહેલી સવારે ધુમ્મસ અને બપોરે ઊંચુ તાપમાન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

શહેરમાં ગઈકાલે સાંજે પ્રતિ કલાક ૧૦ કિ.મીની ઝડપે પવન ફુંકાવા સાથે મોડી સાંજથી વહેલી સવાર સુધી વાતાવરણ ઠંડુ રહયું હતું. સવારના સમયે ધુમ્મસ છવાયેલા વાતાવરણ વચ્ચે ગરમીની અસર ઓછી રહી હતી. ઉત્તર દિશામાંથી આજે સવારના સમયે પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા.

શહેરમાં વિતેલા બે ત્રણ દિવસથી સાંજ પડતા જ ઉત્તરીય પવનો ફુંકાવા સાથે વાતાવરણ આંશિક ઠંડુ રહેતા ઠંડીની થોડી અસર હજી પણ વર્તાઇ રહી છે. સવારના સમયે પણ લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી જેટલું નોંધાવા સાથે સવારથી બપોર સુધી ગરમીનું પ્રમાણ ઓછુ નોંધાઈ રહયું છે. દરમિયાન આજે સવારે શહેરમા ધુમ્મસ છવાયું વાતાવરણ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે શિવરાત્રિ પુર્ણ થયા બાદ ઉનાળો બેસી જતો હોય છે જોકે આ વર્ષે ફેબ્રુઆરી મહિનો અડધો પુરો થઈ ગયો છે ત્યારે વાતાવરણ મધ્યમ રહ્યું છે. દરમિયાન આજે સવારે લઘુત્તમ તાપમાન ૧૯ સેલ્સિયસ ડિગ્રી નોંધાવા સાથે ધુમ્મસવાળુ વાતાવારણ રહ્યું હતું. ગઈકાલે ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૧૦ કિ.મીની ઝડપે પવન ફુંકાતા રાત્રિથી સવાર સુધી ઠંડી રહી હતી. આજેસવારે પવનની ગતિ ઓછી થઇ હતી. ઉત્તર દિશામાંથી ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા. હવામાં ભેજનું પ્રમાણ ૮૭ ટકા જયારે દરિયાની સપાટી પર હવાનું દબાણ ૧૦૧૨.૮ મિલીબાર રહ્યું હતું.

# સાંજે આકાશમાં ચાંદ દેખાવાની પ્રબળ શક્યતા સાથે આવતીકાલથી રમઝાન

## પવિત્ર રમઝાન માસ દરમિયાન ઝાંપાબજાર, ચોકબજાર અને રાંદેરના બજારોમાં રોનક



**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૧૮**

આજે સાંજે ચંદ્ર દર્શન આકાશમાં થવાની પૂર્ણ શક્યતા સાથે ગુરુવારથી પવિત્ર રમજાન માસનો આરંભ થવા જઈ રહ્યો છે. એટલે કે ગુરુવારે પહેલો રોઝો રહેશે. આ વખતે અંદાજિત ૧૩ કલાક ૩૦ મિનિટનો રોઝો થયો છે.

પવિત્ર રમજાન માસને આવકારવા માટે મુસ્લિમ સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.પવિત્ર રમજાન માસના રોઝા રાખવા સાથે ખુદાની બંદગી કરવા નાના ભૂલકાઓમાં પણ ભારે ઉત્સાહ સાથે થનગનાટ છે. આવતીકાલથી સમગ્ર સુરત શહેરમાં રમજાન માસને લઈને રૂહાની માહોલ છવાઈ જશે. મુસ્લિમ સમાજના લોકો ખુદાને રાજી કરવા માટે કુરાન પઠન અને ઈબાદતમાં મશગુલ થઈ જશે. આજે સાંજે ચંદ્ર દર્શન થઈ જશે તો પહેલી તરાવિહની નમાજ આજથી શરૂ થઈ જશે. ગત વર્ષે ૨૯ રોઝા થયા હતા ત્યારે આ વર્ષે ૩૦ રોઝા વર્તારા ન નિર્દેશ મુજબ થવાની

સંભાવના છે. તદુપરાંત આ વર્ષે ઠંડીની વિદાય સાથે પવિત્ર રમજાન માસ શરૂ થઈ રહ્યો છે. જેથી આ વખતે ઘણા રોઝા ઠંડીના માહોલમાં પસાર થવાનો પણ અંદાજો છે. તદુપરાંત આ વખતે ૩૦ રોઝા થશે તો છેલ્લો રોઝો શુક્રવાર એટલે કે જુમ્મા દિવસનો દિવસ રહેશે. ત્યારબાદ બીજા દિવસે સવારે ઈદ ઉજવવામાં આવનાર હોય ઈદનો ઉત્સાહ પણ બમણો બની રહેશે.વધુમાં પરોઢિયે ભોજન એટલે કે સહેરી કરવા અને સાંજે ઈફ્તારી એટલે કે રોઝો ખોલવા માટેના મનમોહક ભોજન ના થાળ પણ જોવા મળશે. જેના માટે મુસ્લિમ ભાઈ બહેનોએ ખજૂર, ફ્રૂટ તેમજ જુદી જુદી વાનગીઓની સંપૂર્ણ રીતે તૈયારીઓ પણ કરી લીધી છે.

### રમઝાન માસમાં પરાઠા, કુલ્ફી વગેરે વાનગીઓની બોલબાલા

સુરત શહેરમાં પવિત્ર રમજાન માસ ખૂબ જ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવે છે. સુરત શહેરના ચોક બજાર, જાપા બજાર, રાંદેર તેમજ અલગ અલગ વિસ્તારોમાં ખાણીપીણીની દુકાનોના સ્ટોલ પણ લાગી છે. ચોક બજાર સાગર હોટલ પાસે શહેરના અલગ અલગ વિસ્તારમાંથી લોકો કુલ્ફી આઈસક્રીમ અને પરાઠા જેવી વાનગીઓ ખાવા માટે આવે છે. જેમાં સાગર હોટલ પાસેના એતેસામ ઈરફાન શેખના જુના અને જાણીતા રંગુની પરાઠા, મોહસીન ઉર્ફે નાના કુરેશીની આઈસક્રીમ કુલ્ફી, ખજુરીની આઈસ્ક્રીમ કુલ્ફી, સાગર હોટલના પરોઠા તેમજ રાજા ચિકન હોટલની જુદી જુદી વાનગીઓ શહેરભરમાં ખુબજ પ્રખ્યાત છે.

# અકસ્માતમાં દિવ્યાંગ બનેલા યુવકને ૧.૩૬ કરોડનું વળતર

## અકસ્માતના કારણે યુવાન ૭૫ ટકા દિવ્યાંગ બનતા કોર્ટે વળતર ચૂકવવા હુકમ કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સુરતના પુણાગામ વિસ્તારમાં રહેતા અને ઓનલાઈન સેલ્સનું કામ કરતા સુરેશ હરી ચોસલા (ભરવાડ) વર્ષ ૨૦૧૭માં મિત્રો સાથે ભગુડાથી સુરત પરત ફરી રહ્યા હતા, ત્યારે મહુવા-સાવરકુંડલા રોડ પર તેમની કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં સુરેશભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતા તેઓ ૭૫% કાયમી ખોડનો ભોગ બન્યા હતા.

ભોગ બનનારના પિતા હરીભાઈએ વકીલ સુરેશ એ. સવાણી અને ઉમેશ પી. આહીર મારફતે સુરત મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વળતર અરજી દાખલ કરી હતી. કેસની સુનાવણી બાદ અદાલતે યુવાનની ૧૦૦% કમાણીની ક્ષમતા ગુમાવ્યાનું ગ્રાહ્ય રાખી ભવિષ્યની આવક સારવાર ખર્ચ અને માનસિક દુઃખ સહિત કુલ રૂ. ૮૪,૫૯,૯૫૨ મંજૂર કર્યા હતા.

કોર્ટે ૭.૫% વ્યાજ સાથે કુલ રૂ. ૧.૩૬ કરોડની રકમ કાર ચાલક, માલિક અને આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ વીમા કંપનીને સંયુક્ત રીતે ચૂકવવા હુકમ કર્યો છે.

# પાલ પોલીસે રૂા.૨૬ હજારના પોશડોડા સાથે બેને ઝબ્બે કર્યા

## હજીરા-સાયણ રોડ પર આવેલી હોટલમાં પાલ પોલીસે છાપો માર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

શહેર વિસ્તારમાં ગાંજો, ચરસ,ડ્રગ્સ વિગેરે જેવી કોઇ નશાકારક ચીજ વસ્તુનુ વેચાણ કે હેરાફારી ન થાય તે સારુ જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ જે સુચના આધારે પાલ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર એસ.એ.શાહ નાઓના માર્ગદર્શન હેઠળ અને સર્વેલન્સ ઇન્ચાર્જ એ.એસ.આઈ.મગનભાઇ કુલસિંહ નાઓના નેતૃત્વ હેઠળ સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન એ.એસ.આઇ.ભરતભાઇ



પિયષભાઇ નાઓએ પોતાના અંગત બાતમીદાર મારફતે બાતમી હકીકત મેળવી હજીરા-સાયણ હાઈવે રોડ કેનાલ રોડ પર આવેલ હોટેલ નામે "સુઈયા ધામ ચોહટન" ખાતેથી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે નશાયુક્ત પ્રતિબંધીત પોશ ડોડા (પોપીસ્ટ્રો)નો ઝીણો ભુક્કો કુલ વજન ૧.૭૬૭ કિ.ગ્રા.

અનુસંધાન પાના ૭ પર

# ન્યુ બોમ્બે માર્કેટની બે દુકાનોમાં આગ લાગતા ભારે અફરા તફરી

## સાત ફાયર ફાઈટરોએ તાકીદે સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સુરતના વરાછા રોડ પર આવેલી જાણીતી ન્યૂ બોમ્બે માર્કેટમાં આજે બપોરે બાર વાગ્યાના સુમારે અચાનક આગ ફાટી નીકળી હતી. માર્કેટની દુકાન નંબર ૧૩૦૩ અને ૧૩૦૪માં લાગેલી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

આ દુર્ઘટનામાં દુકાનમાં રહેલો રેડીમેડ શૂટ, શેરવાની અને અન્ય કિંમતી કાપડનો જથ્થો બળીને ખાક થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ ત્રાણ અલગ-અલગ ફાયર સ્ટેશનની ૭ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

દુકાનના માલિક લક્ષ્મણ સિંગ હતા. ફાયરના જણાવ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વેપારીને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

# મોટા વરાછામાં વહેલી સવારે બ્યુટી પાર્લરમાં લાગેલી આગ

## આગમાં ફર્નિચર, મશીનરી સહિતનો સર સામાન સળગી ગયો

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૧૮**

સુરતના મોટા વરાછા વિસ્તારમાં આગની વધુ એક ઘટના સામે આવી છે. લજામણી ચોક પાસે આવેલા 'અમિત હેર એન્ડ બ્યુટી પાર્લર' નામના સલૂનમાં આજે વહેલી સવારે અચાનક આગ ફાટી નીકળી હતી. સવારના સમયે દુકાનમાંથી ધુમાડા નીકળતા જોઈ સ્થાનિકોમાં ફાળ પડી હતી.

ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર પૂર્ણ રીતે કાબૂ મેળવી લીધો હતો, આગના કારણે સલૂનમાં રહેલું કિંમતી ફર્નિચર, મશીનરી અને બ્યુટી પ્રોડક્ટ્સ સહિતનો સામાન બળી ગયો હતો.પ્રાથમિક તપાસમાં આ આગ પણ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે વહેલી સવારનો સમય હોવાથી સલૂનમાં કોઈ હાજર નહોતું, જેના કારણે જાનહાનિ ટળી હતી.

# રેલવેમાં નોકરીના બહાને યુવક પાસેથી 33.૨૦ લાખ પડાવાયા

## જૂનાગઢના ઠગે રત્નકલાકારને રેલવેનો બોગસ કોલ લેટર પણ મોકલી આપ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

મુળ જુનાગઢના વતની અને હાલ કતારગામ ડુંગરાણી ભવન પાસે રહેતા હીરા મજુરી કામ કરતા યુવકને રેલવેમાં નોકરી અપાવવાની લાલચ આપી જુનાગઢના જ એક આરોપીએ સપ્ટેમ્બર ૨૦૨૧થી અત્યારસુધીના સમયગાળામાં યેનકેન પ્રકારે નોકરીની લાલચ બતાવી ડોક્યુમેન્ટ રેડી કરવાના બહાને તેમજ રેલવેમાં અધિકારીઓને ચુકવવાના બહાને હીરા મજુરી કરતા યુવક પાસેથી કુલ રૂ.૩૩.૧૦ લાખ રોકડ તેમજ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ યુવકના નામનો ખોટો રેલવેનો કોલ લેટર બનાવી છેતરપિંડી કરી હતી. આ મામલે ગઈકાલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ચોકબજાર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ જુનાગઢ વંથલી તાલુકાના શાપુર ગામના વતની અને હાલ કતારગામ હરીઓમ સોસાયટીમાં રહેતો વિજય જીવણભાઇ ચાવડા ઉ.વ.૩૧ હીરા મજુરી કામ કરે છે. દરમિયાન ગત સપ્ટેમ્બર ૨૦૨૧ના સમયગાળામાં વિવેકકુમાર પ્રફુલ ચૌહાણ રહે. શાપુર જુનાગઢના સંપર્કમાં આવ્યો હતો. દરમિયાન વિવેક ચૌહાણે વિજયને રેલવેમાં નોકરી અપાવવાની લાલચ આપી તેની પાસેથી ટુકડે ટુકડે કરીને રોકડ તેમજ ઓનલાઈન કુલ રૂ.૩૩.૧૦ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ રેલવેનો ખોટો કોલ લેટર પધરાવી દીધો હતો.

**પશ્ચિમ રેલવે દ્વારા ઉધના અને રક્સૌલ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે**

| ટ્રેન નંબર | સ્ટેશન (ક્યાંથી - ક્યાં સુધી) | દોડવાના દિવસો | સેવાની તારીખ |
| --- | --- | --- | --- |
| 05560 | ઉધના - રક્સૌલ | રવિવાર | 08.03.2026 |
| 05559 | રક્સૌલ - ઉધના | શનિવાર | 07.03.2026 |

રોકાણ (Halts): બંને દિશામાં ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સિહોર, સંત હિરદારામ નગર, બીના, લલિતપુર, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, બારાબંકી, ગોંડા, ગોરખપુર, કપતાનગંજ, બગહા, નરકટિયાગંજ અને સિક્ટા સ્ટેશનો.

કોચનું માળખું: ફર્સ્ટ એસી, એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

ટ્રેન નંબર 09065/09066 સુરત - છપરા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન અનુક્રમે 30/03/2026 અને 01/04/2026 સુધી લંબાવવામાં આવી છે.

થોભવાના સ્થળો, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 05560 અને ટ્રેન નંબર 09065 ના લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ 18.02.2026 થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC ની વેબસાઇટ પર શરૂ થશ. ઉપરોક્ત ટ્રેનો 'સ્પેશિયલ ભાડા' પર 'સ્પેશિયલ ટ્રેન' તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો